Super Visa/ Visitor to Canada Insurance

- Best Mortgage Rates
- 1st and 2nd Mortgages
- Life and Critical Illness Insurance
- RRSP/RESP/INVESTMENTS

Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ઈંગ્લેન્ડ વિ. ભારત : ભારતનો ૧૦ વિકેટે વિજય

વાંચો પેજ નં. ૨૧

FRIDAY, 26 FEBRUARY, 2021 Vol. 18, No. 09 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## યુએસની ચિંતા ફરી વધી ગઈ

# ન્યૂયોર્કમાં કોરોનાનો નવો વેરિઅન્ટ મળ્યો

## નવા વાઈરસ પર વેક્સિન અસરકારક રહેશે કે નહીં તે અંગે પ્રયોગો શરૂ

ન્યૂયોર્ક : અમેરિકામાં કોરોનાએ ફરી માથું ઊચક્યું છે ત્યારે ફરી એકવાર ચિંતાજનક સમાચાર આવી રહ્યા છે. ન્યૂયોર્ક શહેરમાં વાઈરસનો નવો વેરીઈન્ટ બી.૧.૫૨૬ લોકોમાં જોવા મળ્યો છે જેણે સંશોધકો, વૈજ્ઞાનિકો અને સત્તાવાળાઓની ચિંતા વધારી છે. નવો વેરિઅન્ટ સાઉથ આફ્રિકામાં મળી આવેલા વેરિઅન્ટ સાથે ઘણી સમાનતા ધરાવે છે તે વધુ ઝડપથી સંક્રમણ ફેલાવે છે અને અંકુશમાં રાખવાનું મુશ્કેલ છે તેવું જાણવા મળ્યું છે.

કોલંબિયા યુનિવર્સટી વેગેલોસ કોલેજ ઓફ ફિઝિશિયન્સ એન્ડ સર્જન્સના સંશોધકોના મતે ન્યૂયોર્કમાં સૌ પહેલા નવેમ્બરમાં લેવામાં આવેલા સેમ્પલ્સમાં નવો વેરિઅન્ટ બી.૧.૫૨૬ મળી આવ્યો હતો. ગયા અઠવાડિયા સુધીમાં ૧૨ ટકા કેસોમાં વેરિઅન્ટ હોવાનું જણાવ્યું હતું. કોરોનાની વેક્સિન નવા વેરિઅન્ટ પર અસરકાર રહેશે કે કેમ તે અંગે વૈજ્ઞાનિકો ચિંતામાં મુકાયા છે અને પ્રયોગો હાથ ધર્યા છે. આ વેરિઅન્ટ સાઉથ આફ્રિકામાં મળી આવેલા વેરિઅન્ટ બી.૧.૩૫૧ તેમજ બ્રાઝિલમાં મળેલા વેરિઅન્ટ પી.૧ સાથે સમાનતા ધરાવે છે. દુનિયામાં ગુરુવારે સાંજની સ્થિતિએ કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૧.૩૨ કરોડને આંબી ગઈ હતી. જયારે ૨૫.૧૦ લાખ લોકોએ આ કોરોનાના ખપ્પરમાં જીવ ગુમાવ્યા છે. સમગ્ર દુનિયામાં ગુરુવારે નવા ૪૪૩૫૦૦ કેસ નોંધાયા હતા. જયારે ૧૦૮૪૭ લોકોના મોત થયા હતા.

### છેલ્લા ૨૫ કલાકમાં ૭૫ હજાર કેસ, ૨૫૨૫ના મોત

અમેરિકામાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨.૯૦ કરોડની નજીક પહોંચી છે અને ૨,૮૯,૭૬,૨૫૬ લોકોને ચેપ લાગ્યો છે કુલ મૃતાંક ૫,૧૮,૪૨૧ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૫,૨૯૯ કેસ બહારમાં આવ્યા છે જ્યારે ૨૫૨૫ લોકોએ જીવ ગુમાવવો પડ્યો છે.



### કેનેડાના ટોરોન્ટોમાં પ્રતિબંધોને જુલાઈ સુધી લંબાવાયા

કેનેડાના ટોરોન્ટોમાં કોરોનાનું સંક્રમણ વધી જતાં શાસકોએ જુલાઈ મહિના સુધી પ્રતિબંધો લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ સાથે જ આઉટડોર ઈવેન્ટ્સ બંધ કરાયા છે. સંક્રમણનો ત્રીજો તબક્કો ટોરન્ટો વિસ્તારમાં વધુ ખતરનાક પુરવાર થઈ શકે તેમ છે. અહીં દર વર્ષે યોજાતી પ્રાઈડ પરેડ પણ રદ કરી દેવાઈ છે.

### વેકસિન પાસપોર્ટ મુદ્દે યુરોપિયન સંઘના દેશો વચ્ચે મતભેદો

વેકસિન પાસપોર્ટ સિસ્ટમ દાખલ કરવા મુદ્દે યુરોપિયન સંઘના દેશોમાં મતભેદો સર્જાયા છે. આ સિસ્ટમ હેઠળ જે લોકોએ કોરોનાની વેકસિન લીધી છે તેવા લોકો કોઈપણ અવરોધ વગર યુરોપિયન સંઘના દેશમાં અવરજવર કરી સકે છે. તેમણે વેકસિન લેવા અંગેનો ડિજીટલ પુરાવો રજૂ કરવાનો રહેશે. જેને વેકસિન પાસપોર્ટ ગણવામાં આવશે. ગ્રીસ અને સ્પેને આ સિસ્ટમ માટે સંમતિ આપી છે જયારે ફ્રાન્સ અને જર્મનીએ આ પદ્ધતિ સામે સવાલો ઉભા કર્યા છે. બીજી તરફ ડબલ્યુએચઓ દ્વારા આખી દુનિયામાં કોરોનાની વેકસિન પહોંચાડવાનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. જે અંતર્ગત અસ્ટ્રાઝેનેકાની વેકસિનના ૬ લાખ ડોઝનો પહેલો જથ્થો ઘાનાની રાજધાની અક્રા પહોંચાડવામાં આવ્યો છે.

## નીરવ મોદીના ભારત પ્રત્યાર્પણ માટે લંડનની કોર્ટે મંજૂરી આપી

લંડન : પીએનબી ગોટાળાના મુખ્ય આરોપી અને ભાગેડુ નીરવ મોદીની અરજી લંડનની કોર્ટે આજે ફગાવી દીધી છે. કોર્ટે તેના ભારત પ્રત્યાર્પણ માટે મંજુરી આપી દીધી છે. કોર્ટે કહ્યું કે, ભારતની ન્યાયપાલિકા નિષ્પક્ષ છે. વેસ્ટમિંસ્ટર મેજિસ્ટ્રેટ કોર્ટના જજ સેમુઅલ ગોજીએ નિર્ણય સંભળાવતા કહ્યું કે, આ સંપૂર્ણપણે સ્પષ્ટ છે કે નીરવ મોદીને ભારતમાં ઘણાં સવાલોના જવાબ આપવાના છે. ભારતમાં જવા પર તેને દોષિત ઠેરવવાની સંપૂર્ણ સંભાવના છે. જજે એ પણ કહ્યું કે, નીરવ મોદી તરફથી આપવામાં આવેલા અનેક નિવેદનો પરસ્પર બંધ નથી બેસતા. પહેલી દ્રષ્ટિએ પુરાવી નિરવની વિરુદ્ધમાં છે. સાથે જ કોર્ટે એ પણ કહ્યું કે, એ વાતના કોઈ પુરાવા નથી કે જો તેમને ભારત પ્રત્યાર્પિત કરવામાં આવે તો તેની સાથે ન્યાય નહી થાય. ભારતની ન્યાયપાલિકા નિષ્પક્ષ છે. કોર્ટે માનસિક સ્વાસ્થ્યને લઈને નીરવ તરફથી લગાવવામાં આવેલી અરજી ફગાવી છે. કોર્ટના આ નિર્ણય બાદ નિરવને ભારત લાવવાનો માર્ગ સાફ થયો છે. જોકે તેના તરત જ ભારત આવવાની શક્યતા નથી. કોર્ટના નિર્ણય બાદ નિરવ મોદી માટે ઉપલી કોર્ટમાં જવાનો વિકલ્પ હશે. નિર્ણયની વિરુદ્ધમાં હાઈકોર્ટમાં અપીલ કરી શકે છે. તે સિવાય તેની પાસે માનવાધિકારોની વાત રાખી યૂરોપિયન કોર્ટમાં જવાનો વિકલ્પ પણ હશે.



### ગુજરાતના છ મહાનગરોમાં ભાજપનો ડંકો, કોંગ્રેસ સાફ

વાંચો પેજ નં. ૧૩-૧૪-૧૫

ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

SUPER VISA INSURANCE

Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

- Residential
- New Condos
- Investments
- Commercial

દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222

RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

RUMA LAW OFFICE
- Real Estate Law
- Family Law (Legal Aid Certificate Accepted)
- Wills and Estates
- Affidavit and Power of Attorney
- Immigration Law
- Legal Documentation and Notarization


Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

S&S LAWYERS LLP
- Real Estate
- Litigation
- Wills and Estates
- Affidavit and Power of Attorney
- Notarization
- Family Law
- Corporation / Commercial Transactions
- Franchise Closing

Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002

1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કલાઈમેટ ચેન્જનો મુદ્દો કોરોના જેટલો જ મહત્વનો : ટ્રુડો

## અમેરિકન રાષ્ટ્રપ્રમુખ બાઈડન સાથેની પહેલી મુલાકાતમાં ટ્રુડોની ટીપ્પણી કસમયની બની ગઈ

ઓટાવાઃ વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને મંગળવારે નવા પાર્ટનરશીપ રોડમેપને ખુલ્લો મુકયો હતો. જેમાં નવા યુગના લક્ષ્યો અને પરસ્પરના સંબંધોમાં નવી ઉર્જા લાવવાના પગલાઓનો સમાવેશ થાય છે.

ગયા મહિને ડોનાલ્ડ ટ્રમ્પની વિદાય બાદ ટ્રુડો સાથેની બાઈડનની આ પ્રથમ વર્ચ્યુઅલ મુલાકાત હતી. જે અમેરીકન રાષ્ટ્રપ્રમુખની વિશ્વના નેતાઓ સાથેની દ્વિપક્ષીય મુલાકાતોના આરંભરૂપ હતી. આ મુલાકાતમાં ટ્રુડોએ કરેલી ટીપ્પણી ધ્યાન ખેંચનારી હતી કે કલાઈમેટ ચેન્જની આગેવાની લેવામાં અમેરીકન નેતાગીરી થાપ ખાઈ ગઈ છે.

જો કે, આ મુલાકાતનો આશય કલાઈમેટ ચેન્જની ચર્ચાનો નહોતો. પરંતુ કોવિડ-૧૯ મહામારી સામે બંને દેશોએ કેવી રણનીતિ અપનાવવી એની ચર્ચાનો હતો. જો બાઈડને એ વિશે કહ્યું હતું કે, અમે સાથે મળીને આ ખતરાને પહોંચી વળવા પ્રતિબધ્ધ છીએ.

વિશ્વ આરોગ્ય સંગઠનના આરોગ્ય સલામતીના એજન્ડાને પાળવા તથા વૈશ્વિક સ્તરે એનુ પાલન થાય એ માટે સહકાર આપવા તૈયાર છીએ તેમજ વિનાશક શસ્ત્રોના પ્રસારનો વિરોધ કરીએ છીએ. અમે બધી રીતે પારદર્શિતાનો આગ્રહ રાખીને આગળ વધવા માંગીએ છીએ. બંને નેતાઓએ કહ્યું હતું કે, મહામારીને કારણે સમાજમાં રહેલી અસમાનતા પ્રકાશમાં આવી છે અને એ તરફ હવે ધ્યાન આપવું જરૂરી બન્યું છે. બાઈડને કહ્યું હતું કે અમે બંને મોટા લોકતંત્રના આગેવાન હોવાથી વિશ્વ પ્રત્યેની અમારી જવાબદારી પણ સમજીએ છીએ અને એ પુરી કરવા કટિબધ્ધ છીએ. આ વર્ચ્યુઅલ મિટીંગ સમયે ડેપ્યુટી પ્રાઈમ મિનીસ્ટર ક્રિસ્ટીયા ફ્રીલેન્ડ અને વિદેશ પ્રધાન માર્ક ગ્રેનેઉ પણ હાજર હતા. જયારે અમેરિકા તરફથી વાઈસ પ્રેસીડેન્ટ કમલા હેરીસ અને સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટોની બ્લીન્કેન વ્હાઈટ હાઉસમાં ઉપસ્થિત રહ્યા હતા.



# ઓનલાઈન પ્લેટફોર્મસ ઉપર નિયંત્રણો લાદવાની કવાયતમાં કેનેડા પણ જોડાયું



### • ઓસ્ટ્રેલિયાના કાનૂનને પગલે ફેસબુક અને ગુગલ જેવી કંપનીઓ વળતર ચુકવવા તૈયાર થઈ

ઓટાવા : જસ્ટીન ટ્રુડો અને તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ સ્કોટ મોરીસને વેબ જાયન્ટસ પાસેથી સમાચારો પુરા પાડનારાઓને વળતર ચુકવવા માટેના પ્રયાસો માટે સાથે રહેવાનું નક્કી કર્યુ હોવાનું મંગળવારે એક જાહેર યાદીમાં જણાવાયું હતું. બંને વડાપ્રધાનોએ સોમવારે ઓનલાઈન પ્લેટફોર્મ અને સોશિયલ મીડિયા કંપનીઓએ સમાચારો માટે ચુકવણું કરવા સહિતના અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી એમ અખબારી યાદીમાં જણાવાયું હતું. ઓનલાઈન પ્લેટફોર્મસ ઉપર નિયંત્રણો લાદવામાં કેનેડા અને ઓસ્ટ્રેલિયા વચ્ચેનો સહકાર વધી રહ્યો છે. કેમ કે, ફેસબુકે ગત અઠવાડિયે ઓસ્ટ્રેલિયામાં યુઝર્સ પ્લેટફોર્મ પરના સમાચારો જોઈ કે શેર ન કરી શકે એમ જાહેર કર્યુ હતું. હવે મંગળવારે કેનેડા અને ઓસ્ટ્રેલિયાની જાહેરાતને પગલે સોશિયલ મીડિયા કંપનીએ એ પ્રતિબંધ ઉઠાવી લેવાની જાહેરાત કરી હતી. ઓસ્ટ્રેલીયન સરકારે જે ખરડો પસાર કર્યો હતો. ડીજિટલ જાયન્ટસ હવે સમાચારો માટે ચૂકવણી કરવા તૈયાર થયા છે.

ઓસ્ટ્રેલિયાના પગલે કેનેડાએ પણ એવો ખરડો પસાર કરવાનું નક્કી કર્યુ હોવાનું હેરીટેજ મિનીસ્ટર સ્ટીવન ગુલિબોલ્ટે જણાવ્યું હતું. જેથી કેનેડાની મીડિયા કંપનીઓને એમના કન્ટેન્ટ માટે ફેસબુક વળતર ચુકવશે. ઓસ્ટ્રેલિયાની સંસદમાં ડ્રાફટ કાનૂન રજુ થયો કે, તરત જ ફેસબુકે ગયા અઠવાડિયે ઓસ્ટ્રેલિયામાં એમના પ્લેટફોર્મ પર સમાચારો રજુ કરવા પર પ્રતિબંધ જાહેર કર્યો હતો. ઓસ્ટ્રેલિયાના કાનૂનને પગલે ફેસબુક અને ગુગલ જેવી કંપનીઓ વળતર ચુકવવા તૈયાર થતાં મીડીયા કંપનીઓને રાહત થઈ છે. જો કે, ફેસબુક હજુ પણ ઓસ્ટ્રેલિયન પ્રકાશકો સાથે આ બાબતે ચર્ચા કરવાનું વિચારે છે. કન્ટેટ લાયસન્સને મુદ્દે ઓકટોબરમાં લોન્ચીંગ થયું ત્યારથી આ પ્લેટફોર્મ સાથે ૫૦ ઓસ્ટ્રેલિયન પ્રકાશકો અને વિશ્વભરના ૫૦૦ પ્રકાશકો જોડાયેલા રહ્યા છે. હવે બંને કંપનીઓ એ યાદીમાંથી પસંદગીના પ્રકાશકોના કન્ટેન્ટ લેશે.

# IRCC માટે નવું પ્લેટફોર્મ વિકસાવાશે IBMને ૧.૫ મિલીયન ડોલરનો કોન્ટ્રાકટ

### • વર્ચ્યુઅલ પાસપોર્ટ એપથી રીયલ ડેટાને જોખમ હોવાની નિષ્ણાંતોની ચેતવણી

ટોરોન્ટો : કેનેડાના પ્રાઈવસી નિષ્ણાંતોએ ફેડરલ સરકારના ઓનલાઈન પાસપોર્ટ માટેના એપને વિકસાવવાના નિર્ણય સામે ચિંતા વ્યકત કરી હતી. એમના મત મુજબ ઓનલાઈન પાસપોર્ટ એપની પ્રક્રિયા દરમિયાન અરજદારોની અંગત જાણકારી લીક થવાની અને એનો દુરૂપયોગ થાય એવી સંભાવનાઓ છે. આઈબીએમ કેનેડાને આ એપ વિકસાવવાનો કોન્ટ્રાકટ ૧.૫ મિલીયન યુએસ ડોલરમાં અપાઈ ચુકયો છે. જે એવું સોફટવેર વિકસાવશે જેના ઉપયોગથી કેનેડીયનો પાસપોર્ટ માટે પોતાના સ્માર્ટફોનથી ઓનલાઈન એપ્લીકેશન કરી શકશે.

આ નવા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને અરજદાર ફી પણ ઓનલાઈન જ ભરી શકશે અને પાસપોર્ટ માટેનો ફોટો અપલોડ કરી શકશે.

ઈમિગ્રેશન, રેફયુજીસ એન્ડ સિટીઝનશીપ કેનેડાની યાદી મુજબ આ શકય છે. પરંતુ પ્રાઈવસી નિષ્ણાંતોના મતે એમાં અરજદારની અંગત જાણકારી વિદેશી સર્વિસ ઉપર સ્ટોર થશે. જેનો ઉપયોગ કરી ગુનેગારો એમને શિકાર બનાવી શકશે. યુનિવર્સિટી ઓફ કયુબેક અને મોન્ટ્રીયલ અને કેનેડા રીસર્ચ ચેર ઓન પ્રાઈવસી એન્ડ ડેટા પ્રોટેકશન પ્રોફેસર સેબેસ્ટીયન ગેમ્બસે કહ્યું હતું કે, અરજદારોની જાણકારી કયાં સ્ટોર કરાશે એ મહત્વનું બની રહે છે. જેની જાણકારી સરકાર કે આઈબીએમ કેનેડાએ આપી નથી. જો કે, ટેન્ડર મુજબ આ જાણકારી એમેઝોન વેબ સર્વિસીસના સર્વર ઉપર જશે. જે અમેરીકન ઓનલાઈન રીટેઈલ જાયન્ટની કલાઉડ કોમ્પ્યુટીંગ શાખા છે. જયારે આપણે અમેરીકન કંપની સાથે બિઝનેસ કરીએ છીએ ત્યારે પણ આપણે આપણો ડેટા કેનેડામાં જ થાય એવી સમજૂતિ કરીએ છીએ.

# ઉઈગર મુસ્લિમોના નરસંહાર મુદ્દે વોટિંગ સમયે પીએમ જસ્ટીન ટ્રુડોની ગેરહાજરી

### • હાઉસ ઓફ કોમન્સમાં ૨૬૬ સભ્યોની તરફેણ સાથે પ્રસ્તાવ પસાર થયો

ઓટાવા : કેનેડાના નીચલા ગૃહ હાઉસ ઓફ કોમન્સમાં ચીનને ૧૦ લાખ ઉઈગર મુસ્લિમોના નરસહંરા માટે દોષી જાહેર કરવા મતદાન થયુ હતુ. આશ્ચર્યજનક રીતે આ મતદાનમાં કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડો અને તેમની કેબિનેટના સભ્યો ગેરહાજર રહ્યા હતા. જસ્ટિન ટ્રુડો ચીનથી ડરીને અને ચીનને નારાજ કરવા ના માંગતા હોય તેવુ સ્પષ્ટપણે લાગ્યુ હતુ.

આ એ જ ટ્રુડો છે જે ભારતમાં ખેડૂત આંદોલનને સમર્થન જાહેર કરીને ભારતની આંતરિક બાબતોમાં બોલી ચુક્યા છે. જો કે, ચીન સામે તેમની બોલતી બંધ હોવાનો વધુ એક પૂરાવો આજે દુનિયાને જોવા મળ્યો હતો.

હાઉસ ઓફ કોમન્સમાં જોકે આ પ્રસ્તાવ સર્વસંમતિથી પસાર થયો હતો. ૨૬૬ સભ્યોએ પ્રસ્તાવના સમર્થનમાં મત આપ્યો હતો. એક પણ સભ્યે આ પ્રસ્તાવના વિરોધમાં મતદાન કર્યુ ન હતુ. આ પ્રસ્તાવમાં ૨૦૨૨ની વિન્ટર ઓલિમ્પિકના આયોજનની સમિતિમાંથી ચીનને હટાવવાનો ઉલ્લેખ કરાયો છે. કેનેડામાં સંસદના નીચલા ગૃહમાં વિપક્ષોની સંખ્યા વધારે છે. વિપક્ષી કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા એરિન ટુલે કહ્યુ હતુ કે, આ મતદાન થકી ચીનને આકરો સંદેશ આપવો જરુરી હતો.

# રિઅલ એસ્ટેટને મંદીમાંથી બહાર આવતાં હજુ સમય લાગશે : બેંક ઓફ કેનેડા

ઓન્ટેરિયો : કેનેડાના હાઉસિંગ માર્કેટમાં તેજીના સંકેતોને પારખી જઈને બેંક ઓફ કેનેડાના ગવર્નર ટીફ માકલેમે જો કે હજુ સુધી વ્યાજદર વધારવાનું વિચાર્યુ નથી. કેમ કે, કોવિડ-૧૯ને કારણે સર્જાયેલી મંદી અને અર્થતંત્ર અને રોજગારીની નબળી સ્થિતિમાંથી બહાર આવવામાં હજુ થોડો સમય લાગી શકે છે. આમ છતાં મંગળવારે તેમણે કાલગેરી અને એડમોન્ટનની ચેમ્બર ઓફ કોમર્સને સંબોધન કરતી વખતે કહ્યું હતું કે, એમની બેંક અર્થતંત્રને પ્રોત્સાહિત કરવા વર્ષ ૨૦૨૩ સુધી આર્થિક રાહતો આપશે.

જો કે, રીયલ એસ્ટેટ માર્કેટ માટેના નિયમોમાં થોડો ફેરફાર થવાના સંકેતો પણ તેમણે આપ્યા હતા. તેમણે કહ્યું હતૂં કે, હાઉસિંગ સેકટરમાં લાંબા સમય સુધી ઓછા વ્યાજે ધિરાણ આપવાનુ જોખમ છે. એટલે એ તરફ અમે ખાસ ધ્યાન આપી રહ્યા છીએ. કેટલાક નિરીક્ષકો માને છે કે, કેનેડીયન હાઉસિંગ માર્કેટ અપેક્ષાથી વધુ ઝડપથી આગળ વધી રહયું છે. જે રીયલ એસ્ટેટ સેકટરમાં મંદી રહેવાની તમામ આગાહીઓને ખોટી પાડી રહયું છે. જો કે, મેકલેમે એમ પણ કહ્યું હતું કે બેંકની ગણતરી મુજબ તો અર્થતંત્ર આ વર્ષના અંત સુધીમાં સુધારા તરફ વળશે. આમ છતાં કેનેડામાં વધી રહેલી બેરોજગારીને કારણે અર્થતંત્રને હજુ વધુ સમય માટે મદદની જરૂર પડી શકે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ઘણી એવી નોકરીઓ જતી રહી છે. જે હવે કદાચ પાછી નહીં પણ આવે. લાંબાગાળાની બેરોજગારીનો ભોગ લાખો લોકો બની રહ્યા છે. લેબર માર્કેટમાં તંગીની અસર કેનેડીયન વર્કફોર્સ ઉપર પણ પડી શકે છે.

# ઓન્ટેરિયોમાં વિકેન્ડ સિસ્ટમ બદલાઈ વાતાવરણમાં અચાનક પલટો દેખાયો

### • શનિવારે ભારે વરસાદ કે બરફ વર્ષા થવાની આગાહી વ્યક્ત કરાઈ

ઓન્ટેરિયો : મોટાભાગના દક્ષિણ ઓન્ટેરિયોમાં ડીસેમ્બરથી રવિવારે હુંફાળું તાપમાન રહેવા માંડયું હતુ. અને તાપમાનનો પારો બે આંકડામાં જોવા મળ્યો હતો. હવે શુક્રવારની રાતથી જ વાતાવરણમાં ફેરફાર આવી જતો હતો.

જો કે બરફવર્ષા કે ઠંડી હવાઓને કારણે પણ ફેરફારો થતા રહ્યા. હજુ આગળ પણ હવામાન અનિશ્ચિત રહેશે પણ વિકેન્ડમાં ગરમાટો જોવા મળશે. શુક્રવારે સારૂં વાતાવરણ રહેશે અને પુરતો સૂર્યપ્રકાશ રહેશે પણ રાત્રે એ હવામાન એકદમ ઠંડુ પણ રહેશે. જો કે એ પણ કાયમી નહીં હોય. આવનારા વિકેન્ડમાં પણ વાતાવરણ અનિશ્ચિત રહેશે.

કયારેક કાળા વાદળો ઘેરાશે છતાં હવામાન હુંફાળું જ રહેશે. જાણે શિયાળો નહીં પણ પાનખર આવી ગઈ હોય. આગાહી કરનારાઓનું ધ્યાન શુક્રવારની રાતના હવામાન પર જ રહેશે. શનિવારે પણ વાતાવરણ એવું જ રહેશે. જો કે, મોટુ તોફાન નહીં આવે છતાં બરફ વર્ષા અને ભારે વરસાદ થઈ શકે છે એમ બુધવારે વેધર નેટવર્કના હવામાનશાસ્ત્રી ડો. ડગ ગિલહામે કહ્યું હતું.

# કેનેડામાં કોરોનાઃ નવા ૨૦૧૮ સંક્રમિત, ૩૮ મોતને ભેટ્યા

## સમગ્ર દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩૦૫૧૦, હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૫૮૮ની હાલત અત્યંત નાજૂક

ઓન્ટેરિયો : કેનેડામાં કોરોના વાયરસનું સંક્રમણ યથાવત રહ્યું હોય તેમ ગુરુવારે સાંજ સુધીના વિતેલા ૨૪ કલાકમાં વધુ ૨૦૧૮ સેમ્પલ કોરોના પોઝિટિવ આવ્યા હતા. જયારે આ જ સમયગાળામાં ૩૮ લોકોના મોત નિપજ્યા હોવાના અહેવાલો છે.

સુત્રો પાસેથી મળતી વિગતો એવી છે કે, કેનેડામાં કોરોનાને રોકવાના તમામ પ્રયાસો છતાં સંક્રમણ આગળ વધી રહ્યું છે. ગુરુવારે સમગ્ર દેશમાં ૨૦૧૮ નાગરિકોમાં કોરોના વાયરસની પૃષ્ટિ થઈ હતી. જયારે આ જ સમયગાળામાં દેશની વિવિધ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૩૮ નાગરિકોનો મોત થવા સાથે કુલ મૃતાંક ૨૧૮૪૫ નોંધાયો હતો. ઓન્ટેરિયોમાં નવા ૧૧૩૮ બ્લડ સેમ્પલોમાં કોરોના વાયરસ દેખા દીધો હતો. ગુરુવારે પ્રાંતમાં ૨૩




લોકોના મોત થવા સાથે ૧૦૯૪ દર્દીઓને રિકવરી આવી હોવાનું નોંધાયું હતુ. એ જ રીતે મોનીટોબામાં નવા ૭૦ દર્દી મળી આવવા સાથે એક દર્દીના મોતના અહેવાલો મળ્યા હતા. મોનીટોબામાં ગુરુવારે ૫૬ દર્દી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. સાસ્કેચવાનમાં નવા ૨૧૧ દર્દીઓ મળ્યા હતા. અહીં એક દર્દીએ દમ તોડ્યો અને ૧૪૨ દર્દીઓ સાજા થયાનું જાણવા મળ્યું હતુ. વધુમાં ન્યુ ફાઉન્ડલેન્ડમાં નવા ૧૦ નાગરિકોને કોરોના વાયરસનો ચેપ લાગ્યો હતો. અહીં ૨૦ દર્દીઓને રિકવરી આવી હતી.

સમગ્ર દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૩૦૫૧૦ રહેતા સરકાર અને આરોગ્ય વિભાગની ચિંતા યથાવત રહી હતી. સુત્રોના જણાવ્યા મુજબ ૫૮૮ દર્દીઓની હાલત અત્યંત નાજૂક છે.

# શિસ્તભંગની તપાસ શરૂ થતાં મિલીટરી કમાન્ડર આર્ટ મેકડોનાલ્ડનું રાજીનામું

**• મેકડોનાલ્ડના સ્થાને લેફટનન્ટ જનરલ વેન આયરેની નિમણુંક કરાઈ**

ટોરોન્ટો : કેનેડાના નવા ટોચના મિલીટરી કમાન્ડર આર્ટ મેકડોનાલ્ડે સ્વૈચ્છિક ધોરણે પોતાનું પદ છોડી દીધું હતું. કેમ કે, તેમની સામે ગેરશિસ્તના આરોપોની તપાસ કેનેડીયન ફોર્સીસ નેશનલ ઈન્વેસ્ટીગેશન સર્વિસે શરૂ કરી હતી. સંરક્ષણ મંત્રી હરજીત સજજને બુધવારે રાત્રે ૧૧ વાગ્યા બાદ એક નિવેદન ઓનલાઈન પોસ્ટ કરી જણાવ્યું હતું કે, ગેરશિસ્તના આરોપોની ગંભીરતાથી તપાસ હાથ ધરાશે.

ગેરશિસ્ત કોઈ પણ રીતે ચલાવી શકાય નહીં. પછી એ ગમે તે સ્તરે હોય. એમાં હોદ્દાનું કોઈ મહત્વ નથી હોતું. જો કે તેમણે ગેરશિસ્ત કયા પ્રકારની હતી એ વિશે કોઈ સ્પષ્ટતા કરી નહોતી. તેમણે મેકડોનાલ્ડના સ્થાને લેફટનન્ટ જનરલ વેન આયરેની નિમણુંક કરી હતી. જે હાલમાં આમી કમાન્ડરની જવાબદારી સંભાળે છે. મેકડોનાલ્ડની નિમણુંક ૨૩મી ડીસેમ્બરે થઈ હતી. અને તેમણે ૧૪મી જાન્યુઆરીથી પદભાર સંભાળ્યો હતો. તેમની નિમણુંક ભૂતપૂર્વ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ જોનાથન વાન્સને સ્થાને થઈ હતી. જેમની સામે પણ નેશનલ ઈન્વેસ્ટીગેશન સર્વિસે તપાસ શરૂ કરી હતી. તેમની સામે સેનાના નિયમોનો ભંગ કરવાનો આરોપ હતો. આ અગાઉ મેકડોનાલ્ડે ઓનલાઈન કોઈ ફોટો મુકવાથી સર્જાયેલા વિવાદ બદલ માફી માંગી હતી.

# કેનેડામાં નવા હોટેલ ક્વોરન્ટાઈન નિયમનો અમલ શરૂ, પરંતુ બુકિંગ કરવામાં મુશ્કેલી

**• ફેડરલ સરકારે નિર્ધારિત કરાયેલી ૧૮ હોટેલોની યાદી ઓનલાઈન મુકી પરંતુ બુકિંગ માટે ફોન લાગતા જ નથી**

ઓન્ટેરિયો : સોમવારથી કેનેડામાં પ્રવેશનારા દરેક હવાઈ પ્રવાસીએ નવા નિયમો પાળવા પડશે. જેમાં ફરજિયાત હોટેલ ક્વોરન્ટાઈનનો પણ સમાવેશ થાય છે. નવા નિયમોમાં કેટલીક ગુંચવણો પણ જોવા મળી રહી છે. કેટલાક પ્રવાસીઓને સરકારી ફોન લાઈન હોટેલ બુકિંગ માટે મળતી નથી અથવા તેમને આ નિયમના પાલનથી છૂટ કેવી રીતે મળી શકે એની જાણ નથી.

અહીં કેટલીક જરૂરી જાણકારી ઉપલબ્ધ કરાવીએ છીએ. જેમાં હોટેલ ક્વોરન્ટાઈનનો ખર્ચ આવશે એની પણ માહિતી છે. મોટાભાગના પ્રવાસીઓએ કેનેડામાં ઉતરાણ બાદ કોવિડ-૧૯ ટેસ્ટ કરાવી એમના ૧૪ દિવસના ક્વોરન્ટાઈનના ઓછામાં ઓછા ત્રણ દિવસ નક્કી કરાયેલી હોટેલમાં વિતાવવા પડશે. ત્યાં સુધીમાં એમના ટેસ્ટનું પરીણામ આવી જાય. પ્રવાસીઓએ કેનેડા આવતા પહેલાં હોટેલનું બુકિંગ અગાઉથી કરાવી લેવાનું રહે છે. શુક્રવારે ફેડરલ સરકારે નિર્ધારીત કરાયેલી ૧૮ હોટેલોની યાદી ઓનલાઈન મુકી હતી. પરંતુ એમાં ઓનલાઈન બુકિંગનો વિકલ્પ નહોતો. એટલે પ્રવાસીઓએ હોટેલ રીઝર્વેશન માટેની ચોક્કસ ફોનલાઈનનો જ ઉપયોગ કરવો પડે. જેવી ફોન લાઈન શરૂ કરાઈ કે તરત જ એના વિશેની ફરીયાદો સોશિયલ મિડીયા પર આવવા માંડી કે ઘણી રાહ જોયા પછી પણ ફોન લાગતા નથી અને લાગે છે ત્યારે ઘણો સમય ફોનને હોલ્ડ પર રખાય છે.

કયારેક ફોન કપાઈ પણ જાય છે. શુક્રવારની પત્રકાર પરિષદમાં સરકારે કહ્યું હતું કે, ફોનની સમસ્યા પર તરત જ ધ્યાન અપાશે. જો કે, મીડિયાને મળેલી માહિતી મુજબ હજુ પણ ઘણાં પ્રવાસીઓને ફોનથી હોટેલ બુક કરાવવામાં સફળતા મળી નથી. વિનીત નાયરે રવિવારે જણાવ્યું હતું કે એ શુક્રવારથી હોટેલ બુકિંગ માટે ફોન લગાડી રહ્યા હતા.







# મહાનગરોમાં દબદબો છતાં ભાજપ માટે 'આપ'ની એન્ટ્રી ચિંતાજનક

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ગુજરાતમાં મોટા શહેરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગર મ્યુનિસિપાલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપને ફતેહ મેળવી છે. ધારણા પ્રમાણે આ તમામ મહાનગરોમાં ભાજપ સત્તા જાળવી રાખવામાં સફળ થયો છે. આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસને એવી પછડાટ ખાવી પડી છે કે, પાંચ શહેરોમાં તો તે વિપક્ષમાં બેસી શકે તેટલી બેઠકો પણ મેળવી શક્યું નથી. અનેક ઉમેદવારોએ ડીપોઝીટ પણ ગુમાવી દીધી છે. આ ઘટનાક્રમ સાથે સૌથી મહત્વની બાબત ગુજરાતમાં આમ આદમી પાર્ટીની એન્ટ્રીની રહી છે. ગત રવિવારે થયેલા મતદાનમાં બપોર સુધી તદન નિરસ વાતાવરણ રહ્યું હતુ. તેને કારણે શહેરોમાં મતદાન માંડ ચાલીસ ટકા થવાની ગણતરી હતી. જો કે, બપોર બાદ ભાજપ નેતાઓ અને કાર્યકરોએ પરસેવો પાડ્યો અને ટકાવારી સરેરાશ ૪૮ ટકા રહી. આ સમયે કોંગ્રેસીઓ હરખાતા હતા. કારણ કે ઓછુ મતદાન થાય તે સમયે ભાજપને નુકસાન થાય તેવી માન્યતા છે. કોંગ્રેસીઓ કહી રહ્યા હતા કે, ભાજપના કુશાસન અને ગેરવહીવટ સામે જનતા નારાજ છે. તેથી મતદાન કરવા માટે લોકો નીકળ્યા નથી. જો કે, કોંગ્રેસીઓની આ ધારણાને પરિણામોએ ખોટી પાડી દીધી હતી. ગુજરાતમાં લોકોએ કોંગ્રેસની કોઈ વાત માની નહીં અને તેને તમામ મહાનગરોમાં ભૂંડો પરાજય આપ્યો. ભાજપે તમામ છ મ્યુનિસિપલ કોર્પોરેશન ફરી કબજે કરીને સાબિત કર્યું છે કે, શહેરી વિસ્તારો હજુય ભાજપનો ગઢ છે. કોંગ્રેસ આ વિસ્તારમાં ભાજપને હરાવી શકે તેમ નથી.

કોંગ્રેસ માટે શરમજનક વાત તો એ છે કે, છ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી પાંચ કોર્પોરેશનમાં તો કોંગ્રેસની બેઠકોની સંખ્યા બે આંકડે પણ નથી પહોંચી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૧૯૨ બેઠકો છે. જ્યાં કોંગ્રેસ બે આંકડે પહોંચી છે. જો કે આ આંકડો પણ બહુ હરખાવા જેવો નથી કેમ કે કુલ બેઠકોમાં કોંગ્રેસની બેઠકોની સંખ્યા વીસ ટકા પણ નથી. અમદાવાદમાં પણ ભાજપે બે તૃતિયાંશ કરતાં વધારે બેઠકો જીતીને કોંગ્રેસને સાવ સાફ કરી દીધી છે. કોંગ્રેસની સૌથી શરમજનક હાલત તો રાજકોટમાં થઈ છે. રાજકોટ કોર્પોરેશનની કુલ ૭૨ બેઠકો છે. તેમાંથી કોંગ્રેસે સમ ખાવા પૂરતી ચાર બેઠક જીતી છે. ગુજરાતમાં છેલ્લે ૨૦૧૫માં આ છ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી થઈ ત્યારે રાજકોટ જ એવું શહેર હતું કે જ્યાં કોંગ્રેસે ભાજપને ફીણ પડાવી દીધું હતુ. એક તબક્કે બંને પક્ષે ૩૪-૩૪ બેઠકો જીતી હતી. અને છેલ્લા વોર્ડનું પરિણામ વિજેતા નક્કી કરે એવી રસાકસી જામી હતી. ભાજપે છેલ્લો વોર્ડ જીતીને પોતાની બેઠકોનો આંકડો ૩૮ પર પહોંચાડ્યો હતા. કોંગ્રેસે રાજકોટમાં જે લડત આપી તેના પર સૌ વારી ગયેલા પણ પાંચ વર્ષમાં જ કોંગ્રેસે લડ્યા વિના શરણાગતિ સ્વીકારવાની હાલતમાં આવી ગઈ છે.

આ સ્થિતિ એટલા માટે આવી છે કે, કોંગ્રેસે પાટીદારોને સાચવ્યા નથી. જો કે, કોંગ્રેસની ભૂંડી હાર થઈ તેનાથી કોઈને આશ્ચર્ય નથી. પરંતુ આમ આદમી પાર્ટી (આપ) અને અસદુદ્દીન ઓવૈસીની ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ એ મુસ્લિમન (એઆઈએમઆઈએમ)એ કરેલા દેખાવે સૌને ચોક્કસ દંગ કરી દીધા છે. 'આપ' પહેલી વાર પૂરી તાકાતથી ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મેદાનમાં હતા. અને પહેલા પ્રયત્ને 'આપ'એ સૌને પ્રભાવિત કર્યા છે.

'આપ'ની બેઠકોનો આંકડો એટલો મોટો નથી. ચાર કોર્પોરેશનમાં તો 'આપ'નું ખાતું પણ નથી ખૂલ્યું. પરંતુ આ બંને પક્ષે અમદાવાદ અને સુરતમાં સારો દેખાવ કર્યો છે. અમદાવાદમાં એઆઈએમઆઈએમએ સાત બેઠકો જીતી છે. જયારે 'આપ'એ તો સુરતમાં કોંગ્રેસને સાવ સાફ કરી નાંખી ૨૭ બેઠકો અંકે કરી છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપ સરળતાથી જીત્યો છે પણ આ જીત ભાજપ ધારતો હતો એવી ભવ્ય નથી. સુરત કોર્પોરેશનની ૧૨૦ બેઠકો છે તેમાંથી ૧૧૦ બેઠકો જીતવાની ભાજપ વાતો કરતો હતો. 'આપ' ક્યાંય ચિત્રમાં જ નથી એવું પણ ભાજપ કહેતો હતો. આમ છતાં 'આપ' સુરતમાં બીજા નંબરે આવ્યો છે. કેજરીવાલની પાર્ટીએ એક ઈનીંગમાં ધમાકેદાર બેટીંગ કરીને ૨૭ બેઠકો જીતી લીધી છે.

હાલ ભાજપને સીધું નુકસાન થયું નથી. પણ 'આપ'નો દેખાવ ભાજપ માટે ચિંતાનો વિષય છે. કારણ કે, ભાજપના વરસોથી ગઢ મનાતા શહેરી વિસ્તારોમાં તેણે પ્રવેશ કર્યો છે. આ વિસ્તારોમાં મધ્યવર્ગના લોકો આમ આદમી પાર્ટી વિશે વિચારવા માંડ્યા છે. દિલ્હીમાં કેજરીવાલ સરકારની વાતોની ચર્ચા હવે ગુજરાતના શહેરોમાં થવા માંડી છે. જો આજ ટ્રેન્ડ રહ્યો તો આવનારી ચૂંટણીમાં ભાજપને સૌથી મોટો પડકાર આપનો બની રહેશે. દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ સરકારનું શાસન આવ્યું પછી દિલ્હી શહેરની કેવી કાયાપલટ કરી દેવાઈ તેનો જોરદાર પ્રચાર 'આપ' કરે છે. આ પ્રચારથી દેશમાં ગ્રામીણ મતદારો બહુ પ્રભાવિત નથી પણ શહેરી મતદારો ચોક્કસ પ્રભાવિત થાય છે. ભાજપ શાસનમાં મધ્યમ વર્ગનો મરો થઈ ગયો છે. શિક્ષણ અને સ્વાસ્થ્યના અધધધ ખર્ચના કારણે તેની મુશ્કેલી વધી રહી છે. પેટ્રોલ અને મોંઘવારી જેવા મુદા માથાનો દુખાવો જ છે. કોંગ્રેસને રાજ્યના શહેરીજનો વિકલ્પ માનતા નથી. પરંતુ આમ આદમી પાર્ટી તરફ ધીમે ધીમે વધી રહેલો ઝુકાવ આગામી દિવસોમાં ભાજપ માટે મોટો પડકાર ઉભો કરી શકે તેમ છે.

સુરતમાં સૌરાષ્ટ્રના પાટીદારોના વિસ્તારોમાં 'આપ' જીત્યો છે તેથી તેમના સહારે 'આપ' સૌરાષ્ટ્રમાં આસાનીથી પહોંચી શકે છે. ગુજરાતમાં ૨૦૨૦માં વિધાનસભાની ચૂંટણી છે ને ત્યાં સુધીમાં શહેરીવિસ્તારોમાં આપ સુનિયોજિત ઢબે પ્રચાર કરે તો ભાજપની પરંપરાગત બેઠકોમાં ચોક્કસ ગાબડુ પડે તેમ છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી વખતે કોંગ્રેસે પાટીદારોના જોરે ભાજપને બીજે બધે હંફાવી દીધેલો અને એ વખતે સુરત ભાજપની પડખે રહ્યું હતુ. જયારે ૨૦૨૨ની ચૂંટણીમાં સુરતમાં બે-ચાર બેઠકો પણ આપ આંચકી લે તો ભાજપને સત્તાથી દૂર થવું પડી શકે છે. જો કે ભાજપ હારમાંથી બોધપાઠ લેનારો પક્ષ છે તેથી પોણા બે વર્ષમાં એ કદાચ 'આપ'નો તોડ શોધીને નુકસાન ના થવા દે એવું બને. કોંગ્રેસ માટે ચિંતાનો વિષય એ છે કે, 'આપ' જ નહીં પણ ઓવૈસીની પાર્ટીએ પણ કોંગ્રેસની હાલત બગાડી છે. ગુજરાતમાં ત્રણ દાયકાથી ભાજપનું એકચક્રી શાસન છે અને આ વર્ચસ્વ જળવાયું છે પણ આ પરિણામોએ ગુજરાતમાં પરિવર્તનની શક્યતા છે તેનો સ્પષ્ટ સંકેત આપી દીધો છે. ભાજપને લોકો ખોબે ખોબે મત આપીને જીતાડે છે પણ ભાજપે આ છ શહેરોનો વિકાસ એવો નથી કરી નાંખ્યો કે જે જોઈને દંગ થઈ જવાય. આ કારણે લોકો પરિવર્તન ઈચ્છે છે. શહેરી લોકો કોંગ્રેસ પર ભરોસો કરતા નથી. પરંતુ દિલ્હીના કામો જોઈને જો આમ આદમી પાર્ટી પર ભરોસો મુકશે તો ભાજપની મુશ્કેલી ચોક્કસ જ વધે તેમ છે. બીજી તરફ ગુજરાતમાં મોટાભાગનાં શહેરોમાં આટલાં વરસે પણ પીવાના પાણીના ધાંધિયા છે અને ગંદકીના ઢગ ખડકાયેલા છે. રોડ-રસ્તાનાં ઠેકાણાં નથી અને ચોમાસામાં ઠેર ઠેર પાણી ભરાઈ જ જાય છે. કોર્પોરેશનમાં થતા કામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થાય છે. ભાજપ શાસકો ખુદ તેમાં સામેલ છે. પરંતુ વિકલ્પનો અભાવ તેને સત્તા જાળવી રાખવામાં મદદ કરતો રહ્યો છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo.ca







# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી
(with sweet & Farsan)
$8.00 +Tax

Limited થાળી
(without sweet & Farsan)
$6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 10 items
+Tax
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Quarantine Special Package**
**$50 Per Day**



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# હોટેલ કવોરન્ટાઈનનો ઈન્કાર કરનાર યાત્રીઓને દંડ

## કેટલાક પ્રવાસીઓ સાથે સમજાવટથી મામલો થાળે પડાયો, માથાકૂટ કરનારા સામે ફોજદારી કરાઈ



ટોરોન્ટો : સ્થાનિક પોલીસના જણાવ્યા મુજબ નવા નિયમો મુજબ આંતર રાષ્ટ્રીય પ્રવાસીઓએ ત્રણ દિવસ ફરજિયાત હોટેલ કવોરન્ટાઈન પાળવાના નિયમનો અમલ શરૂ થયા બાદ ટોરોન્ટોના પીયરસન એરપોર્ટ ઉપર બુધવારે ઉતરેલા કેટલાક પ્રવાસીઓએ હોટેલ કવોરન્ટાઈનની ના પાડી હતી. તેથી તેમને ઓન્ટેરિયોના કાનૂન મુજબ ૮૮૦ યુએસ ડોલરનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

પીલ રીજીયન પોલીસે જણાવ્યું હતું કે, ઘણાં કેસોમાં અધિકારીઓ સાથેની વાતચીત બાદ ઉકેલ આવી ગયો હતો. આમ છતાં કેટલાંક પ્રવાસીઓ આ નિયમને માનવા તૈયાર ન થતાં તેમની સામે ફોજદારી કાર્યવાહી હાથ ધરાઈ હતી.

તેમણે કહ્યું હતું કે, પબ્લીક હેલ્થ એજન્સી ઓફ કેનેડાને જ એવા દંડ ફટકારવાની સત્તા છે. જે કવોરન્ટાઈન એકટ અંતર્ગત તેમને મળી છે.

આ અઠવાડિયે જ ફેડરલ સરકારે કેનેડામાં પ્રવેશનારા પ્રવાસીઓ માટે નિર્ધારિત હોટેલ્સમાં ત્રણ દિવસના ફરજિયાત કવોરન્ટાઈનના નિયમનો અમલ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

જે મુજબ કેનેડાના ટોરોન્ટો, કાલગેરી, વાનકુંવર અને ઓટાવાના એરપોર્ટસ ઉપર એનો અમલ શરૂ થઈ ગયો છે. કેનેડાની પબ્લિક હેલ્થ એજન્સીએ કહ્યું હતું કે, અમે આ સ્થિતિ વિશે જાણીએ છીએ. પરંતુ પ્રવાસીઓ આ નવા નિયમોના પાલન માટે બંધાયેલા છે. સ્ક્રીનીંગ ટેસ્ટીંગ અને હોટેલ કવોરન્ટાઈનનું પાલન જરૂરી છે. જે પુરૂં થયા બાદ પોતાના સ્થળે બાકીનો કવોરન્ટાઈન સમય પુરો કરી શકે છે. જો તેઓ નિયમનું પાલન નહીં કરે તો દંડને પાત્ર બને છે. જેમાં ૭૫૦૦૦૦ યુએસ ડોલર સુધીના દંડ અને અથવા છ માસની કેદની જોગવાઈ છે.

હોટેલ કવોરન્ટાઈનનું પગલું જાહેર આરોગ્ય માટે જરૂરી છે. ડો. લોરેન્સ લોહે કહ્યું કે, આવી ઘટનાઓ બને એ દુઃખદ છે. આ રોગ એક વ્યકિતથી બીજી વ્યકિત સુધી પહોંચે છે અને એમ જ એનો પ્રસાર વધે છે. એટલા માટે જ કવોરન્ટાઈનના નિયમો છે એનું પાલન થવું જ જોઈએ.

# કેનેડાથી ગાંધીનગર આવેલા દંપતીની ત્રણ વર્ષ જૂના ગુનામાં ધરપકડ કરાઈ

- ૨૦૧૮માં પુત્રવધૂએ દહેજ પ્રતિબંધક ધારાહેઠળ ફરિયાદ નોંધાવી હતી

ગાંધીનગર : ગાંધીનગરના સેકટર ૨ ખાતે પુત્રવધૂને શારીરિક અને માનસિક ત્રાસ આપી દહેજની માંગણી કરવા સબબ વર્ષ ૨૦૧૮માં સેક્ટર ૭ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં કેનેડાથી પરત આવેલા સાસુ-સસરાની ગાંધીનગર એલસીબી દ્વારા ત્રણ વર્ષ પછી ધરપકડ કરવામાં આવી હતી. આ અંગે ગાંધીનગર સેકટર સાત પોલીસ દ્વારા કાગળની વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર એલસીબી - ૧નાં પોલીસ ઈન્સ્પેકટર જય વાઘેલાએ નાસતા ફરતા આરોપીઓનું પગેરુ શોધવા માટે સ્ટાફના માણસોને સક્રિય કર્યા હતા, જેના પગલે સબ ઈન્સ્પેક્ટર ડી. એસ. રાઓલ સ્ટાફના માણસો સાથે પેટ્રોલિંગમાં હતા. તે વખતે મહિલા કોન્સ્ટેબલ કુસુમબેન તથા રાજેન્દ્રસિંહ સયુંકત બાતમી મળી હતી કે, સેકટર - ૭ પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૮મા દહેજ પ્રતિબંધક ધારા હેઠળ નોંધાયેલા ગુનાનાં ફરાર આરોપી સેક્ટર -૨, ડી પ્લોટ નં. ૧૭૫/૨ ખાતે આવ્યા છે. જેના પગલે ક્રાઈમ બ્રાન્ચની ટીમ બાતમી વાળા સ્થળે પહોંચી ગઈ હતી. સાથે જ આરોપી એવા પતિ તથા પત્નીને ઝડપી લીધા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર પ્લોટ નં. ૧૭૫/૨માં રહેતાં અભિષેક યોગેશભાઈ વ્યાસ તેમજ તેમના પત્ની જ્યોત્સનાબેન યોગેશભાઈ વ્યાસ વિરુદ્ધ તેમની પુત્રવધુએ વર્ષ ૨૦૧૮માં દહેજ પ્રતિબંધક ધારા હેઠળ ફરિયાદ નોંધાવી હતી.






# ગુજરાતમાં ફરી વકરી રહેલો કોરોના વધુ ૪૨૪ લોકો વાયરસની ચપેટમાં

**• અત્યાર સુધીમાં કુલ ૨૬૨૧૭૨ લોકો સાજા થતા ડિસ્ચાર્જ : રાજ્યમાં એક દર્દીઓના મોત**

ગાંધીનગર : ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા હતા. અને ચૂંટણી ટાણે તો જાણે એમ લાગ્યું કે કોરોનાએ રાજ્યમાંથી વિદાય લઈ લીધી છે. જે પ્રકારના આંકડાઓ આવી રહ્યા હતા તેને જોઈને લાગતું હતું કે સરકારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સાથે સાથે કોરોના સામે પણ વિજય પ્રાપ્ત કરી લીધો છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો હતો. કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવવા લાગ્યો હતો. જો કે જેવી ચૂંટણી પુરી થઈ તેમ તરત જ કોરોના પરથી પણ જાણે આચાર સંહિતા હટી હોય તેમ કોરોના બેકાબુ બની ગયો છે. બે જ દિવસની અંદર કોરોનાના આંકડા બમણા થઈ ચુક્યા છે. આજે રાજ્યમાં નવા ૪૨૪ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૩૦૧ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૬૨,૧૭૨ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. આજે ૮,૧૯,૮૦૧ વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૧,૧૫,૩૩૮ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિને રસીની આડઅસર જોવા નથી મળી.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૭.૬૨ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. તો બીજી તરફ કેટલા લોકોને ક્વોરન્ટાઈન કર્યા તે અંગેની માહિતી પણ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે.

જો કે બીજી તરફ રાજ્યમાં આજે બનાસકાંઠા, છોટા ઉદેપુર, ડાંગ, દેવભૂમિ દ્વારકા, પાટણ, પોરબંદર અને તાપી એમ કુલ ૦૭ જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. રાજ્યનો રિકવરી રેટ પણ ૯૭.૬૨ ટકા જેટલો થઈ ચુક્યો છે. સરકારના પ્રયાસોને લીધે અત્યાર સુધીમાં ૨,૬૨,૧૭૨ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧,૯૯૧ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૩૫ છે. જ્યારે ૧,૯૫૬ લોકો સ્ટેબલ છે. ૨,૬૨,૧૭૨ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૪૦૮ લોકોનાં મોત નિપજ્યા છે. આજે કોરોનાના કારણે અમદાવાદ કોર્પોરેશનના એક દર્દીનું મોત નિપજ્યું છે.

# બગોદરા પાસે બસ અટકાવી આંગડીયા પેઢીના ૩ કરોડના સોનાની લૂંટ કરાઈ

અમદાવાદ : બાવલા બગોદરા હાઈવે પર એસ.ટી.બસમાં દિલધડક લુંટનો બનાવ બન્યો હતો. જેમાં કારમાં આવેલા છ શક્સોએ બસ અટકાવીને અંદર ઘુસી બે આંગડીયા કર્મચારીઓને ઈન્કમટેક્સના ઓફિસર છીએ કહીને નીચે ઉતાર્યા હતા. બાદમાં બન્નેને કારમાં ખેડા લઈ જઈને બાંધી દીધા હતા. બાદમાં તેમની પાસેથી ૩ કરોડની કિંમતનું પાંચ કિલોગ્રામ સોનુ લઈને ફરાર થઈ ગયા હતા. બગોદરા પોલીસે ગુનો નોંધીને સીસીટીવી ફુટેજ મેળવવાની કામગીરી હાથ ધરી છે.

આ બનાવની વિગત મુજબ રતનપોળમાં મિર્ચી પોળમાં આવેલી અમૃતલાલ માધવલાલ એન્ડ કંપનીના કર્મચારી અને પાટણમાં રહેતા ચૈનાજી લાલુજી પરમાર તથા મિર્ચી પોળમાં જ આવેલી માધવલાલ મગનલાલ એન્ડ કંપનીના નરોડા પાસેના હંસપુરામાં રહેતા કર્મચારી રાજેશભાઈ ચેલાભાઈ પટેલ(૫૫) ૨૪ ફેબ્રુઆરીના રોજ સવારે ગીતા મંદિરથી એસ.ટી બસમાં રાજકોટ જવા નીકળ્યા હતા.

દરમિયાન બસ બાવળા બગોદરા હાઈવે પર કલ્યાણગઢ, કામધેનુ કંપની પાસેથી પસાર થઈ રહી હતી. તે સમયે કારમાં આવેલા છ શક્સોએ એસ.ટી.બસને અટકાવી હતી. બાદમાં કારમાંથી બે શક્સો ઉતરીને બસમાં ચઢ્યા હતા. તેમણે ચૈલાજી પરમાર અને રાજેશભાઈ પટેલને પોતે ઈન્ક્મટેક્સના ઓફિસરો છે કહીને બસમાંથી નીચે ઉતાર્યા હતા. તેમણે તપાસ માટે જવાનું છે કહીને બન્નેને કારમાં બેસાડી દીધા હતા.

ત્યારબાદ આ શક્સો બન્નેને કારમાં ખેડા પાસેના રઢુ ગામ ખાતે લઈ ગયા હતા. જ્યાં તેમમે બન્નેને બાંદી દીધા હતા તેમણે બન્ને પાસેથી અંદાજે રૂ.૩,૦૦,૦૦,૦૦૦ ની કિમતનું પાંચ કિલોગ્રામ સોનું લુંટી લીધું હતું. લુંટ કર્યા બાદ આ શક્સો ત્યાંતી કારમાં ભાગી ગયા હતા. દરમિયાન અહીંતી પસાર થતા કોઈ વાહનચાલકે બન્નેને બાંધેલી હાલતમાં જઈને પુછપરછ કરતા લુંટ થઈ હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે પોલીસને જાણ કરાતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે બગોદરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી.


Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week



Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



KITCHEN HELP WANTED
KITCHEN HELP WANTED IN A
RESTAURANT IN MISSISSAUGA
PL SEND RESUME WITH EXPERIENCE ON EMAIL
omarbach1@yahoo.com
Call : 416-9392229

"Savings For YOU, Protection for Your Loved Ones"
: Offered services :
1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance



Shailesh Patel
We represent many insurance companies, we can shop around for best rates.
CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# સૌરાષ્ટ્રના મુદ્રા સહિત ૧૨ બંદરોનું સંચાલન મેજર પોર્ટ ઓથોરિટી કરશે

ગાંધીધામ : સરકારના નવા કાયદા અનુસાર મેજર પોર્ટ એક્ટ નાબુદ કરવામાં આવ્યા બાદ હવે મેજર પોર્ટ ઓથોરીટીઝ સરકારી બંદરોનું સંચાલન કરશે. આ નવા કાયદાનો કર્મચારીઓ અને યુનીયનો દ્વારા છેલ્લા બે વર્ષાથી સખત વિરોધ કરવામાં આવી રહ્યો છે પરંતુ સરકાર દ્વારા આ ખરડાને બન્ને ગૃહોમાં મંજુરી બાદ કાયદાનું સ્વરુપ આપી દેવામાં આવતાં કામદાર યુનીયનોએ રસ્તા પર ઉતરી આવવાની અને મહાબંદરોએ કામકાજ ખોરવી નાખવાની ચીમકી આપી હતી.



મોદી સરકાર દ્વારા મેજર પોર્ટ એક્ટ-૧૯૬૩ ના કાયદાને રદ કરી, મેજર પોર્ટ ઓથોરીટીનો નવો કાયદો લાવવામાં આવ્યો છે. આ કાયદા અનુસાર, સરકારી પોર્ટ પર ખાનગી બંદરો જેવું વાતાવરણ સર્જી, અત્યાર સુધીની મંજુરીઓની જટીલ પ્રક્રિયાઓમાંથી બંદરોને મુક્ત કરવાની વાત થઈ રહી છે. બન્ને ગૃહોમાં આ કાયદો પસાર થઈ જતાં રાષ્ટ્રપતિ દ્વારા પણ તેને સહી બાદ બહાલી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, મહાબંદરોને ખાનગી હાથોમાં જતું બચાવવાના પ્રયાસરુપે કામદાર યુનીયનોએ આ બાબતનો ભારે વિરોધ નોંધાવ્યો હતો. અનેક કામદાર ફેડરેશન-યુનીયનો દ્વારા સરકારમાં રજુઆતો કરાઈ હતી.

# બાબરામાં તરુણ વયના પ્રેમીપંખીડાંનો ઝેરી દવા ગટગટાવી સજોડે આપઘાત

- દુનિયા એક નહિ થવા દે તેવા ડરના કારણે ૩ દિવસ પહેલાં ઘરેથી નીકળી જિંદગીનો અંત લાવી દેતા અરેરાટી

બાબરા : બાબરાથી દરેડ જવાના રસ્તા ઉપર સીમ વિસ્તારમાં વાડી નજીકના ખાડામાં બન્નેના કોહવાયેલી હાલતમાં પડેલા મૃતદેહ જોવા મળતા સ્થાનિક પોલીસમાં જાણ કરવામાં આવી હતી. સીમ વિસ્તારમાં રહી મજુરી કામ કરતા મુળ ઉના તાલુકાના વતની દિનેશભાઈ મોહનભાઈ દાફડાની પુત્રી કિરણ(૧૫) તેમ જ બાબરાના વતની અરવિંદભાઈ પરમારનો પુત્ર સાગર(૧૬) ગત તા.૨૧થી લાપતા હતા.

દિનેશભાઈએ પોલીસમાં આપેલી માહિતી મુજબ કિરણ અને સાગર વચ્ચે પ્રેમસંબંધની ધારણા સાથે નાની ઉંમર હોઈ અને લગ્ન નહિ કરી શકવાના ડર અને બાળક હોવાથી પક્વ બુદ્ધિ નહિ હોવાથી પોતાની મેળે કપાસમાં છાંટવાની ઝેરી દવા પીવાના કારણે મોત થયા હતા.

મૃતક સાગર ૬ ભાઈઓમાં સૌથી નાનો હતો. કિરણના પિતા છેલ્લા ૨ વર્ષથી પરિવાર સાથે બાબરા સીમ વિસ્તાર રહીમાં ખેતમજુરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે.

# રાજુલા પીપાવાવ ટ્રેક પર ઘાયલ થયેલા સિંહનું મોત

રાજુલા : રાજુલાથી પીપાવાવ રેલવે ટ્રેક પર દિવસ-રાત માલગાડીની આવન-જાવન શરૂ રહેવા પામે છે. જો કે, રેલવે લાઈનની બંને બાજુ તાર ફેન્સીંગ પણ કરાઈ છે. દરમિયાન ગઈ તા.૧૬ના રોજ નર સિંહ પાટા ઓળંગી રહ્યો હતો ત્યારે અડફેટે આવી જતા ગંભીર ઈજા થતા એનીમલ કેર સેન્ટરમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં આજે તેનું મોત થયું હતું. રાજુલાથી પીપાવાવ પોર્ટ સુધી લગભગ ૧૮ કિ.મી. સુધી પોર્ટના કન્ટેનર રેલ માર્ગે લઈ જવાય છે તેમજ ૨૪ કલાકમાં ૨૦ જેટલી માલગાડી આવ-જા કરે છે. જ્યારે આ વિસ્તારમાં સિંહ પરિવારની વસ્તી ખુબ જ વધી ગઈ છે જેથી વારંવાર નાના-મોટા સિંહ આ ટ્રેક ઉપર ચડીને ઓળંગતા હોય છે ત્યારે રેલવે તંત્રએ બંને સાઈડ તાર ફેન્સીંગ કરીને ઝાળી ફીટ કરી છે અને ખેડૂતો સિંહના રક્ષણ માટે ઝાળી કરવાથી સહન કરી રહ્યા છે ત્યારે આ ટ્રેક ઉપર અનેકવાર સિંહ-સિંહણ નાના બાળના માલગાડીની ઠોકરે અનેકના મોત થયા છે.

# છાછરમાં RSSના કાર્યકર્તાઓ પર હુમલાના વિરોધમાં કોડીનાર-ડોળાસા બંધ, મૌન રેલી

કોડીનાર : કોડીનારના છાછર ગામે ઈજીજીના કાર્યકર્તાઓ ઉપર લઘુમતી સમાજના કેટલાક અસામાજિક અને આવારા તત્વોએ હુમલો કરવાના બનાવના વિરોધમા આવે કોડીનાર અને ડોળાસા ગામે બંધ પાળી વિશાળ મૌન રેલી યોજી હતી. ઉપરાંત કડક પગલા ભરવા મામલતદાર અને પી.આઈ.ને આવેદન આપ્યું હતું. આવેદનમા જણાવ્યુ હતુ કે છાછર ગામના સેવાકીય પ્રવૃતી કરતા મનસુખભાઈ વલ્લભભાઈ ગેડીયા ગત તા.૧૯ના તેમના દિકરી સાથે સાથે બજારમા ખરીદી કરવા ગયા હતા ત્યારે કેટલાક અસામાજિક તત્વોએ તેમના પર હુમલો કર્યો હતો. બાદમા આ તત્ત્વો સામે તેમણે ફરિયાદ કરી હતી. સામે આ શખસોએ પણ મનસુખભાઈ સામે ફરિયાદ આપી હતી. આ બનાવની તપાસ ચાલુ હતી એ દરમિયાન કોડીનાર ઈજીજીના કાર્યકર્તા મનસુખભાઈના ઘરે તેમના માતાનું અવસાન થયુ હોવાથી ત્યાં ગયા હતા. જયાંથી આ તમામ લોકો રાત્રે ૧૦ કલાકે હરેશભાઈના ઘર તરફ જતા હતા ત્યારે છાછર ગામના કેટલાક અસામાજિક તત્ત્વોએ મોટુ ટોળુ રચીને તિક્ષણ હથિયારો વડે ઉપરોકત તમામ ઉપર હુમલો કરી દીધો હતો. આ હુમલાખોરોમા રજાક ભીખા ચૌહાણ, શબીર રહેમાન, અફઝલ ગફાર વાકોટ, અનીશ મહેમુદ નકવી, મજીદ ભીખા, રિઝવાન મુરઘીવાળાએ હુમલો કર્યો હતો.

# રાજકોટથી બેંગ્લોરની સીધી વિમાની સેવા શરૂ થશે

રાજકોટ : રાજકોટની ભારતનાં અન્ય શહેરો સાથેની એર કનેકટીવીટી વધી રહી છે. આજે બેંગ્લોર થી રાજકોટની પ્રથમ સીધી ફલાઈટ એરપોર્ટ પર આવતા તેને વોટર સેલ્યુટ આપી સ્વાગત કરવામાં આવ્યુ હતુ. દરમિયાન આગામી તા. ૧ લી માર્ચથી દક્ષિણ ભારતમાં હૈદરાબાદને જોડતી વધુ એક વિમાની સેવા શરૂ કરવામાં આવી રહી છે.

રાજકોટથી વિમાની સેવામાં સતત વધારો થઈ રહયો છે સૌરાષ્ટ્રભરમાંથી ફલાઈટમાં મુસાફરી કરનારો વર્ગ પણ વધી રહયો છે. રાજકોટ એરપોર્ટ માટે આજે ઐતિહાસિક દિવસ રહયો હતો. બેંગ્લોરથી ડેઈલી ફલાઈટ આજથી શરૂ કરવામાં આવી છે. ૧૨૩ પેસેન્જર સાથેની ફલાઈટ રાજકોટ એરપોર્ટ પર આવી પહોંચતા રાજકોટ એરપોર્ટનાં સતાધિશો દ્વારા વોટર સલામી આપી સ્વાગત કરવામાં આવ્યુ હતુ. પાઈલોટને પુષ્પગુચ્છ આપી આવકારવામાં આવ્યા હતા. રાજકોટથી બેંગ્લોર ૧૨૨ મુસાફરો સાથે ફલાઈટ રવાના થઈ હતી.

# ભાવનગરમાં એટ્રોસીટીના ગુનામાં ૨ દિકરા અને માતાને ૨ વર્ષ કારાવાસ

- ૫ વર્ષ પૂર્વે માર મારી જ્ઞાતિ વિશે બોલી અપમાનિત કરતા ગુનો નોંધાયો હતો
- નવા રતનપરના બનાવ અનુસંધાને પાંચમાં એડીશનલ સેશન્સ કોર્ટનો ચુકાદો

ભાવનગર : ભાવનગરના નવા રતનપર ગામે પાંચ વર્ષ પૂર્વે રહિશને માતા અને બે દીકરાએ માર મારી તેઓની જ્ઞાતિથી અપમાનીત કરતા પોલીસ ફરિયાદ નોંધાવા પામી હતી. જે કેસ આજરોજ પાંચમાં એડીશ્નલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા ન્યાયમૂર્તિશ્રીએ એટ્રોસીટી એક્ટ મુજબના ગુનામાં માતા અને બે દીકરાને બે વર્ષ કારાવાસ તેમજ મારામારીમાં એક વર્ષની સજા ફરમાવી હતી.

મળતી વિગતો અનુસાર ભાવનગર જિલ્લાના નવા રતનપર ગામે રહેતા હરજીભાઈ આલજીભાઈ સુમરાએ જે તે સમયે આજ ગામના ભોપા નાગજીભાઈ લાભકા, કાનજી નાગજીભાઈ લાભકા, બેનાબેન નાગજીભાઈ લાભકા સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, તેઓના ઘર પાસે અપશબ્દો બોલતા હોય જેથી તેને અપશબ્દ બોલવાની ના પાડતા તેની દાઝ રાખી ગત તા. ૧૫-૧૧-૨૦૧૫ના રોજ ઉક્ત તમામે તેઓ તેમજ અન્ય સાહેદને લાકડી તલવાર વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી તેઓના મોબાઈલ અને બાઈકને નુકસાન પહોંચાડી જ્ઞાતિથી અપમાનીત કર્યા હતા. ફરિયાદ અનુસંધાને વરતેજ પોલીસે માતા અને બે દીકરા સામે આઈપીસી ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૩, ૪૦૩, ૧૧૪ તેમજ એટ્રોસીટી એક્ટ ૩ (૧)(૧૦) મુજબ ગુનો દાખલ કર્યો હતો.

# કચ્છમાં ચૂંટણી લડનારા ભાજપના ૪૪ કાર્યકરોએ પાર્ટીના હોદ્દા છોડવા પડ્યા

ભુજ : સ્થાનિક સ્વરાજયની ચૂંટણી લડતા અને સંગઠનમાં હોદો ધરાવતા અનેક કાર્યકર્તાઓએ સંગઠનના હોદા પરાથી રાજીનામુ આપ્યુ છે. જે સંગઠન રચના માટે આંતરિક છુપો વિવાદ થયો હતો તેવા ૪૪ જેટલા હોદેદારોને પદ છોડવાની ફરજ પડી છે. કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, તાજેતરમાં જ પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ દ્વારા નિયત થયેલી માર્ગદર્શિકા અનુસાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણી લડી રહેલા ઉમેદવારો જો સંગઠનમાં અન્ય કોઈ હોદો ધરાવતા હશે અૃથવા તેમના પરિવારના સદસ્ય પણ જો સંગઠનના હોદેદાર હશે તો તેમણે સંગઠનના એ પદ પરાથી રાજીનામું આપવુ પડશે. આ નવી માર્ગદર્શિકા અનુસાર કચ્છમાંથી ચૂંટણી લડી રહેલા ભાજપના અનેક કાર્યકર્તાઓ અૃથવા તેમના પરિવારજનો દ્વારા તેમના સંગઠનના પદ પરાથી પક્ષને રાજીનામું સુપરત કરવામાં આવ્યુ છે.

ઉલ્લેખનિય છે કે, ભાજપમાં થોડા સમય પૂર્વે નવા સંગઠનની રચના કરવામાં આવી હતી તે સમયે આંતરિક વિખવાદ થયો હતો પરિણામે ઘણા વિસ્તારોમાં નવી રચનાને અટકાવી દેવાની ફરજ પડી હતી. ત્યારબાદ પ્રદેશ ભાજપનું સી.આર. પાટીલે સુકાન સંભાળતા કચ્છમાં પણ આ નવી રચના શકય બની હતી. અને જિલ્લા ભાજપના પ્રમુખની ઈચ્છા મુજબ સંગઠન રચવામાં આવ્યુ હતુ. પરંતુ, નવી રચનામાં સમાવિષ્ટ થયેલા આ ૪૪ હોદેદારોને ચૂંટણીના કારણે હોદો છોડવાની ફરજ પડી છે.

First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૨.૦૦ PM થી ૬.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો WE ARE RE-OPENING
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-બુધ : ૨.૦૦ PM થી ૬.૦૦ PM
ગુરૂ-શુક્ર : વીક ઓફ
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર : ૧૧.૦૦ AM થી ૫.૦૦ PM
શનિ-રવિ : વીક ઓફ

૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## પેટ્રોલના વિકલ્પે હવે ગ્રીન હાઈડ્રોજનના ઉપયોગ તરફ સાઉદી અને એશિયા બાદ અમેરિકાનો ઝોક

# ગ્રીન હાઇડ્રોજન: વિશ્વ માટે ઈંધણનો વિકલ્પ

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

સાઉદી અરેબિયાના રણના કિનારે લાલ સમુદ્રના કાંઠે નિઓમ નામનું એક નવું શહેર બનાવવાની દીશામાં સાઉદી સરકારે કદમ ઉપાડ્યા છે. આ શહેર ગ્રીન હાઈડ્રોજન કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મોટી ભૂમિકા ભજવશે તેવો દાવો પણ થઈ રહ્યો છે. જો કે, અત્યારે તેની સલામતી અને વ્યવહારિકતા અંગે શંકાનાં વાદળો ઘેરાયેલાં છે. ૫૦૦ અબજ ડોલરના ખર્ચે બની રહેલા આ શહેરમાં ઊડતી કારો હશે અને રૉબો ઘરકામ કરતા જોવા મળશે. અહીં ૧૦ લાખ લોકોને સ્થાયી કરવાની યોજના છે. આ શહેર માટે અને વિશ્વભરમાં વેચાણ માટે કયા બળતણનો ઉપયોગ કરવામાં આવશે તે વિશે જાણીને તમને ચોક્કસ જ આશ્ચર્ય લાગશે. કારણ કે, ઈંધણનું સૌથી મોટુ વેચાણ કરનાર સાઉદી અરેબિયા આ નવા શહેરમાં ગ્રીન હાઈડ્રોજનનો ઈંધણ તરીકે ઉપયોગ કરવાનું વિચારી રહ્યો છે.

આ કાર્બનમુક્ત બળતણ પાણીમાંથી તૈયાર કરાશે. આ માટે નવીન ઊર્જા સ્રોતોથી તૈયાર કરેલી વીજળીની સહાયથી હાઈડ્રોજન અને ઑક્સિજનના અણુઓને અલગ કરવામાં આવશે. અમેરિકન કંપની, ઍર પ્રોડક્ટ્સ એન્ડ કેમિકલ્સ છેલ્લાં ચાર વર્ષથી નિઓમમાં ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ લગાવી રહી છે. આ પ્લાન્ટ પવન ઊર્જા અને સૌર ઊર્જાથી બનાવવામાં આવેલી ચાર ગીગાવૉટ વીજળીથી ચાલશે. એવો દાવો કરવામાં આવે છે કે, તે વિશ્વનો સૌથી મોટો ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ હશે. સાઉદી અરેબિયા આવા વધુ પ્લાન્ટ ધમધમતા કરવાની નેમ ધરાવે છે.

ભવિષ્યના બળતણ તરીકે ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ કરવાનું વિચારનારાઓમાં સાઉદી અરેબિયા એકલું નથી. અમેરિકાની નજર પણ ત્યાં છે. ગ્રીન હાઈડ્રોજન વાપરવાની સ્પર્ધા સમગ્ર વિશ્વમાં શરૂ થઈ ગઈ છે. ઘણી કંપનીઓ, રોકાણકારો, સરકારો અને પર્યાવરણવાદીઓ માને છે કે, આ એક ઊર્જા સ્રોત છે, જે અશ્મિભૂત ઈંધણ પરની પરાધીનતાને દૂર કરવામાં અને વિશ્વને વધુ ગરમ થતું અટકાવવામાં ઉપયોગી છે. ન્યુ યૉર્કની બિનનફાકારી સંસ્થા નેચરલ રિસોર્સિસ ડિફેન્સ કાઉન્સિલના ઊર્જા નિષ્ણાત રચેલ ફાખરીને પણ આમાં ઘણી આશા દેખાય છે.

ફાખરી જેવાં નિષ્ણાતો કહે છે કે, પવન અને સૌર ઊર્જા ઘરો અને ઈલેક્ટ્રિક વાહનોને ચલાવી શકે છે. જ્યારે ગ્રીન હાઈડ્રોજન વધુ ઊર્જા વપરાશ કરતા ઉદ્યોગો માટે આદર્શ છે. ઉદાહરણ તરીકે, કોંક્રીટ અને સ્ટીલનું ઉત્પાદન. તે કહે છે, “અર્થતંત્રના છેલ્લા ૧૫ ટકાના હિસ્સામાં હવાઈ ઉડ્ડયન, શિપિંગ, મેન્યુફેક્ચરિંગ, ટ્રકથી લાંબા અંતર સુધી માલ લઈ જવો એટલે કે વાહનવ્યવહારને વીજળીથી ચલાવવા મુશ્કેલ છે. જ્યારે ગ્રીન હાઈડ્રોજન તે કરી શકે છે. બળતણના સ્રોત તરીકે હાઈડ્રોજનની ચર્ચા દાયકાઓથી થઈ રહી હતી. પરંતુ તેની ટેકનીક તૈયાર નહતી. જો કે, કેટલાક લોકોને હજી પણ તેની સફળતા પર શંકા છે. તેને મોટાપાયે અપનાવવામાં ઘણા અવરોધો રહેલા છે. વિવેચકોની દલીલ એ છે કે, શુદ્ધ ઊર્જા હોવાનું કહેવડાવવા માટે હાઈડ્રોજનને નવીનતમ ઊર્જા સ્રોતોમાંથી મોટા પ્રમાણમાં વીજળીની જરૂર પડશે. પાણીને હાઈડ્રોજન અને ઑક્સિજનના અણુઓમાં વિચ્છેદ કરનાર ઈલેક્ટ્રોલિસિસ પ્લાન્ટને ચલાવવા માટે નવીનતમ ઊર્જા સ્રોતોને મોટા પ્રમાણમાં વિસ્તરણ કરવું પડશે.

અત્યારે હાઈડ્રોજન ઉત્પન્ન કરવાની સૌથી લોકપ્રિય પદ્ધતિ એ છે કે હાઈડ્રોજનને કુદરતી ગેસથી અલગ કરવો. જ્યારે કુદરતી ગેસ વરાળથી પ્રતિક્રિયા આપે છે. ત્યારે તેમાંથી હાઈડ્રોજન, કાર્બન મોનોક્સાઈડ અને કાર્બન ડાયોક્સાઈડ મુક્ત થાય છે. મિથેનથી હાઈડ્રોજન ઉત્પન્ન કરવાની આ પરંપરાગત પદ્ધતિમાં કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન થાય છે અને તેથી તે આબોહવા માટે યોગ્ય નથી. આ રીતે બનાવવામાં આવેલા હાઈડ્રોજનને “ગ્રે હાઈડ્રોજન કહેવામાં આવે છે. પાઈપલાઈન વિના હાઈડ્રોજનનો સંગ્રહ કરવો અને તેનું પરિવહન કરવું ખૂબ મુશ્કેલ છે. અમેરિકા સહિતના ઘણા દેશોમાં હાઈડ્રોજન હાલમાં કુદરતી ગેસ જેવા ઈંધણ કરતાં વધુ ખર્ચાળ છે. બ્રિટનમાં બ્લૂમબર્ગ ન્યૂ એનર્જી ફાઈનાન્સ નિષ્ણાંત માઈકલ લેબ્રીચ ગ્રીન હાઈડ્રોજન વિશે શંકા ધરાવે છે. ઑસ્ટ્રેલિયાના એક ઊર્જા સંગઠને તાજેતરમાં જ પશ્ચિમી ઑસ્ટ્રેલિયાના પિલબારાથી સિંગાપોર સુધી ગ્રીન હાઈડ્રોજનની નિકાસની જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટમાં ૨૬ ગીગાવૉટની ઈલેક્ટ્રોલિસિસ ફેક્ટરી ચલાવવા માટે ૧,૭૪૩ મોટી પવનચક્કીઓ અને ૩૦ ચોરસ માઈલના ક્ષેત્રમાં લાગેલા સોલાર પ્લાન્ટ્સ શામેલ કરવામાં આવ્યા હતા. તેને એશિયન રિન્યુએબલ એનર્જી હબ કહેવામાં આવ્યું છે. એક અહેવાલ અનુસાર ટૂંક સમયમાં જ તે જાણી શકાયું કે, હાઈડ્રોજનની સરખામણીએ એમોનિયાની નિકાસ કરવાનું વધુ યોગ્ય છે, કારણ કે આટલા લાંબા અંતર પર હાઈડ્રોજનનું પરિવહન કરવું ખૂબ મુશ્કેલ છે.




**૫૦૦ અબજ ડોલરના ખર્ચે બની રહેલા સાઉદીના નવા શહેરમાં ઈંધણ તરીકે તેલ નહીં વપરાય, પરંતુ કાર્બનમુક્ત બળતણ પાણીમાંથી તૈયાર કરાશે**

આવી સમસ્યાઓ હોવા છતાં તેના વિશે પુસ્તકોમાં લખાય છે કે, તકનિકી આશાવાદીઓની કલ્પનાઓમાં ગ્રીન હાઈડ્રોજનની મજબૂત પકડ છે. ઉતાહમાં ગ્રીન હાઈડ્રોજન વીજળીઘર બની રહ્યા છે, જે કોલસાથી ચાલતાં બે વીજળીઘરોની જગ્યા લેશે. અહીં ઉતાહ સિવાય, દક્ષિણ કેલિફોર્નિયા અને નેવાડાને વીજળી આપવામાં આવશે. જાપાનના ફુકુશીમા પાસે એક નવો ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ ખોલવામાં આવ્યો છે. આ પ્લાન્ટ તે સ્થાનની નજીક છે, જ્યાં ૨૦૧૧માં પરમાણુ આપત્તિ આવી હતી. આવી સ્થિતિમાં તેનું પ્રતીકાત્મક મહત્ત્વ બહુ વધારે છે. કાર્બનમાંથી છુટકારો મેળવવા માટે યુરોપ ગ્રીન હાઈડ્રોજનમાં રોકાણ વધારી રહ્યું છે.

યુરોપિયન સંઘ દ્વારા તાજેતરમાં મોટાપાયે ગ્રીન હાઈડ્રોજનના વિસ્તરણ માટે એક વ્યૂહરચના ઘડી છે, જોકે હજી સુધી તેને સત્તાવાર મંજૂરી આપવામાં આવી નથી. યુરોપિયન સંઘે સ્વચ્છ ઊર્જા યોજનામાં ૪૭૦ અબજ યુરો (૫૫૦ અબજ ડૉલર અથવા ૪૧૫ અબજ પાઉન્ડ)ના રોકાણની વાત કરી છે. જેનો ઉપયોગ નવા ઈલેક્ટ્રોલાઈઝર, ગ્રીન હાઈડ્રોજનના પરિવહન અને સંગ્રહ માટેની ટેક્નિક બનાવવા માટે કરવામાં આવશે. યુરોપિયન આયોગ કહે છે કે, “યુરોપિયન સંઘ માટે આબોહવા અંગેની મહત્ત્વાકાંક્ષાઓ પૂરી કરવા માટે મોટાપાયે સ્વચ્છ હાઈડ્રોજન વાપરવું મહત્ત્વનું છે. મધ્ય પૂર્વના આ યુરોપિયન દેશોમાં પવન ઊર્જા અને સૌર ઊર્જા વિશ્વમાં સૌથી સસ્તી છે. આથી તે ગ્રીન હાઈડ્રોજનના ક્ષેત્રમાં મોટો ખેલાડી બનવા માગે છે.

રૉકી માઉન્ટેન ઈન્સ્ટિટ્યૂટના પ્રગતિશીલ ટેકનોલોજી પ્રોગ્રામના વડા થોમસ કૉચ બ્લેન્ક કહે છે, સાઉદી અરેબિયામાં વૈકલ્પિક ઊર્જા ખૂબ સસ્તી છે. અહીં રોજ સૂર્ય ખૂબ જ તપતો હોય છે અને રાત્રે પવન ખૂબ જ ઝડપથી ફૂંકાય છે. તેને હરાવવું મુશ્કેલ છે. બ્લૂમબર્ગનો અંદાજ છે કે વિશ્વની વીજળીની જરૂરિયાતનો એક ચતુર્થાંશ હિસ્સો ગ્રીન હાઈડ્રોજનથી પૂરો કરવા માટે, આજે બધા સ્રોતમાંથી જેટલી વીજળી ઉત્પન્ન પેદા કરવામાં આવે છે તેનાથી વધુ વીજળીની જરૂર પડશે. તેના માટે ૧૧ ટ્રિલિયન ડૉલર (૮.૩ ટ્રિલિયન પાઉન્ડ)ના રોકાણની જરૂર છે. કેલિફોર્નિયામાં ૨૦૦૯માં વીજળી અને હાઈડ્રોજનથી સંચાલિત વાહનો માટે લો કાર્બન ફ્યુઅલ સ્ટાન્ડર્ડ નિયમો બનાવવામાં આવ્યા હતા. ઑક્ટોબરમાં ભારે વાહન ઉત્પાદકો અને ઊર્જા ઉદ્યોગના અધિકારીઓએ વેસ્ટર્નસ્ટેટ્સ હાઈડ્રોજન એલાયન્સની રચના કરી છે.



## અમિતાભ-ઈમરાનની 'ચેહરે'નો ફર્સ્ટ લૂક રીલિઝ

બોલિવૂડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચને મંગળવારે પોતાની મચ અવેઈટેડ ફિલ્મ 'ચેહરે'નું નવું પોસ્ટર શેર કર્યું હતું. આ મિસ્ટ્રી થ્રિલરમાં ઈમરાન હાશ્મી લીડ રોલમાં જોવા મળશે. જે પોસ્ટર રીલિઝ થયું છે. તેમાં અમિતાભ બચ્ચન, ઈમરાન હાશ્મી ઉપરાંત અનુ કપૂર, ક્રિસ્ટલ ડિસૂઝા, ધૃતિમાન ચક્રવર્તી, રઘુવીર યાદવ અને સિદ્ધાંત કપૂર જેવા એક્ટર્સ પણ જોવા મળે છે. તેમાં રિયાને બાદ કરતા દરેક કલાકારોને ટેગ કર્યા છે. આ સાથે જ એક્ટરે જણાવ્યું કે ફિલ્મ ૩૦ એપ્રિલ ૨૦૨૧ના રોજ થિએટરમાં રીલિઝ થશે.



# બોબી દેઓલને દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ એવોર્ડ મળ્યો

ગયા વર્ષે બોબી દેઓલે બોલિવૂડમાં ૨૫ વર્ષ પૂરા કર્યા હતા અને એક ઈન્ટરવ્યુમાં તેણે કહ્યું હતું કે, તેને જે પ્રકારના પાત્રો મળી રહ્યાં છે તેનાથી તે ખુશ છે. ૨૦૧૮માં 'રેસ ૩ પછી તેની કારકિર્દીમાં એક નવો વળાંક આવ્યો. આ પહેલા તેને સારી ફિલ્મો નહોતી મળી રહી, પરંતુ આ ફિલ્મ પછી તેને સારી ઓફરો મળવાનું શરૂ થયું. વર્ષ ૨૦૨૦માં તેણે ઓટીટી પ્લેટફોર્મ પર એન્ટ્રી મારી અને છવાઈ ગયો. પહેલા તે નેટફિલક્સ સીરિઝ 'ક્લાસ ઓફ ૮૩' અને ત્યારબાદ પ્રકાશ ઝાની વેબ સિરીઝ 'આશ્રમ'માં જોવા મળ્યો હતો. આ સીરિઝમાં બાબા નિરાલાની ભૂમિકા માટે તેમને દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલનો એવોર્ડ પણ મળ્યો છે. બોબી દેઓલે ઓટીટી સીરિઝનો બેસ્ટ એક્ટરનો એવોર્ડ જીત્યો. ૨૦ ફેબ્રુઆરીએ પમાં દાદાસાહેબ ફાળકે આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્સનું મુંબઈમાં આયોજન કરવામાં આવ્યું હતું.

# ધૂમ મચાવશે મેગા ફિલ્મ 'સૂર્યપુત્ર મહાવીર કર્ણ'

ભારતના ઈતિહાસે અને પૌરાણિક કથાઓએ હંમેશા લોકોને આકર્ષિત કર્યા છે. મહાભારતમાં સૂર્યપુત્ર કર્ણના પાત્રએ હંમેશા લોકોને પોતાની તરફ ખેંચ્યા છે. તેના પર બનેલી સીરિયલ સફળ રહી છે. હવે તેને મોટા પરદા ઉપર લાવવાની તૈયારી કરી છે. ફિલ્મની જાહેરાત અને ટાઈટલ લોગો રિલીઝની સાથે ચાહકોની ઉત્સુકતા વધી ગઈ છે. ચાહકો ફિલ્મમાં કર્ણના પાત્ર માટે એક્ટરનું નામ જાણવા માટે ઉત્સુક્તા બતાવી રહ્યા છે. મળતી માહિતી મુજબ ફિલ્મમાં સાઉથ અભિનેતા વિક્રમ કર્ણનું પાત્ર નિભાવી રહ્યો છે. ફિલ્મના પ્રોડ્યૂસર જેકી ભગનાનીએ ફિલ્મ સૂર્યપુત્ર મહાવીર કર્ણ ના ટાઈટલ લોગોને રિલીઝ કરી દીધો છે. સૂર્યપુત્ર મહાવીર કર્ણ એક બહુભાષીય પ્રોજેક્ટ છે. જેને હિંદી, તમિલ, તેલુગૂ, કન્નડ અને મલયાલમ ભાષામાં બહુ જ મોટા લેવલ ઉપર રિલીઝ કરવામાં આવશે.





## કુમાર વિશ્વાસની બોલિવૂડમાં એન્ટ્રી

ફિલ્મના ડાયલોગ્સ ડો.કુમાર વિશ્વાસે લખ્યા છે. આ પહેલી વખત છે જ્યારે કુમાર વિશ્વાસ કોઈ ફિલ્મ સાથે જોડાઈ રહ્યા છે. હિંદી, ઉર્દુ અને સંસ્કૃ ત માટે તેમનો પ્રેમ જગજાહેર છે. હવેત મની આ શૈલીને સૂર્યપુત્ર મહાવીર કર્ણમાં દર્શકો જોશે. મંચઉપર તેમની કવિતાઓ અને શબ્દોના જાદુથી તો દરેક જાણીતા છે. હવે ફિલ્મમાં પર્દા પાછળ રહીને તે પોતાનો જાદુ ચલાવશે.

# 'ભૂલ ભૂલૈયા ૨'ની રિલીઝ ડેટ જાહેર

કાર્તિક આર્યનની 'ભૂલ ભલૈયા ૨' ની રિલીઝ ડેટ આવી ગઈ છે. જો કે આ ફિલ્મનું શૂટિંગ કોરોના મહામારીના કારણે અટકી ગયું હતું અને હજુ સુધી તે શરૂ કરવામાં નથી આવ્યું. ફિલ્મના કો-પ્રોડ્યુસર મુરાદ ખેતાનીએ આ વિશે જાણકારી આપી છે અને ટ્વિટ કરીને કહ્યું કે "અમે આ થ્રીલર કોમેડી સાથે પરત ફરી રહ્યા છીએ. શું તમે તૈયાર છો? 'ભૂલ ભલૈયા ૨' ૧૯ નવેમ્બર ૨૦૨૧એ થિયેટરમાં રિલીઝ થશે."આ વખતે ફેન્સમાં ખુશીની વાત એ છે કે, 'ભૂલ ભલૈયા ૨'માં રાજપાલ યાદવ અને ગોવિંદ નામદેવ પણ ફેન્સે હસાવતા જોવા મળશે. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ ૨૦૦૭માં આવેલી હોરર કોમેડી ફિલ્મ 'ભૂલ ભલૈયા'ની સીક્વલ છે.





# નવાઝુદ્દિન સિદ્દીકી સાથે નેહા શર્મા લડાવશે ઈશ્ક

કોરોના કાળ પછી હવે ધીરે ધીરે બોલિવૂડ પણ ધમધમવા લાગ્યું છે. એક પછી એક ફિલ્મની જાહેરાતો કરવામાં આવી છે.ત્યારે હવે નવાઝુદ્દીન સિદ્દીકી ની એક રોમેન્ટિક કોમેડી ફિલ્મની પણ જાહેરાત કરવામાં આવી છે. બોલિવૂડ અભિનેતા નવાઝુદ્દીન સિદ્દીકી તેની આગામી ફિલ્મ 'જોગીરા સારા રા રા'નું શૂટિંગ શરૂ કરવા તૈયાર છે. આ ફિલ્મની મુખ્ય અભિનેત્રી નેહા શર્મા પણ નવાઝુદ્દીન સિદ્દીકી સાથે સ્ક્રીન સ્પેસ શેર કરવા માટે તૈયાર છે. આ બંને સિવાય સંજય મિશ્રાઅને મીમોહ ચક્રવર્તી પણ આ ફિલ્મમાં મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. લખનૌ નજીક બારાબંકી શહેરમાં આ ફિલ્મનું શૂટિંગ કરવામાં આવશે છે. ત્યારબાદ લખનૌ, રહીમાબાદ અને બનારસમાં કાર્યક્રમો યોજાશે. આ ફિલ્મનું દિગ્દર્શન કુષાણ નંદિ કરશે. આ ફિલ્મ રોમેન્ટિક કોમેડી ફિલ્મ હશે.




# રૂબિના દિલૈક વિનર બની, જીતી ૩૬ લાખ

રૂબીના દિલે કે ટીવીનો સૌથી પ્રખ્યાત રિયાલિટી શો 'બિગ બોસ ૧૪નો ખિતાબ જીત્યો છે. આ સાથે જ રાહુલ વૈદ્ય બીજા ક્રમે છે. આખરે તેના ફેન્સએ રૂબીના દિલેકને વિજેતા બનાવી જ દીધી. ઉલ્લેખનીય છે કે રૂબીનાની ફેન ફોલોઈંગ શરૂઆતથી જ વધતી જોવા મળી હતી. રૂબીના હંમેશાં ટ્વિટર પર ટ્રેન્ડ કરતી હતી. રાખી સાવંત, રૂબીના દિલેક, રાહુલ વૈદ્ય, નિક્કી તંબોલી અને અલી ગોની એ રીતે કુલ પાંચ ફાઈનલિસ્ટ હતા, પરંતુ રૂબીનાએ દરેકને હરાવીને જીત મેળવી હતી. ફિનાલેમાં રાખી સાવંત ૧૪ લાખ રૂપિયા લઈને શોમાંથી બહાર નીકળી ગઈ. પછી અલી ગોની અને નિક્કી તંબોલી શોમાંથી બહાર નીકળી ગયા. છેલ્લે રાહુલ વૈદ્ય બીજા સ્થાને રહ્યો. આ સાથે જ રૂબીનાને ૩૬ લાખ રૂપિયા પણ આપવામાં આવ્યા છે. 'બિગ બોસ ૧૪'માં રૂબીના દિલેકે પતિ અભિનવ શુક્લા સાથે એન્ટ્રી લીધી હતી અને આ તેમનો સૌથી મોટો ટેકો હતો. એટલું જ નહીં અંતિમ સમય સુધી અભિનવે તેને સપોર્ટ કર્યો હતો, ભલે તે ઘરની બહાર હતો એ છતાં ખુબ ટેકો આપ્યો હતો. તો બીજી તરફ વાત કરીએ તો ફિનાલેમાં ઘણી ધમાલ થતી પણ જોવા મળી હતી. એક તરફ સ્પર્ધકોએ પોતાના અભિનયથી લોકોનું દિલ જીતી લીધું, તો બીજી તરફ 'ગર્મી' ગીત પર નોરા ફતેહી સાથે સલમાન ખાનના ડાન્સે ચાર ચાંદ લગાવી દીધા હતા. ફાઈનલમાં સૌથી મોટી એન્ટ્રી બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રની હતી. ધર્મેન્દ્ર સાથે મળીને સલમાને ખૂબ ધમાલ કરી હતી. આ શો પર ફિલ્મ 'શોલે' નો સીન પણ રિક્રિએટ કરવામાં આવ્યો હતો, જેમાં સલમાને ગબ્બરનો રોલ કર્યો હતો અને રાખી સાવંતે બંસતીની ભૂમિકા ભજવી હતી.





SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

iccrc crcic

# CANADA IMMIGRATION

## Specialized in :

**Entrepreneur/Investor Business/ Self Employed/Farm Owner**

- EXPRESS ENTRY
- CANADIAN EXPERIENCE CLASS
- FEDERAL SKILLED WORKER/SKILLED TRADE
- SUPER VISA & VISITOR VISA
- STUDY & WORK PERMIT
- Work / Study /Visitor Permit Extension
- PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
- **LMIA/WORK PERMIT**
- REFUGEES/APPEALS
- DETENTION REVIEWS
- CRIMINAL PARDONS
- POST GRADUATION WORK PERMIT
- CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS



## AMI MEHTA
IMMIGRATION PRACTIONER

BUSINESS IMMIGRATION TO CANADA REQUIRES 3 CR NET WORTH/ 1.5 CR INVESTMENT/ BUSINESS OWNERSHIP/ MANAGEMENT EXP

REJECTED CASES WELCOME

ONLINE IELTS
SPOKEN ENGLISH
CLASSES ON ZOOM
( MORNING TIME 8 AM )

**SUPER VISA INSURANCE / TRAVEL INSURANCE / PR 90 DAYS INSURANCE**

94- 499 MAIN STREET SOUTH, SHOPPERS WORLD MALL, BRAMPTON, ONT
416-745-2466
905-230-7855

2/A WAGHESHWARI SOC, VADODARA GUJARAT INDIA
91-9428973911
91-9512157817

Email.: info@siis.ca
Website.: www.siis.ca

# માઈગ્રેનના દુખાવાને ચપટીમાં કરો દૂર



ભાગદોડ અને વ્યસ્ત લાઇફસ્ટાઇલ આપણા સ્વાસ્થ્યને અસર કરે છે. ખાસ કરીને કલાકો સુધી લેપટોપ, કમ્પ્યુટર, મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાથી માથાનો દુખાવો થાય છે. ચિંતા, થાક અને તણાવ પણ આની પાછળનું કારણ ગણી શકાય. આવી સ્થિતિમાં, આ પીડા કેટલીકવાર કલાકો સુધી ત્રાસ આપે છે. લોકો આમાંથી રાહત મેળવવા માટે વિવિધ દવાઓનો ઉપયોગ કરે છે. પરંતુ વારંવાર દવાઓ લેવાથી સ્વાસ્થ્યને નુકસાન થઈ શકે છે. આવી સ્થિતિમાં જો તમે પણ માથાના દુખાવાની સમસ્યાથી પરેશાન છો, તો આજે અમે તમને જણાવીએ છીએ કેટલાક આરોગ્યપ્રદ ઘરેલું પીણા, જેની મદદથી તમને માથાના દુખાવાથી છુટકારો મેળવવાની સાથે રાહત મળશે.

## ફુદીના ચા

ફુદીનામાં એન્ટી-ઓક્સિડેન્ટ, એન્ટિ-બેક્ટેરિયલ, એન્ટી વાયરલ વગેરે ગુણધર્મો છે. તેની ચા પીવાથી માથાનો દુખાવો, અપચો, ઉલટી વગેરેથી રાહત મળે છે.

**બનાવવાની રીત :** પેનમાં ૧ કપ પાણી અને કેટલાક ફુદીનાના પાન મૂકો. હવે એક ચપટી કાળા મરી અને મીઠાને સ્વાદ પ્રમાણે નાંખો. તેને ઉકાળો અને ૫ મિનિટ સુધી અને ગાળી લો. તૈયાર છે હેલ્ધી ચા

## બદામનું દૂધ

બદામ અને દૂધમાં કેલ્શિયમ, પ્રોટીન, મેગ્નેશિયમ, ફાઇબર, એન્ટી ઓક્સિડેન્ટ, એન્ટી બેક્ટેરિયલ વગેરે હોય છે. નિષ્ણાતો માથાનો દુખાવો થવાના કિસ્સામાં બદામનું દૂધ પીવાની પણ સલાહ આપે છે.

**બનાવવાની રીત :** તેને બનાવવા માટે ૪-૫ બદામને પેસ્ટમાં બનાવો ત્યારબાદ ૧ ગ્લાસ દૂધ ગરમ કરો અને તેમાં બદામ અને મધ નાખો. સૂતા પહેલા બદામનું તૈયાર દૂધ પીવાની મજા લો.

## આદુ અથવા આદુનો રસ

આદુમાં વિટામિન, આયર્ન, ફાઇબર, એન્ટી ઓક્સિડેન્ટ, એન્ટિ-વાયરલ ગુણધર્મો, પીડાની સમસ્યાથી રાહત આપે છે. માથાનો દુખાવો દૂર કરવા માટે ઘણીવાર લોકો આદુની ચા પીવે છે. પરંતુ નિષ્ણાતો દ્વારા ચાને બદલે રસ પીવો તે વધુ ફાયદાકારક માનવામાં આવે છે. એક સંશોધન પ્રમાણે ૧૦૦ આધાશીશી દર્દીઓને આદુનો રસ આપવામાં આવ્યો હતો. આનાથી તેમની તબિયતમાં વધુ સુધારો જોવા મળ્યો. તેના સેવનથી માથામાં જતા લોહીનું સંતુલન રાખવામાં મદદ મળે છે.

**બનાવવાની રીત :** પેનમાં ૧ કપ પાણી અને ૧ ઇંચ આદુનો ટુકડો નાખો. ધીમા તાપે ૧-૨ ને ઉકળવા દો. તૈયાર કરેલા પાણીને ગાળી લો સ્વાદ મુજબ ૧ ચમચી લીંબુનો રસ અને મધ મિક્સ કરીને પીવો.

# એજિંગની સમસ્યાથી તમને છૂટકારો અપાવતી નાઈટ કેર

**સફાઈ :** તમારી ત્વચા મુજબ ક્લીન્ઝરનો ઉપયોગ કરીને ચહેરો ધૂઓ જેથી ચહેરા પર કોઈ માટી કે તેલ ન રહી જાય. તેનાથી તમારી ત્વચા ચોખ્ખી રહેશે. રોમછિદ્ર પણ બંધ નહીં થાય અને ખીલની સમસ્યા પણ નહીં થાય.



**ટોન :** જ્યાં સુધી મહિલાઓ એક સારા ટોનરનો ઉપયોગ કરતી નથી ત્યાં સુધી તે તેનું મહત્ત્વ સમજતી નથી. ધ્યાન રાખો કે હંમેશાં સારી બ્રાન્ડનું જ ટોનર ખરીદો. એવા ટોનરને પસંદ કરો જેના વિશે લોકોની સલાહ સારી હોય. ટોનરથી રોમ છિદ્રોનું કદ ઘટી જાય છે અને ચહેરો ધોયા પછી ટોનર લગાવવાથી ચહેરાનું પીએચ લેવલ પણ પાછું આવી જાય છે.

**આઈ ક્રીમ :** ત્યારબાદ આંખોની ક્રીમ લગાવો. આંખોની નીચેની ત્વચા ખૂબ સંવેદનશીલ હોય છે. તેથી તેના માટે વધુ પડતી સારસંભાળ અને હાઈડ્રેશનની જરૂરિયાત હોય છે. આ જ કારણ છે કે આંખો માટે ક્રીમની આવશ્યકતા હોય છે. આંખોના નીચેના ભાગ પર ક્રીમથી માલિશ કરો અને તેને ત્વચામાં શોષિત થવા દો.

**મોઇશ્ચરાઈઝર :** બધા જ પ્રકારની ત્વચાને મોઇશ્ચરાઈઝરની જરૂર હોય છે અને જ્યારે એક વખત તમારી ત્વચાની ઉંમર વધવા લાગે છે તો તેનું લચીલાપણું ઓછું થવા લાગે છે અને કોલેજનનું ઉત્પાદન પણ ઓછું થતું જાય છે, જેના કારણે ત્વચા શુષ્ક થવા લાગે છે. તેથી તમારે મોઇશ્ચરાઈઝરનો ઉપયોગ જરૂરથી કરવો જોઈએ.

**ઉપચાર :** મોઇશ્ચરાઈઝરને લગાવ્યા પછી ટ્રીટમેન્ટ ક્રીમ જેવી એન્ટિ એજિંગ ક્રીમને લગાવો. એવી ક્રીમનો ઉપયોગ કરો જેમાં રેટિનોલ હોય, કેમ કે આ જ એક એવી વસ્તુ છે જે તમારા એજિંગને બચાવી શકે છે.

**ફેસ ઓઈલ :** ત્વચાને વધારે હાઈડ્રેશન આપવા માટે ફેસિયલ ઓઈલનો ઉપયોગ કરો. તેનાથી ત્વચાની માલિશ કરો અને ધ્યાન રહે કે આ ઓઇલ ત્વચામાં શોષાઈ જાય.

# ઈન્ટરનેટ: જરૂરિયાત કે આદત

ઈન્ટરનેટથી જીવંત લાગતો મોબાઈલ હવે ઈન્ટરનેટ વગર સુનો લાગે છે. સૌ પ્રથમ મોબાઈલની શોધ દૂરભાષી યંત્ર એટલે કે એકબીજા સાથે વાત કરવા માટે જ થઈ હતી. લોકો હવે સ્માર્ટ ડીવાઈસ તથા ઈન્ટરનેટનો વપરાશ કર્યા વગર રહી શકતા નથી. યુવાનો મોબાઈલનો ઉપયોગ મોટે ભાગે ગેમ્સ તથા સોશિયલ મીડિયા માટે કરે છે. વધુ ઉંમરના લોકો મોટે ભાગે મોબાઈલનો ઉપયોગ સમાચાર વાંચવા, સોશિયલ મીડિયા પર વીડિયો જોવા તથા પોતાના મિત્રો સાથે વાત કરવા માટે કરતા હોય છે. બાળકોને નાની ઉંમરથી જ મોબાઈલની આદત પડી જાય છે અને હાલના સમયમાં ઓનલાઈન ક્લાસને (અભ્યાસના) કારણે મોબાઈલનો ઉપયોગ ઘણો વધી ગયો છે. એજ રીતે વર્ક ફ્રોમ હોમ એટલે કે જોબ પર જવા ને બદલે ઘરેથી કામ કરતા લોકોમાં પણ લેપટોપ તથા કોમ્પ્યુટરનો ઉપયોગ વધુ જોવા મળે છે. જીવન જરૂરિયાતની વસ્તુઓ વ્યાજબી ભાવે મળી રહે છે તેથી ઓનલાઈન શોપિંગનો ટ્રેન્ડ પણ હવે વધી રહ્યો છે. જેથી હાથના ટચ વડે ઘર બેઠાં કોઈ પણ વસ્તુ મળી રહે છે. તે જ રીતે કોઈ પણ સેવાનો લાભ મોબાઈલ એપ્લિકેશન દ્વારા મળી રહે છે.



તમને જાણીને નવાઈ થશે કે, સ્માર્ટ ડીવાઈસનો ઉપયોગ કરતા લોકો એક વર્ષમાં સરેરાશ 8 કિલોમીટર એટલે કે રોજનું 22 મીટર જેટલું સ્ક્રોલિંગ કરતા હોય છે. એક સ્ટડી મુજબ એક વર્ષમાં લોકો વધુમાં વધુ 556 વખત મોબાઈલ ચાર્જ કરતાં હોય છે. દિવસ દરમ્યાન લોકો 3થી 4 કલાક સુધી સ્માર્ટ ડીવાઈસનો ઉપયોગ કરતા હોય છે. પ્રતિ વ્યક્તિ 1 વર્ષ દરમ્યાન 145 GB જેટલો ડેટાનો વપરાશ કરે છે. તે પણ લૉકડાઉન દરમ્યાન ઘણો વધુ જોવા મળ્યો. લોકોની હવે કોમ્પ્યુટર પર ટાઈપિંગ કરતાં મોબાઈલમાં ટાઈપિંગની સ્પીડ વધું જોવા મળે છે.

મોટે ભાગના કામ હવે મોબાઈલ, ટેબલેટ તથા આઈપેડથી જ થઈ જાય છે. જેમકે ઈ મેઈલ કરવા-જોવા, ઈ-પેપર વાંચવું, ઈ-બુક વાંચવી, વીડિયો કૉલ પર વાત કરવી વગેરે. કોમ્પ્યુટરની જેમ મોબાઈલમાં પણ હવે મલ્ટી પ્લેયર ગેમ રમી શકાય છે. વાયરલેસ પ્રિન્ટરની મદદ થી મોબાઈલથી જ પ્રિન્ટિંગ અથવા તો સ્કેનિંગ થઈ શકે છે.

એક સ્ટડી મુજબ વધુ પડતા સ્માર્ટ ડીવાઈસના ઉપયોગથી ઈરુઈ એટલે કે ઈલેક્ટ્રો મેગ્નેટિક રેડિયેશન થાય છે. તેના લીધે વ્યક્તિના વર્તનમાં મોટો ફરક જોવા મળે છે. આ EMR ના રીએક્શન ના કારણે આંખની દ્રષ્ટિ નબળી થવી, બ્રેઈન કેન્સર, સ્લીપ ડિસઓર્ડર, શરીર ના દુખાવા જેવા ઘણા રોગ થતાં હોય છે. ખાસ કરીને યુવાન વધારે ભોગ બને છે. રાતે સૂતી વખતે પણ આ સ્માર્ટ ડીવાઈસ દુર રાખવા, નહીં તો વિચારવાની ક્ષમતા ઓછી થવા લાગે અને માનસિક તણાવ અનુભવાય. એટલે જરૂરી હોય તો જ સ્માર્ટ ડીવાઈસ નો ઉપયોગ કરવો જેથી આ બધી બીમારીઓને આપણાંથી દુર રાખી શકાય.

@beinghumanmj


LIFE INSURANCE

MORTGAGE/LINE OF CREDIT INSURANCE

Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE

★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies

★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)

★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla

416.320.4614

Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,

Toll : 1866.623.0865 Call For HONEST ADVICE

MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS





# ૬ મહાનગરોમાં ભાજપનો ડંકો, કોંગ્રેસ સાફ

| અમદાવાદ ૧૯૨ (બેઠક) | વડોદરા (૭૬) | સુરત (૧૨૦) | રાજકોટ (૭૨) | ભાવનગર (૫૨) | જામનગર (૬૪) |
|---|---|---|---|---|---|
| ભાજપ - ૧૫૯ (જીત) | ભાજપ - ૬૯ | ભાજપ - ૯૩ | ભાજપ - ૬૮ | ભાજપ - ૪૪ | ભાજપ - ૫૦ |
| કોંગ્રેસ - ૨૫ (જીત) | કોંગ્રેસ - ૦૭ | આપ - ૨૩ | કોંગ્રેસ - ૦૪ | કોંગ્રેસ - ૦૮ | કોંગ્રેસ - ૧૧ |

ગાંધીનગર : અમદાવાદ રાજ્યની ૭ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો છે જયારે કોંગ્રેસ કરૂણ રકાસ થયો છે. વિધાનસભાની આઠ પેટાચૂંટણીઓમાં વિજય મેળવ્યા બાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાંય ભાજપે વિજયનો સિલસીલો યથાવત રાખ્યો હતો.





તમામ મહાનગરપાલિકામાં કુલ મળીને ૪૫૦થી વધુ બેઠકો પર ભાજપે વિજય હાંસલ કરી ધાર્યો લક્ષ્યાંક પાર પાડયો હતો.

અમદાવાદમાં કોંગ્રેસને ઔવેસી નડયા હતાં. ચૂંટણી પરિણામો બાદ આપ અને ઔવેસીના પક્ષે ગુજરાતના રાજકારણમાં સત્તાવાર રીતે એન્ટ્રી કરી છે.

અમદાવાદ મહાનગર પાલિકાની ચૂંટણીમાં ભાજપે ૪૮ વોર્ડમાં ૧૫૮ બેઠકો પર વિજય મેળવ્યો હતો જયારે કોંગ્રેસનો એટલી હદે કરૂણ રકાસ થયો કે, ગત વખતે ૪૫ બેઠકો જીતી હતી પણ આ વખતે તે ઘટી માત્ર ૨૫ બેઠકો પર જ વિજય થયો હતો. ઔવેસીના પક્ષે કોંગ્રેસના મતોમાં ધ્રુવિકરણ કરીને રાજકીય લાભ મેળવ્યો હતો. જમાલપુર અને મકતમપુરામાં ઔવેસીના સાત ઉમેદવારો જિત્યા હતાં.જયારે લાંભા બેઠક પર અપક્ષ ઉમેદવાર કાળુભાઈ ભરવાડ ભારે બહુમતી સાથે વિજય હાંસલ કર્યો હતો.

સુરતમાં ભાજપે કદાચ સ્વપ્નમાં ય વિચાર્યુ નહી હોય કે આપ મેદાન મારી જેશે. પાટીલના ગઢમાં આપે ૨૭ બેઠકો જીતીને રાજકીય પંડિતોને ખોટા પાડયા હતાં. સુરતમાં કોંગ્રેસના ડખાને લીધે આપની દબાદભાભેર એન્ટ્રી થઈ હતી. ખાસ કરીને પાટીદાર પ્રભુત્વ મત વિસ્તારોમાં આપે કબજો જમાવ્યો હતો. આ ઉપરાંત ભાજપની જૂથબંધીનો ય આપને ફાયદો થયો હતો. સૌથી કરૂણ પરિસ્થિતી કોંગ્રેસની થઈ હતી કેમકે,કોગ્રેસને સમ ખાવા પુરતી ય એકેય બેઠક મળી હતી જેથી સુરત શહેરના કોંગ્રેસના નેતાઓ અચંબામાં મૂકાયા હતાં.

વડોદરા મહાનગરપાલિકામાં વર્ષ ૧૯૯૫થી ભાજપનું શાસન રહ્યુ છે જે આજેય કાયમ રહ્યુ હતું. વડોદરા શહેરની ૧૯ વોર્ડની ૭૬ બેઠકો પૈકી ૬૯ બેઠકો ભાજપે ફાળે ગઈ હતી જેના કારણે કોંગ્રેસના સૂપડા સાફ થઈ ગયા હતાં. ગત વખતથી સરખામણીમાં આ વખતે ભાજપને ૧૧ બેઠકોનો ફાયદો થયો હતો. વડોદરામાં ય ભાજપ મહાનગરપાલિકા પર કબજો જાળવી રાખ્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકામાં ૭૨ બેઠકો પૈકી ભાજપે ૬૮ બેઠકો જીતી બહુમતી `મેળવી હતી. નવાઈની વાત તો એ હતીકે,પ્રજાલક્ષી પ્રશ્નો માટે લડનારાં કોંગ્રેસના અતુલ રાજાણી,જાગૃતિ ડાંગર,મનસુખ કાલરિયા જેવા ઉમેદવારોની હાર થઈ હતી. કોંગ્રેસ માત્ર એક વોર્ડમાં જીતી હતી. માંડ ચાર ઉમેદવારો જીત મેળવી શક્યા હતાં. આમ આદમી પાર્ટી રાજકોટમાં ખાતુ ખોલાવી શકી ન હતી. આમ, મુખ્યમંત્રી વિજય રૂપાણીનો જાદુ છવાયો હતો. રાજકોટમાં કોંગ્રેસ જાણે વિપક્ષનું સ્થાન મેળવવાને લાયક રહી ન હતી.

જામનગર મહાનગર પાલિકામાં ભાજપે ૫૦ બેઠકો પર વિજય હાંસલ કર્યો હતો. કોંગ્રેસને ફાળે માત્ર ૧૧ બેઠકો જ આવી હતી. જામનગરમાં એક વોર્ડમાં બસપાની પેનલનો વિજય થયો હતો. આમ મતદારોએ માયાવતીના પક્ષને આવકાર આપ્યો હતો. બહુજન સમાજવાદી પાર્ટી વિજેતા થતાં ભાજપ-કોંગ્રેસ પણ ચોકી ઉઠયુ હતું. ભાવનગરપાલિકામાં ભાજપ ઐતિહાસિક જીત થઈ હતી.૧૦ વોર્ડમાં ભાજપની પેનલ વિજેતા થઈ હતી. માત્ર એક જ વોર્ડમાં કોંગ્રેસની જીત થઈ હતી. ગત વખત કરતાં આ વખતે કોંગ્રેસની બેઠકો ઘટી હતી જયારે ભાજપને ૧૦ બેઠકોનો ફાયદો થયો હતો. શરૂઆતના તબક્કાથી ભાજપ તરફી પરિણામો રહ્યા હતાં તે છેલ્લી ઘડી સુધી યથાવત રહ્યા હતાં જેના કારણે કોંગ્રેસમાં તો સન્નાટો ફલાયો હતો. ચૂંટણી પરિણામનો દિવસ હોઈ શહેરમાં રજા જેવો માહોલ સર્જાયો હતો.

## અમદાવાદ : ચૂંટણીમાં નાક કપાયા બાદ પાંચ જિલ્લાના શહેર પ્રમુખે આપ્યાં રાજીનામા

કોંગ્રેસ માટે નાક કપાવા જેવી વાત એ છે કે પારંપરિક ગઢ ગણાતી બેઠકો પણ આ વખતે કોંગ્રેસે ગુમાવી છે એટલે લાજથી બચવા માટે હવે કોંગ્રેસ બેકફૂટ પર આવી ગઈ છે. અમદાવાદ સુરત અને ભાવનગરના શહેર પ્રમુખોએ રાજીનામાં આપ્યા બાદ હવે વડોદરા શહેર પ્રમુખે પણ રાજીનામુ ધરી દીધું છે. . વડોદરામાં કોંગ્રેસને માત્ર ૭ બેઠકો મળી છે. જેને લઈને વડોદરા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રશાંત પટેલે પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું હતુ. અમદાવાદમાં શશીકાંત પટેલે પ્રમુખ પદેથી રાજીનામું આપ્યુ છે. ખુદ કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ પ્રદેશ પ્રમુખના હાથમાં રાજીનામું ધરી દીધું હતું. સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ બાબુ રાયકાએ પ્રમુખ પદેથી રાજીનામુ આપી દીધું છે. એજ રીતે ભાવનગર શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રકાશ વાઘાણીએ તથા રાજકોટમાં અશોક ડાંગરે પણ રાજીનામું ધરી દીધી હતી.



## ગૃહમંત્રી અમિત શાહ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માન્યો ગુજરાતની જનતાનો આભાર

ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતની જનતા, ભાજપના નેતાઓને અભિનંદન પાઠવ્યા છે. તેમણે ટ્વીટ કરી શુભકામના આપતા જણાવ્યું કે, મહાનગરોની સ્થાનિક સ્વરાજય ચૂંટણીમાં ભાજપના વિકાસ અને પ્રગતિના પ્રતીક ઉપર ફરીથી વિશ્વાસ કરવા બદલ હું ગુજરાતની જનતાને હ્દયપૂર્વક અભિનંદન આપું છું. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરી કહ્યું કે, આભાર ગુજરાત, રાજ્યની મ્યુનિસિપલ ચૂંટણીઓનાં પરિણામો સ્પષ્ટપણે બતાવે છે કે લોકો વિકાસની રાજનીતિ અને સુશાસન પ્રત્યેની અતૂટ વિશ્વાસ ધરાવે છે. ફરી એકવાર ભાજપ પર વિશ્વાસ કરવા બદલ રાજ્યની જનતાનો આભારી છે. હું ગુજરાત ભાજપના દરેક કાર્યકર્તાને અભિનંદન પાઠવું છું જેઓ લોકો સુધી પહોંચી રાજ્ય માટેનું વિઝન દર્શાવ્યું છે.

## ગાંધીનગર : ગુજરાતના મતદારો કોંગ્રેસને હવે વિપક્ષને લાયક ગણતા નથી : રૂપાણી

અમદાવાદ : સુરત, અમદાવાદ અને રાજકોટના ચૂંટણી પરિણામો આ જ નિર્દેશ આપી રહ્યા હોવાનું મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ભાજપના ૭ મહાનગરપાલિકાના ભવ્ય વિજયની ઉજવણી કરવા અમદાવાદમાં યોજાયેલી જાહેર સભામાં બોલતા જણાવ્યું હતું. વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે આ ચૂંટણીમાં અમને પણ દયા આવી જાય તેટલી બેરહેમીથી જનતાએ કોન્ગ્રેસના ઉમેદવારોને માર્યા છે. તેમણે ડિપોઝિટ પણ ગુમાવવી પડી છે. ખેડૂત આંદોલનને નામે, ભ્રષ્ટાચારને નામે, મોંઘવારીને નામે કોન્ગ્રેસે માત્ર ને માત્ર ભ્રમ ફેલાવી ગુજરાતની જનતાને ગેરમાર્ગે દોરવાની જ કામગીરી કોન્ગ્રેસે કરી છે. આ સાથે જ દરેક કોર્પોરેટરને ભાજપમાં જનતાએ મૂકેલો વિશ્વાસ એળે ન જાય તે માટે પાંચ વર્ષ સુધી સતત સંઘર્ષ કરવા આવાહન કર્યું હતું. કોંગ્રેસના ઉમેદવારોને લોકો એવિપક્ષમાં બેસાડવા માટે પણ લાયક ગણ્યા નથી.

## રાજકોટમાં ૬૮ બેઠક ઉપર ભાજપનો ભવ્ય વિજય, કોંગ્રેસના માંડ ૪ જીત્યા

રાજકોટ : રાજકોટ મહાપાલિકાના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટેની ફેબ્રુઆરી-૨૦૨૧ની ચૂંટણીની આજે મતગણત્રી થતા ભાજપને અકલ્પનીય અને આશ્ચર્યજનક રીતે ૭૨માંથી ૬૮ બેઠકો પર એટલે કે ૧૭ વોર્ડમાં ભવ્ય વિજય થયો હતો. સંપ અને સંઘ બળથી ભાજપે રાજકોટમાં ધારી બેઠકો મેળવી હતી. જ્યારે કોંગ્રેસમાં માત્ર વોર્ડ નં.૧૫માં પેનલના ચાર ઉમેદવારો વિજેતા થયા હતા. પેટ્રોલ ડીઝલ, સિંગતેલના આજે પણ અસહ્ય વધતા ભાવથી મોંઘવારી, ટ્રાફિક દંડ વગેરેથી લોકોની તીવ્ર નારાજગી અને રોષ વચ્ચે યોજાયેલી ચૂંટણીમાં મતદારોએ માથાકૂટને બદલે મોંઘવારીના મુદે જતુ કર્યુ છે અને આંતરિક ઝઘડા માટે કઠોર દંડ દીધો છે. પરિણામમાં રાજકોટમાં વોર્ડ નં.૧થી ૧૪માં અને વોર્ડ નં.૧૬થી ૧૮ એમ કૂલ ૧૭ વોર્ડમાં સળંગ ભાજપનો વિજય થયો છે. કોંગ્રેસ કે આપ સહિત કોઈ પક્ષને એક બેઠક નથી મળી. આવું ભૂતકાળમાં કદિ બન્યું નથી. મુખ્યમંત્રીના ધારાસભા મતક્ષેત્રની તમામ બેઠકો ભાજપને મળી છ ઉપરાંત કોંગ્રેસના વર્ષોથી ગઢ એવા વોર્ડ નં.૧૬, ૧૭,૧૮થી માંડીને વોર્ડ નં.૨,૩,૧૩,૧૦માં કોંગ્રેસના મજબૂત ઉમેદવારોનો પણ પરાજય થયો હતો. વોર્ડ નં.૨માં ત્રણ ટર્મથી સક્રિય અતુલ રાજાણી, વોર્ડ નં.૧૦માં મનસુખ કાલરિયા, મહિલા કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ગાયત્રીબા વાઘેલા વોર્ડ નં.૩માં, વોર્ડ નં.૧૭માં શહેર કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ મેયર અશોક ડાંગર, વોર્ડ નં.૧૩માં જાગૃતિબેન ડાંગર પણ પછડાયા હતા.

### કોંગ્રેસમાં ઘોર હતાશાનું મોજુ, તો ભાજપમાં ઉત્સાહનું ઘોડાપૂર રાજકોટમાં ઠેરઠેર વિજયોત્સવ

## ભાવનગર મનપાની ચૂંટણીમાં ૪૪ બેઠક પર કમળ ખીલ્યું, કોંગ્રેસનો ૮ પર વિજય

ભાવનગર : ભાવનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં આજે મંગળવારે ભાજપનો ઐતિહાસીક વિજય થયો છે, જયારે કોંગ્રેસનો કારમો પરાજય થયો છે. ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોનો વિજય થતા અગ્રણી-કાર્યકરો ગેલમાં આવી ગયા હતા અને ગુલાલ ઉડાડી વિજેતા ઉમેદવારોના હારતોરા કરવામાં આવ્યા હતાં. ભાજપ-કોંગ્રેસના વિજેતા ઉમેદવારોનુ વિજય સરઘસો શહેરના જુદા જુદા વોર્ડમાં કાઢવામાં આવ્યા હતા, વિદ્યાનગર ખાતે આવેલ સરકારી ઈજનેરી કોલેજ ખાતે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. મહાપાલિકાની ચૂંટણી માટે કુલ ૪૬૯ મતદાન મથક પર મતદારોએ આનંદમય માહોલમાં મતદાન કર્યુ હતું. આ ચૂંટણી માટે ૧૬૧૪ ઈવીએમનો ઉપયોગ થયો હતો, જેમાં ૫૩૮ બેલેટ યુનીટ અને ૧૦૭૬ કન્ટ્રોલ યુનીટનો સમાવેશ થાય છે. મહાપાલિકાની ચૂંટણીમાં કુલ મતદારમાંથી આશરે ૨,૫૯,૬૫૯ મતદારે મતદાન કર્યુ હતુ, જેમાં આશરે ૧,૪૩,૦૧૪ પુરૂષ મતદાર અને આશરે ૧,૧૬,૬૪૫ સ્ત્રી મતદારે મતદાન કર્યુ હતું. કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યુ છે. ઈવીએમ અને પોસ્ટલ બેલેટના મત ગણવામાં આવ્યા હતાં. કોર્પોરેશનમાં ૧૩ વોર્ડ હોવાથી જુદા જુદા ચાર રૂમમાં તબક્કાવાર ચાર-ચાર વોર્ડની મતગણતરી કરવામાં આવી હતી અને છેલ્લે એક વોર્ડની મતગણતરી કરવામાં આવી હતી. મનપાની કુલ પર બેઠકમાં ભાજપને ૪૪ બેઠક મળી હતી અને કોંગ્રેસને માત્ર ૮ બેઠક મળી હતી.

### વિજેતા ઉમેદવારોના સરઘસ નિકળ્યા : અગ્રણી-કાર્યકરો ગેલમાં : ગુલાલ છાંટી હારતોરા

# પાલિકા-પંચાયતોની ૫,૪૮૧ બેઠકો માટે ૨૮મીએ મતદાન

ગાંધીનગર : ૬ મ્યુનિસિપલ કોર્પોરેશન બાદ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં બીજા તબક્કે પાલિકા- પંચાયતો માટે ૨૮ ફેબ્રુઆરીને રવિવારે ૫,૪૮૧ બેઠકો માટે મતદાન યોજનાર છે. આથી, મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક પહેલા ગ્રામિણ-અર્ધ શહેરી ક્ષેત્રોમાં શુક્રવારની સાંજે ૬ કલાકથી તમામ પ્રકારના માધ્યમોથી પ્રચાર- પડઘમ બંધ કરવા ચૂંટણી અધિકારીઓએ સુચના વહેતી કરી છે. આ ચૂંટણીમાં ભાજપ- કોંગ્રેસ સહિત ૨૨,૧૭૦ ઉમેદવારો મેદાને છે. મહાનગરોથી તદ્દન વિપરિત સમીકરણો વચ્ચે ગ્રામિણ અને અર્ધ શહેરી ક્ષેત્રોની ચૂંટણી હકિકતમાં વિધાનસભા ચૂંટણીની પારાશીશી કહેવાય છે.



છ શહેરોમાં કોંગ્રેસના રકાશ અને ભાજપના યુવા ઉમેદવારોના વિજય પછી આ બંને પક્ષના ધારાસભ્યોએ પોતાના મુળિયા ઊંડા કરવા છેલ્લી ઘડીએ એડીચોટીનું જોર અજમાવ્યુ છે. સુરતમાં છછઁ અને અમદાવાદમાં છૈંસ્ની એન્ટ્રી બાદ ભાજપ- કોંગ્રેસના નેતાઓએ ૨૧ મહિના પછી ડિસેમ્બર-૨૦૨૨માં યોજનારી વિધાનસભા ચૂંટણીને નજર સામે રાખીને ગુરૂવારે ચૂંટણી પ્રચાર કર્યો હતો. શુક્રવારે પણ અનેક જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોમાં બાઈક રેલી, સભાઓનું આયોજન કરવામા આવ્યુ છે. તો બીજી તરફ રવિવારે પોતાના તરફ મતદાન માટે બુથ લેવલે માઈક્રો પ્લાનિંગ થઈ રહ્યુ છે. ૩૧ જિલ્લા અને ૨૩૧ તાલુકા પંચાયત તેમજ ૮૧ નગર પાલિકાઓમાં રવિવારે યોજનારા મતદાન માટે ચૂંટણી ૨ કરોડ ૯૭ લાખ ૨૯ હજાર ૮૭૧ મતદારો નોંધાયેલા છે. આ ચૂંટણીમાં ૧૨,૩૩૪ મતદાન મથકો સંવેદનશીલ, અતિ સંવેદનશીલ છે. રવિવારે શાંતિપૂર્ણ માહોલમાં મુક્ત અને ન્યાયી મતદાન વ્યવસ્થા માટે ૭૪,૨૧૪થી વધુ પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવી રહ્યો છે.

દોઢ- બે દાયકામાં ગુજરાતમાં પહેલીવાર પાલિકા- પંચાયતોમાં હરિફ પક્ષના ઉમેદવારોને ધાક- ધમકી આપીને, લોભ લાલચ આપીને મોટાપાયે ઉમેદવારી ફોર્મ પાછા ખેંચાવવામા આવ્યા છે. જેના કારણે ભાજપ- કોંગ્રેસ અને અન્ય અપક્ષ ઉમેદવારોના ટેકેદારો વચ્ચે પોલીસ ફરિયાદો પણ નોંધાઈ છે. કેટલાક કિસ્સાઓમાં તો ચૂંટણી અધિકારીઓની તટસ્થા સામે જ સવાલો ઉઠતા હાઈકોર્ટને આદેશો આપવા પડયા છે. આ તમામ સ્થિતિઓ વચ્ચે રવિવારે પાલિકા- પંચાયતની ૨૩૭ બેઠકો ઉપર મતદાન યોજાશે નહી, કારણ કે આ તમામ બેઠકોને ચૂંટણી આયોગે બિનહરિફ વિજેતા જાહેર કરી છે. ૨૩૭માંથી ૨૩૦ ભાજપના છે, જેમને નાગરીકોએ પસંદ કર્યા નથી તોય પાંચ વર્ષ માટે લોક પ્રતિનિધિત્વ કરશે !

## ગાંધીનગરમાં ફાયરબ્રિગેડે બે મોલ સહિત આમ આદમી પાર્ટીની ઓફિસને સીલ માર્યુ

ગાંધીનગર : ગાંધીનગરના અટીરા બિઝનેસ હબમાં આવેલા આમ આદમી પાર્ટીના કાર્યાલયને ફાયરબ્રિગેડે સીલ મારી દીધુ છે. પાટનગરમાં આપના કાર્યાલય ઉપરાંત અટીરા બિઝનેસ હબની 30થી વધુ દુકાનો અને અન્ય વિસ્તારમાં આવેલા બે મોલ પણ સીલ કરી દેવાતા વેપારીઓમાં દોડધામ મચી છે. ગાંધીનગર ફાયર વિભાગના અધિકારી મહેશ મોડે કહ્યું કે, અવારનવાર નોટીસો આપવા છત્તાં આજ સુધી સરગાસણનાં અટીરા બિઝનેસ હબ, સિદ્ધરાજ ઝોરીનાં બી – માર્ટ મોલ તેમજ કુડાસણનાં વૃંદાવન ટ્રેડ સેન્ટરમાં આવેલ મૅપલ મોલના માલિકોએ ફાયર સેફ્ટીની સુવિધા કરી નથી. આ એકમોના માલિકોને નોટિસ આપીને ફાયર સેફ્ટીની વ્યવસ્થા કરી લઈને નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવી લેવાની સૂચના અપાઈ હતી.

## ઊંઝા પાલિકામાં ભાજપ સામે ઉમેદવારો ઉભા રાખવા ભારે પડયું, ૪ સામે ફરિયાદ

- ૨૦ કરોડના વેપારમાં જીએસટી ચોરી કેસમાં વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાઈ

ઊંઝા : ઊંઝા નગરપાલિકાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે કામદાર પેનલના કર્તાહર્તા ધમા મિલન સહિત ચાર સામે ડોક્યુમેન્ટનો દુરુપયોગથી ૨૦ કરોડના વેપારમાં જીએસટી ચોરી કરવાના કેસમાં કામલીના યુવકે ફરિયાદ ચૂંટણી ટાણે નોંધાવતા સનસનાટી મચી ગઈ છે.

ઊંઝા તાલુકાના કામલીના રાજેન્દ્રસિંહ પ્રહલાદજી રાજપૂતે પોલીસ ફરિયાદ આપી છે કે બાર મહિનાઅગાઉ અમારા ગામ કામલીના ઉર્ફે શંકર મફતલાલ પટેલ સાથે સંપર્ક થતાં તેઓએ મહિને ૧૦ થી ૧૫ હજાર રૂપિયા મળે તેવા ધંધાની વાત કરી મારા આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, પાનકાર્ડ જેવા ડોક્યુમેન્ટથી ટ્રાન્સપોર્ટનો ધંધો શરૂ કરવાની લાલચ આપી હતી. જે પેટે સુપથ્ય કોમ્પ્લેક્ષમાં ભાડે દુકાન રાખી મારા ડોક્યુમેન્ટ જીએસટી નંબર તથા બેંક ખાતુ પણ ખોલી ઓફીસ ચાલુ કરી હતી. શરૂઆત ચાર માસ સુદી મહિને ૧૫૦૦૦ રૂપિયા રોકડા આપેલ હતા. પરંતુ ત્રબાદ લોકડાઉન થતાં ધંધો બંધ કરેલ છે તેવું જણાવી રૂપિયા આપવાનું પણ બંધ કરેલ હતું. ત્યારબાદ જીએસટી વિભાગની રેડ થઈ ત્યારે જાણવા મળેલ કે સંજયભાઈ ઉર્ફે શંકર પટેલ તેમજ સંજયભાઈ ઉર્ફે સંજય માધાભાઈ પ્રહલાદભાઈ તથા પારસ પટેલ અને ધર્મેન્દ્રભાઈ ઉર્ફે ધમો મિલન રાયચંદભાઈ પટેલ બધા ઈસમો ભેગા મળીને ગેરકાયદે પેઢી ઉભી કરીખોટા બિલીંગથી આશરે રૂા. ૨૦,૦૧,૬૯,૬૭૦-ના માલનું વેચાણ કરી તે રકમની જીએસટી ચોરી કરેલ હોવાનું બહાર આવેલ હતું.

## મુખ્યમંત્રીના હેલિકોપ્ટર પ્રવાસ ખર્ચ કોના શિરે ? : ચૂંટણી પંચમાં ફરિયાદ

અમદાવાદ : મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજકોટ સ્થિત મતદાન કેન્દ્રમાં મતદાન કર્યું હતું. કોરોનાનેમ્હાત આપી રૂપાણી મતદાન કરવા હેલિકોપ્ટરમાં રાજકોટ પહોંચ્યાં હતાં. ચૂંટણી દરમિયાન સરકારી હેલિકોપ્ટરનો ઉપયોગ કરતાં કોંગ્રેસે ચૂંટણીપંચમાં ફરિયાદ કરી હતી. આ વખતે મહાનગરપાલિકાની ચૂંટણીમાં મતદારો નિરસ રહ્યાં હતાં. ઓછા મતદાનને લીધે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સૂચના આપવી પડી હતી જેના લીધે ભાજપના નેતાઓએ મતદાન કેન્દ્રો પર દોડતાં થયા હતાં. આ તરફ,કોંગ્રેસે સૂચના આપી હતીકે, છેલ્લા કલાકમાં બોગસ મતદાન ન થાય તે માટે ધ્યાન રાખવું જેના કારણે કોંગ્રેસના કાર્યકરો એ મતદાન કેન્દ્રો પર અડિંગા જમાવી દીધા હતાં.

## નડિયાદમાં અપક્ષ ઉમેદવારો શાસક ભાજપ માટે ચંતાનું કારણ બની ગયા

ભાજપ : નડિયાદ નગરપાલિકાની ચૂંટણી માટે મતદાન થવાના ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે રાજકીય વાતાવરણમાં ભારે ગરમાવો આવી ગયો છે. રાષ્ટ્રીય પક્ષો એડીચોટીનું જોર લગાવીને જીત હાંસલ કરવામાં લાગ્યા છે ત્યારે અપક્ષોની દાવેદારીથી સત્તાધારી ભાજપ પક્ષને ભારે ચિંતામાં મૂકાવાનો વારો આવ્યો છે.



નડિયાદ નગરપાલિકાની ૫૨ બેઠકોના ૧૧૩ જેટલા ઉમેદવારોમાંથી ૩૩ જેટલા ઉમેદવારો અપક્ષ છે. આ અપક્ષ ઉમેદવારો મોટી સંખ્યામાં મતો તોડી શકે તેમ હોવાથી ભાજપ ચિંતામાં મૂકાયેલો છે. ગત ચૂંટણીમાં પણ ભાજપને ફાળે ૫૨માંથી ૪૧ બેઠકો આવી હતી તો ૯ બેઠકો અપક્ષ અને માત્ર ૨ બેઠક કોંગ્રેસને મળી હતી. આ સ્થિતિમાં આ વખતે કોંગ્રેસે અમુક બેઠકો પર અપક્ષોને ટેકો આપીને ૩૦ જ ઉમેદવાર ઊભા રાખ્યા છે. પ્રચારના શોરબકોરમાં બન્ને પક્ષોએ તદન જુદી જુદી પદ્ધતિ અપનાવી છે. સત્તાધારી ભાજપના ઉમેદવારો કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓના નામે મત અંકે કરવામાં લાગ્યા છે તો કોંગી ઉમેદવારો મોંઘવારી-બેરોજગારીના એવરગ્રીન મુદ્દાઓ પર મત માગી રહ્યા છે. આ સ્થિતિમાં સ્થાનિક અને લોકોને સ્પર્શતા મુદ્દાઓને વાચા આપનારા અપક્ષ ઉમેદવારો બાજી મારી જાય તેવી ભીતિ પણ અંદરખાને સેવાઈ રહી છે.

## બોરસદમાં ૫૫ જેટલા અપક્ષ ઉમેદવારો ભાજપ અને કોંગ્રેસ માટે પડકારજનક

આણંદ : આણંદ જિલ્લાની છ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી આગામી તા.૨૮ ફેબુઆરી, ૨૦૨૧ના રોજ યોજાનાર છે ત્યારે હાલ જિલ્લાની વિવિધ નગરપાલિકામાં ઉમેદવારી નોંધાવનાર ઉમેદવારો દ્વારા પ્રચારનો ધમધમાટ તેજ કરી દેવાયો છે. જિલ્લાની બોરસદ નગરપાલિકામાં અપક્ષ ઉમેદવારોનો રાફડો ફાટતા ભાજપ, કોંગ્રેસ માટે કપરાં ચઢાણ છે તો બીજી તરફ પેટલાદ નગરપાલિકામાં પણ ત્રિપાંખીયો જંગ ખેલાવાની શક્યતાઓ જોવાઈ રહી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંતર્ગત આણંદ જિલ્લામાં છ નગરપાલિકા, આઠ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે ત્યારે હાલ જિલ્લામાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. આ વખતે ભાજપ-કોંગ્રેસની મારમારીમાં પક્ષથી નારાજ કેટલાક દાવેદારોએ અપક્ષમાં પણ ઉમેદવારી નોંધાવી છે. જિલ્લાની




બોરસદ નગરપાલિકામાં આ વખતની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારોનો રાફડો ફાટયો છે અને સૌથી વધુ ૫૫ ઉમેદવારોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. જેને લઈ બોરસદ નગરપાલિકાની ચૂંટણી ભારે રસાકસી ભરી રહેનાર હોવાની શક્યતાઓ જોવાઈ રહી છે. બોરસદ નગરપાલિકાની ચૂંટણીમાં ૧૧૧ ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. જૈ પૈકી ૫૦ ટકા જેટલા ઉમેદવારો અપક્ષમાં છે.

## ડીસામાં ભાજપમાં બગાવત કરનારા ૧૨ કાર્યકર્તાઓને સસ્પેન્ડ કરી દેવાયા

ડીસા : ડીસામાં નગરપાલિકાની ચૂંટણીને લઈ રોજે રોજ દરેક પક્ષમાં નવા નવા વળાંકો આવી રહ્યા છે. ત્યારે આગામી સમયમાં યોજાનારી નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના જ સભ્યો ભાજપ પાર્ટી વિરુદ્ધ કામ કરતા ભાજપ પક્ષ દ્વારા ૧૨ કાર્યકર્તાઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં આગામી સમયમાં જ્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાનાર છે ત્યારે દરેક પક્ષ પોતાની જીત માટે અત્યારથી જ એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ખાસ કરીને ૨૮ ફેબ્રુઆરીના રોજ જ્યારે ડીસા, પાલનપુર અને ભાભર નગરપાલિકાની ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે ત્યારે અનેક લોકોની ભાજપમાંથી ટિકિટો કપાતા હાલમાં ભાજપના જ સભ્યો ભાજપ પાર્ટી વિરુદ્ધ કામ કરી રહ્યા છે. ત્યારે ગત રોજ પાલનપુરમાં ભાજપ પાર્ટી વિરુદ્ધ કામ કરતા ૬ લોકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

સસ્પેન્ડ થયેલા સભ્યોમાં (૧) મંજુલાબેન કિરણભાઈ રાવળ (૨) કિરણભાઈ બાબુલાલ રાવળ (૩) રમેશભાઈ અમરાજી માજીરાણા (૪) જ્યોત્સનાબેન વિપુલકુમાર પઢીયાર (૫) વિપુલકુમાર રમેશભાઈ પઢીયાર (૬) મધુબેન શ્રવણભાઈ કેલા (૭) કલ્પનાબેન ચંદ્રકાંતભાઈ આચાર્ય (૮) ચંદ્રકાન્તભાઈ પરષોત્તમભાઈ આચાર્ય (૯) દાડમબેન કુંભાજી માળી (૧૦) કુંભાજી ધૂંખાજી ગેલોત (૧૧) રતીલાલ સ્વપપલાલ ત્રિવેદી (૧૨) વિજયકુમાર ઈશ્વરલાલ દવેનો સમાવેશ થાય છે.

SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.

જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

# અમદાવાદમાં ભાજપનો દબદબો : ઓવૈસીની પાર્ટીની એન્ટ્રી



અમદાવાદ : મંગળવારે જાહેર થયેલાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૧૯૧ બેઠકોના પરીણામ બાદ શહેરમાં સતત ચોથી વખત કમળ ખીલી ઉઠયું છે.અમદાવાદનાં કુલ ૪૮ વોર્ડમાંથી ૩૧ વોર્ડમાં તો ભાજપની આખી પેનલ વિજેતા બની છે. ભાજપને આ વખતના પરીણામોમાં કુલ ૧૫૯ બેઠકો મળી છે.જે ગત ચૂંટણી કરતા ૧૭ બેઠક વધુ છે.અમદાવાદ શહેરના આવેલા પરીણામે ફરી એકવખત સ્પષ્ટ કર્યુ છે કે,જનાદેશ ભાજપની સાથે છે.અમદાવાદમાં આમ આદમી પાર્ટીનો જાદુ ચાલ્યો નથી.

બીજી તરફ અમદાવાદમાં ઔવેસીની પાર્ટી એઆઈએમઆઈએમને જમાલપુર વોર્ડમાં ચાર બેઠક જયારે મકતમપુરા ત્રણ બેઠકો મળતા કોંગ્રેસની છાવણીમાં સન્નાટો છવાઈ ગયો હતો.આ તરફ કોંગ્રેસને શહેરના પાંચ વોર્ડમાં પેનલના તમામ ઉમેદવારોના વિજય સાથે કુલ મળીને ૨૫ બેઠક મળી શકી છે. આ સિવાય તમામ વોર્ડમાંથી મતદારોએ જાકારો આપ્યો છે.લાંભામાં એક બેઠક અપક્ષ ઉમેદવારને મળી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ૨૧ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં ૧૯૧ બેઠકો માટે ૪૨.૪૧ ટકા મતદાન થવા પામ્યું હતું.અમદાવાદમાં કુલ ૭૭૩ જેટલા ઉમેદવારોએ ચૂંટણીજંગમાં ઝંપલાવ્યુ હતું. શહેરમાં એલ.ડી.એન્જીનિયરીંગ અને ગુજરાત કોલેજ ખાતે સવારથી શરૂ થયેલી મતગણતરી બાદ જે પ્રમાણે શરૂઆતી રૂઝાન અને બાદમાં પરીણામો જાહેર થવા લાગ્યા હતા એ પરથી જ સ્પષ્ટ બન્યુ હતું કે,ભાજપ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં સતત ચોથી વખત સત્તા સ્થાને બેસશે.

મતગણતરી અગાઉ જ ભાજપે નારણપુરા વોર્ડમાં એક ફોર્મ ટેકનીકલ કારણોસર રદ કરી દેવાતા બિનહરીફ મેળવી લીધી હતી.આજે જાહેર થયેલા પરીણામોમાં ૩૧ વોર્ડમાં ભાજપની આખી પેનલ ચૂંટાઈ આવતા કોંગ્રેસનો ભારે રકાસ થયો હતો. ઉપરાંત શહેરના ચાર વોર્ડમાં ભાજપે વોર્ડ દીઠ ત્રણ-ત્રણ બેઠકો પર જીત મેળવતા વર્ષ-૨૦૧૫ની ચૂંટણીના પરીણામોથી પણ વધુ બેઠક ભાજપને અમદાવાદમાં આ વખતના પરીણામ બાદ મળવા પામી છે.વર્ષ-૨૦૧૫માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કુલ ૪૬.૫૧ ટકા મતદાન થયું હતુ.પરીણામ આવ્યા એ સમયે ભાજપને કુલ ૧૯૨ બેઠકોમાંથી ૧૪૨ બેઠકો મળી હતી.

## વડોદરામાં ૭૬ પૈકી ૬૯ પર ભાજપનો કબજો : કોંગ્રેસને ફક્ત ૭ બેઠકો મળી

વડોદરા : વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન પર ફરી ભાજપનો ભગવો લહેરાયો છે. કોર્પોરેશનની ૧૯ વોર્ડની ૭૬ બેઠક પર યોજાયેલી ચૅંટણીમાં ભાજપે૬૯ બેઠકો જીતી લઈ ભગવો ફરકાવી દીધો છે. કોંગ્રેસના તો સૂપડાં સાફ થઈ ગયા છે કોંગ્રેસને માત્ર ૭ બેઠક મળી છે. ૧૯૯૫થી કોર્પોરેશનમાં ભાજપનું શાસન છે અને તેના પર ભાજપે કબજો જાળવી રાખ્યો છે.

વડોદરામાં પોલિટેકનિક કોલેજ ખાતે મતગણતરી સવારે શપ થઈ ત્યારે ઉમેદવારોના સમર્થકોના ટોળેટોળાં ઉમટી પડયા હતાં અને ઉત્તેજનાભર્યો માહોલ સર્જાયો હતો. શપઆતમાં વોર્ડ નંબર-૧૬નું પરિણામ જાહેર થયું હતું. આ વોર્ડમાં કોંગ્રેસના ઉમેદવાર ચન્દ્રકાંત ભથ્થુ અને તેમની પેનલ આગળ ચાલે છે તેવી વાતો વચ્ચે આ બેઠક પર બે ભાજપ અને બે કોંગ્રેસને બેઠકો મળી હતી. ચંન્દ્રકાંત ભથ્થુની પેનલ તોડવામાં ભાજપને સફળતા મળી હતી. આ બેઠકના રિઝલ્ટ બાદ વોર્ડ નંબર-૧ની બેઠકનું પરિણામ જાહેર થયું હતું. આ વોર્ડમાં કોંગ્રેસની પેનલે પોતાની બેઠકો જાળવી રાખી હતી.

વોર્ડ નંબર-૧૬ની બેઠક પર ભાજપના બે ઉમેદવારો વિજયી થતા ભાજપની છાવણીમાં ઉત્સાહ સર્જાયો હતો અને ભાજપના ઝંડા ડીજેની ધૂન સાથે ફરકવા માંડયા હતાં. બાદમાં તબક્કાવાર હાથ ધરાયેલી મતગણતરીમાં ભાજપની બેઠકો સતત વિજયી ઘોષિત થતી હતી.

## છ કોર્પોરેશનમાં કોંગ્રેસના ૧૭૮ સહિત કુલ ૧૩૪૦ ઉમેદવારોની ડિપોઝિટ ડૂલ

ગાંધીનગર : છ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસના ૧૭૮ સહિત ૧૩૪૦થી વધુ ઉમેદવારોને પ્રચારનો ખર્ચો તો માથે પડયો જ છે પણ હવે તેમને ડિપોઝિટમાં ભરેલા રૂપિયા ત્રણ ત્રણ હજાર પણ પાછા મળે તેમ નથી ! વિવિધ રાજકીય પક્ષોને મળેલાં મતનાં આંકડા મુજબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં ઓછા મતદાન વચ્ચે પણ ભાજપના શહેરી મતદારોની સંખ્યામાં ૨.૮૦ ટકાનો વધારો નોંધાયો છે. જ્યારે કોંગ્રેસના મતદારોમાં આમ આદમી પાર્ટીએ ભાગ પડાવ્યો હોય તેવુ ચિત્ર વિશ્લેષણમાં સ્પષ્ટ થાય છે. આ ચૂંટણીમાં કુલ ૨૨૭૬ ઉમેદવારોએ ઝંપલાવ્યુ હતુ, જેમાંથી ૫૭૬નો વિજય થયો છે. નવેમ્બર ૨૦૧૫ કરતા ફેબ્રુઆરી -૨૦૨૧માં ૬ મહાનગરોમાં કોરોનાને કારણે ચૂંટણીનો માહોલ બરાબર જામ્યો નહોતો. છતાંયે ભાજપનો વોટ શેર ૫૦.૨૮ ટકાથી વધીને ૫૩.૦૮ ટકાએ પહોંચ્યો છે. ૬ શહેરોમાંથી ભાજપને સૌથી વધુ વોટ શેર વડોદરામાં ૫૭.૦૧ ટકા રહ્યો છે જ્યારે સૌથી ઓછા મત ૪૮.૯૩ ટકા મળ્યા છે. આ સાથે જ ભાજપને ૫૭૫માંથી ૪૮૨ બેઠકો મળી છે. તો બીજી તરફ ૧૭૫માંથી માત્ર ૫૫ બેઠકોમાં સમેટાયેલી કોંગ્રેસને શહેરોમાં રહ્યોસહ્યો જનાધાર ૪૧.૫૭ ટકાથી ઘટીને ૨૬.૮૬ ટકા થઈ ગયો છે. કોંગ્રેસના ૧૪.૭૧ ટકાના આ ઘટાડા વચ્ચે ૧૩.૯૮ ટકાની નવી વોટબેંકથી આપ અને ૧.૪૫ ટકા વોટથી આપની એન્ટ્રી થઈ છે.

## સુરતમાં ફરી કેસરીયો લહેરાયો, કોંગ્રેસ સાફ, આપનો ઉદય

સુરત :ુરત મહાનગરપાલિકાની ચુંટણીમાં પહેલી વાર ત્રીપાંખીયો જંગ થયો હતો જેમાં કોંગ્રેસનો સંપુર્ણ સફાયો થયો હતો. સુરતની ૧૨૦ બેઠકમાંથી કોગ્રેસને સમ ખાવા પુરતી એક બેઠક પણ મળી ન હતી. મિશન-૧૨૦ સાથે ચૂંટણી લડી રહેલા ભાજપને ૯૩ બેઠકથી સંતોષ માનવો પડયો છે પણ મ્યુનિ.માં સતત છઠ્ઠીવાર કેસરીયો લહેરાયો છે. જ્યારે પહેલી વાર ચુંટણી લડી રહેલી આમ આદમી પાર્ટીએ પાટીદારોની મદદથી ૨૭ બેઠકો પર કબ્જો કરતાં સુરતમાં આપનો ઉદય થયો હતો.

સુરત મ્યુનિ.ની ૧૨૦ બેઠકની ચુંટણીમાં ભાજપે ૯૩ બેઠક જીતીને સતત છઠ્ઠીવાર સંપુર્ણ બહુમતિ મેળવી લીધી છે. ગત વખતની ચુટણી કરતાં ભાજપને ૧૩ બેઠકનો ફાયદો થયો છે. ૨૦૧૫ની ચુંટણીમાં પાટીદાર અનામત આંદોલનના કારણે કોગ્રેસને ૩૬ બેઠક મળી હતી. પરંતુ આ વખતે પાસ સાથે બખેડો થયાં બાદ




કોંગ્રેસનો સંપુર્ણ સફાયો થયો છે. કંગાળ મતદાન વચ્ચે પાટીદારના સાથથી પહેલી વખત ચુંટણી લડી રહેલી આમ આદમી પાર્ટીએ પ્રભાવી દેખાવ કરીને ૨૯ બેઠકો પર કબ્જો કરી દીધો છે.

કતારગામ વોર્ડમાં ભાજપમાં ચાલતી જુથબંધીના કારણે ભાજપના ગઢમાં ગાબડા પડયા છે અને વોર્ડ નંબર-૭ તથા ૮માં પણ આપની ત્રણ બેઠક આવી છે. જોકે, ૯૩ બેઠક મેળવવા સાથે ભાજપે સુરત મ્યુનિ. પર સતત છઠ્ઠી વખત ભગવો લહેરાવવામાં સફળ થઈ છે. આ વિજય સાથે ભાજપના કાર્યકર્તા અને નેતાઓનો ઉત્સાહ બેવડાયો છે. ભાજપ મીશન ૧૨૦ લઈને ચાલતું હતું જેમાં કોંગ્રેસે તો સદંતર શરણાગતિ સ્વીકારી લીધી હતી પણ આમ આદમી પાર્ટીએ ભાજપને મજબૂત ટક્કર આપતા ભાજપ ૯૩ બેઠક સુધી સીમિત રહ્યું છે. ૨૦૨૧ની ચુંટણીમાં કોંગ્રેસ ક્યાંય પણ સ્પર્ધામાં જોવા મળી ન હતી. એકાદ બે બેઠક પર જ્યાં આપના ઉમેદવાર નબળા હતા ત્યાં ભાજપ સાથે થોડા રાઉન્ડમાં સ્પર્ધા થઈ હતી અને કોંગ્રેસના કમીટેડ મતદાર વિસ્તારમાં થોડો સમય કોંગ્રસ આગળ હતી પરંતુ પરિણામ જાહેર થાય ત્યા સુધીમાં કોંગ્રસના ઉમેદવાર મોટી લીડથી હારી ગયાં હતા.

### સુરત : કોંગ્રેસ-આપે ૧૭ મુસ્લિમોને ટિકિટ આપી હતી એકેય જીતી નહીં શક્યા

સુરત મહાનગરપાલિકાની ચુંટણીમાં કોંગ્રેસના સફાયા સાથે મુસ્લીમ ઉમેદવારોને પણ સફાયો થઈ ગયો છે. આ ચુંટણીમાં કોગ્રેસ અને આપે ૧૭ મુસ્લીમને ટિકિટ આપી હતી. પરંતુ બેમાંથી કોઈ પણ પક્ષ પોતાના મુસ્લીમ ઉમેદવારે જીતાડવામાં સફળ થયો ન હતો. ભાજપે ૨૦૧૦માં મુસ્લીમ ઉમેદવાર ઉતારવાનો પ્રયોગ કર્યો હતો પરંતુ તે સફળ ન થતાં ભાજપે મુસ્લીમોને આ ચુંટણીમાં ટિકિટ આપી ન હતી. સુરત મહાનગરપાલિકાની ચુંટણીમાં મુસ્લીમ મતો પર કબ્જો મેળવવા માટે કોંગ્રેસે ૯ જ્યારે આમ આદમી પાર્ટીએ ૮ મુસ્લીમ ઉમેદવારને ચુંટણીના મેદાનમાં ઉતાર્યા હતા. કોંગ્રેસના સીટીંગ કોર્પોરેટર અસલમ સાયકવાલા આખી પેનલ જીતી શકે તેવો દાવો થતો હતો પરંતુ તેઓ હારી ગયાં હતા. આ ચુંટણીમાં કોંગ્રેસનો સફાયો થવા સાથે મુસ્લીમ ઉમેદવારોનો પણ સફાયો થઈ ગયો છે. ૧૯૯૫ બાદ સુરત મ્યુનિ.ની આ બોર્ડમાં એક પણ મુસ્લીમ કોર્પોરેટર નહીં હોય તેવું થશે.

### ભાજપ : હવે ૬ પાલિકાના મેયર નક્કી કરવા પાર્લમેન્ટરી બોર્ડની બેઠક મળશે

ગાંધીનગર : ગુજરાતનાં છ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને ભવ્ય વિજય મળ્યા બાદ મેયરની પસંદગીપ્રક્રિયા શરૂ કરવા માટે આગામી બે દિવસમાં જ ભાજપની પ્રદેશ પાર્લમેન્ટરી બોર્ડની બેઠક મળશે અને એમાં ત્રણ નામની પેનલો પૈકી એકને પસંદ કરીને મેયરપદે નિયુક્ત કરાશે. અનામતના નિયમ પ્રમાણે, છ પૈકી પ્રથમ અઢી વર્ષ માટે ત્રણ શહેરમાં મહિલા મેયર સત્તારૂઢ થશે. સામાન્ય રીતે ભાજપે ચૂંટણીમાં ઉમેદવાર પસંદગી સમયે જ મેયર તરીકે કેટલાંક નામોની ચર્ચા કરી લીધી જ હતી, હવે પાર્લમેન્ટરી બોર્ડની બેઠકમાં મેયરપદની પેનલ પર ચર્ચા કરીને હાઇકમાન્ડને મોકલવામાં આવશે, જ્યાંથી નામ ફાઇનલ થયા બાદ આવતા અઠવાડિયામાં જે-તે શહેરમાં પાર્ટીના મેયરની વરણી કરાશે. એવી જ રીતે મહાનગરના અન્ય હોદ્દેદારોની પણ વરણી કરવામાં આવશે. વિધાનસભાની ૨૦૨૨ની ચૂંટણીને ધ્યાને લઇને મેયર અને અન્ય હોદ્દેદારોની પસંદગી કરવામાં આવશે.

### આપ : કેજરીવાલે ગુજરાતી ભાષામાં ગુજરાતની પ્રજાનો આભાર માન્યો

સુરત : સુરતમાં ૨૭ બેઠકો પર વિજય મેળવ્યા બાદ આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ ૨૬ ફેબ્રુઆરીના રોજ સુરત આવશે. તેઓએ ગુજરાતી ભાષામાં અહીંની પ્રજાનું અભિવાદન કર્યુ છે. ગુજરાતમાં ભાજપનો ઉદય પણ સુરતથી જ થયો હતો અને આમ આદમી પાર્ટીએ પણ સુરતમાં પગપેસારો કર્યો છે અને મહાનગરપાલિકામાં ૨૭ સીટો આપને મળતાં દિલ્હીના નેતાઓ ગેલમાં આવી ગયા છે. ત્યારે આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલે ગુજરાતની પ્રજાને એક સંદેશો આપ્યો છે. કેજરીવાલે ગુજરાતી ભાષામાં ગુજરાતની પ્રજાનો આભાર વ્યક્ત કર્યો છે. ઉલ્લેખનીય છે કે ૨૬ મી ફેબ્રુઆરીના રોજ અરવિંદ કેજરીવાલ સુરતની મુલાકાતે આવનાર છે અને પાટીદાર મતવિસ્તારમાં તક્ષશિલા અગ્નિકાંડના સ્થળથી રોડ શો શરૂ થશે. ગુજરાતમા સુરતમાં ૨૭ બેઠકો મળતાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ ખુશખુશાલ થઇ ગયા હતા

### ભાવનગર : મનપામાં વિરોધપક્ષના નેતા બનવા પણ ખેંચતાણ જામશે

ભાવનગર મહાપાલિકામાં વિરોધપક્ષના નેતાનુ પદ પણ મહત્વનુ હોય છે. મનપાના વિરોધપક્ષના નેતાને ચેમ્બર, ગાડી સહિતની કેટલીક સુવિધાઓ મળે છે તેથી આ પદ મેળવવા પણ વિપક્ષના નગરસેવકો ઉત્સુક હોય છે. ભાવનગર કોર્પોરેશનમાં કોંગ્રેસની માત્ર ૮ બેઠક જ આવી છે, જેમાં ચાર મહિલા નગરસેવક અને ચાર પુરૂષ નગરસેવકોનો સમાવેશ થાય છે. ચાર બેઠક પૂર્વ વિધાનસભામાંથી અને ચાર બેઠક પશ્ચિમ વિધાસનભામાંથી કોંગ્રેસ જીતી છે. કોંગ્રેસમાંથી વિરોધપક્ષના નેતા તરીકે ચારમાંથી એક પુરૂષ નગરસેવક બેસશે પરંતુ બે સિનીયર નગરસેવકો વચ્ચે ખેંચતાણ વધુ હોવાનુ ચર્ચાય રહ્યુ છે. ગત ટર્મમાં પણ વિરોધપક્ષના નેતા પદ માટે હરીફાઈ જામી હતી ત્યારે હવે કોંગ્રેસ કયાં નગરસેવકને વિરોધપક્ષના નેતા બનાવે છે ? તે જોવુ જ રહ્યું. ઉલ્લેખનીય છે કે ભાવનગરમાં માત્ર આઠ બેઠક હોવાથી કોંગ્રેસ છાવણીમાં ભારે નિરાશા વ્યાપી ગઈ છે.

**મહારાષ્ટ્રમાં ફરી વખત કોરોનાએ માથું ઊંચક્યું**

# વાશિમની હોસ્ટેલમાં ૨૩૨ વિદ્યાર્થીઓને કોરોના : હોસ્ટેલને ક્વોરોન્ટાઈન કરી દેવાઈ

મુંબઈ : મહારાષ્ટ્રમાં વધુ એક વખત કોરોનાએ માથું ઊંચક્યું છે. દિવસેને દિવસે કોરોનાના કેસોમાં ઉછાળો નોંધાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. મહારાષ્ટ્રના વાશિમ જિલ્લામાં એક હોસ્પિટલમાં એક સાથે કોરોના બોમ્બ ફૂટ્યો છે અને ૨૩૨ લોકો પોઝિટિવ મળતા હડકંપ મચી ગયો છે. કોરોના સંક્રમિત થયેલા લોકોમાં ૨૨૯ હોસ્ટેલના વિદ્યાર્થીઓ છે તેમજ ત્રણ લોકો સ્ટાફમાંથી (શિક્ષક) હોવાનું જણાયું છે. એક સ્થળેથી જ કોરોનાના નોંધપાત્ર કેસો મળતા સમગ્ર હોસ્ટેલને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યો છે તેમજ હોસ્ટેલને કોરન્ટાઈન કરવામાં આવી છે. અગાઉ લાતૂરમાં એક હોસ્ટેલમાં ૩૯ કોરોના પોઝિટિવ કેસ મળ્યા હતા. વાશિમની હોસ્ટેલમાં અમરાવતી, હિંગોલી, નાંદેડ, વાશિમ, બુલઢાણા, અકોલાથી આવી અભ્યાસ કરતા ૩૨૭ વિદ્યાર્થીઓ રહે છે. આ હોસ્ટેલમાંથી કોરોના સંક્રમિત મળી આવેલા વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓ અમરાવતી અને યવતમાલના છે. હોસ્ટેલ તેમજ શાળા પરિસરમાં રહેતા અન્ય લોકોના પણ કોરોના ટેસ્ટ હાથ ધરવામાં આવ્યા છે. સૂત્રોના મતે તમામના રિપોર્ટ આવ્યા બાદ કોરોના કેસોની સંખ્યા વધવાની સંભાવના છે. ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ૮ હજારથી વધુ પોઝિટિવ દર્દીઓ નોંધાયા છે.

કોરોના કહેર ફરી વધતા રાજ્ય સરકાર તેમજ મુંબઈ પોલીસે લોકોને કોરોના પ્રોટોકોલ અને પ્રતિબંધોનું પાલન કરવા કડક આદેશ આપ્યા છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ કોરોના નિયમોનો ઉલ્લેખ કરીને કહ્યું કે, નિયમોનું ઉલ્લંઘન કરનારા લોકો સામે કડક કાર્યવાહી કરાશે. સીએમએ અધિકારીઓ તેમજ પોલીસ પાસેથી રિપોર્ટ પણ મંગાવ્યો છે. બીજીતરફ લાતૂરમાં પણ અગાઉ એક હોસ્ટેલમાં ૩૯ વિદ્યાર્થી અને પાંચ કર્મીઓને કોવિડ ૧૯નું સંક્રમણ થયું હતું. આ હોસ્ટેલમાં અંદાજે ૩૬૦ લોકો રહે છે જે પૈકી ધો. ૯ અને ૧૦ના ૩૯ વિદ્યાર્થીઓ સંક્રમિત થયા છે.



## દેશમાં કોરોનાના કેસ વધ્યા : રસીકરણ માટે ખાનગી ક્ષેત્રના પ્રવેશની સંભાવના

દેશના કેટલાક રાજ્યોમાં કોરોનાના કેસમાં અચાનક આવેલા ઊછાળાથી કેન્દ્ર સરકારની ચિંતા વધી ગઈ છે. કોરોનાના કેસ વધતાં વડાપ્રધાન કચેરીએ મંગળવારે ઈમર્જન્સી બેઠક બોલાવી હતી. આવા સમયમાં કેન્દ્ર સરકારે કોરોનાના રસીકરણ અભિયાનમાં ગતિ લાવવા માટે રાજ્યોને નિર્દેશ આપ્યા છે. સ્વાસ્થ્ય કર્મચારીઓ અને ફ્રન્ટલાઈન વર્કર્સ પછી હવે કેન્દ્ર ૫૦ વર્ષથી વધુ વયના લોકોને રસી આપવાની યોજના તૈયાર કરી રહી છે. વધુમાં ઓછા સમયમાં ૨૭ કરોડથી વધુ લોકોને રસી આપવાનું લક્ષ્ય પૂરું કરવા માટે હવે સરકારે રસીકરણ અભિયાનમાં ખાનગી ક્ષેત્રને પણ મંજૂરી આપવાની તૈયારી કરી છે. એટલે કે આગામી સમયમાં ખાનગી હોસ્પિટલોમાં પણ કોરોનાની રસી અપાય તેવી શક્યતા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, દેશમાં મંગળવાર સુધીમાં કોરોનાની રસીના કુલ ૧,૧૯,૦૭,૩૯૨ ડોઝ અપાયા છે, જેમાં ૧,૦૪,૯૩,૨૦૫ લોકોને રસીનો પહેલો ડોઝ અપાયો છે જ્યારે ૧૨,૬૧,૫૮૩ લોકોને બીજો ડોઝ અપાયો છે.

## દેશના ૩૬માંથી ૧૬ રાજ્યોમાં કોરોના સંક્રમણમાં વધારો, નિયંત્રણો લદાયાં

મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણમાં મોટા ઉછાળા સાથે દેશના અન્ય રાજ્યોમાં પણ સંક્રમિતોની સંખ્યામાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. કોરોનાના કેસમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૮૧ ટકા, મધ્યપ્રદેશમાં ૪૩ ટકા, પંજાબમાં ૩૧ ટકા, જમ્મુ-કાશ્મીરમાં ૨૨ ટકા, છત્તીસગઢમાં ૧૩ ટકા અને હરિયાણામાં ૧૧ ટકા વધારો નોંધાયો છે. દિલ્હીમાં ૪.૭ ટકા, કર્ણાટકમાં ૪.૬ ટકા અને ગુજરાતમાં ૪ ટકા વધુ કેસ નોંધાયા છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં આંશિક નિયંત્રણો અમલમાં આવી ચૂક્યા છે. લોકો નિયમોનું પાલન નહીં કરે તો આકરાં લોકડાઉનની સરકારો દ્વારા ચેતવણી આપવામાં આવી રહી છે. કેન્દ્ર સરકારે મહારાષ્ટ્ર, કેરળ, પંજાબ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં ઉચ્ચ સ્તરીય ટુકડીઓ મોકલી આપી છે.

## નવી દિલ્હી પ્રવેશતા પહેલા નેગેટિવ રિપોર્ટ જરૂરી

કોરોનાના કેસ ફરી એકવાર વધતા દિલ્હી સરકાર સાવધ બની છે. દિલ્હીમાં કોરોના વાયરસના સંકટને જોતાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી દેશના પાંચ રાજ્યો મહારાષ્ટ્ર, કેરળ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ અને પંજાબથી દિલ્હી આવતા લોકોએ કોરોના વાયરસનો ટેસ્ટ કરાવવાનો રહેશે. જે નેગેટિવ આવ્યા બાદ જ તેમને રાજધાનીમાં એન્ટ્રી આપવામાં આવશે.

## માર્ચથી ૬૦ વર્ષથી વધુ વયનાને રસી અપાશે

અચાનક કોરોના વાઇરસે કેટલાક રાજ્યોમાં ઉથલો માર્યો છે, ત્યારે બીજી તરફ સરકારે રસીકરણની પ્રક્રિયાને ઝડપી બનાવી દીધી છે. ૧ માર્ચથી રસીકરણનો બીજો તબક્કો શરૂ થવા જઇ રહ્યો છે. જેમાં ૬૦ વર્ષથી વધુ વયનાને આવરી લેવામાં આવશે. સાથે જ જેમને બિમારી હોય અને ૪૫ વર્ષ કે તેથી વધુ વયના હોય તેમને પણ પહેલી માર્ચથી રસી આપવાનું શરૂ કરી દેવામાં આવશે. ૧૦ હજાર સરકારી કેન્દ્રો પર જ્યારે ૨૦ હજાર ખાનગી કેન્દ્રો પર આ રસી અપાશે. જોકે ખાનગી કેન્દ્રો પર રસી આપવાનો શું ચાર્જ લેવામાં આવશે તેની સ્પષ્ટતા ટૂંક સમયમાં કરવામાં આવશે.

# બેંક સાથે રૂ. ૮૦૦ કરોડની છેતરપિંડી કેસમાં ઈડીના દિલ્હીમાં ઠેર ઠેર દરોડા

- દિલ્હી સ્થિત શ્રી બાંકે બિહારી એક્સપોર્ટ લિમિટેડ અને તેના પ્રમોટરો તથા અન્ય બે જૂથના પરિસરોમાં દરોડા

નવી દિલ્હી : ૮૦૦ કરોડ રૂપિયાની બેંક લોન છેતરપિંડી સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસની તપાસ હેઠળ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ(ઈડી)એ દિલ્હી સ્થિત કંપનીમાં દરોડા પાડયા હતાં. કેન્દ્રીય તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર ૨૨ ફેબ્રુઆરીના રોજ શ્રી બાંકે બિહારી એક્સપોર્ટ લિમિટેડ(એસબીબીઈએલ) અને તેના પ્રમોટરો અમરચંગદ ગુપ્તા, રામલાલ ગુપ્તા, રાજકુમાર ગુપ્તા અને તેના પરિવારના સભ્યોના પરિસરોમાં દરોડા પાડવામાં આવ્યા હતાં.

ઈડીએ વધુમાં એક નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ) હેઠળ આ કંપનીની તપાસ કરવામાં આવી રહી છે. આ કંપની પર લોનના ૬૦૫ કરોડ રૂપિયા ડાયવર્ટ કરવાનો આરોપ છે.

એજન્સીએ સીબીઆઈની એફઆઈઆરનો અભ્યાસ કરીને કંપની અને તેના પ્રમોટરો વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે એસબીબીઈએલએ પોતાના પેટા એકમો દ્વારા ભંડોળ ટ્રાન્સફર કર્યુ હતું.

કંપનીએ આરોપ છે કે તેણે પોતાના નાણાકીય હિસાબોમાં બોગસ અને નકલી ખરીદ-વેચાણના વ્યવહારો દર્શાવ્યા હતાં.

એજન્સીએ વધુમાં દાવો કર્યો હતો કે એવા અનેક પુરાવા મળી આવ્યા છે જેના પરથી સાબિત થાય છે કે કંપનીએ મની લોન્ડરિંગ કર્યુ હતું. આ પુરાવાઓના ભાગ રૂપે કેટલાક દસ્તાવેજો ઉપરાંત લેપટોપ, મોબાઈલ ફોન, ડિજિટલ સ્ટોરેજ ડિવાઈસ મળી આવ્યા છે.

# અંબાણીનો ૨૪,૭૧૩ કરોડનો રિલાયન્સ ફ્યુચર સોદો ઘોંચમાં: સુપ્રીમે સ્ટે મૂક્યો

- ફ્યુચર રીટેલે કરારભંગ કર્યો હોવાના એમેઝોનના આરોપ સંદર્ભે સુપ્રીમ કોર્ટે ફ્યુચરનો લેખિત ખુલાસો માગ્યો

નવી દિલ્હી : રિલાયન્સ-ફ્યુચરનો સોદો ઘોંચમાં પડી ગયો છે. સુપ્રીમ કોર્ટે ફ્યુચર રીટેલને રિલાયન્સ સાથે થયેલા સોદા બાબતે ખુલાસો આપવાનો આદેશ કર્યો છે. એમેઝોને ફ્યુચર રીટેલ સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે એમેઝોન સાથે કરારનો ભંગ કરીને કંપનીએ રિલાયન્સ સાથે સોદો કર્યો હતો.

મુકેશ અંબાણીનો મહાત્વાકાંક્ષી રિલાયન્સ-ફ્યુચરનો સોદો ઘોંચમાં પડી ગયો છે. રિલાયન્સે ફ્યુચર રિટેલના અધિકારો ૩.૪ અબજ ડોલર એટલે કે અંદાજે ૨૪,૭૧૩ કરોડ રૂપિયામાં ખરીદ્યા હતા. ગયા વર્ષે બંને કંપનીઓ વચ્ચે સોદો થયો હતો. મુકેશ અંબાણીનો આ મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગણાય છે અને ભારતના રીટેલ માર્કેટમાં આ સોદાથી રિલાયન્સનો એકાધિકાર સ્થપાશે એવું મનાય છે. પરંતુ એ સોદા સામે એમેઝોને વિરોધ ઉઠાવ્યો હતો. એમેઝોને ફ્યુચર રીટેલ સામે અરજી કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે ફ્યુચર રીટેલે એમેઝોન સાથે થયેલા કરારોનો ભંગ કર્યો છે.

## આતંકવાદીઓને મદદ કરવાનાં આરોપી પીડીપી નેતા વહીદ પારાના જામીન રદ

શ્રીનગર : જમ્મુ-કાશ્મીરની એક અદાલતે પીડીપીનાં યુવા નેતા વહીદ પારાને આતંકવાદીઓને મદદ કરવાનાં આરોપનાં કારણે જામીન આપવાનો ઈન્કાર કરી દીધો છે. અત્રે ઉલ્લેખનિય છે કે રાજ્યમાં તાજેતરમાં યોજાયેલી જિલ્લા વિકાસ પરિષદની ચુંટણીમાં પારાએ સંયુક્ત ગઠબંધન ગુપકારનાં ઉમેદવાર તરીકે ચુંટણી જીતેલા પારાની ધરપકડ બાદ પુર્વ મુખ્ય પ્રધાન મહેબુબા મુફતીએ તેનો ખુલ્લો બચાવ કર્યો હતો. વિશેષ અદાલતે તેના ૧૯ પાનાનાં ચુકાદામાં તે દલીલને ફગાવી દીધી કે પારા એક આશાસ્પદ યુવા નેતા છે, અને કહ્યું સીડી ફાઈલને જોતા આ જાણવા મળે છે. અને તેમના વિરૂધ્ધ ગંભીર અને જઘન્ય પ્રકૃતિનાં આરોપ છે, તેઓ રાજનેતા હોવાના બહાને આતંકવાદીઓને નાણાકિય મદદ પહોંચાડવાની ભુમિકા નિભાવી રહ્યા હતાં, આતંકવાદીઓની હથિયારો અને દારૂગોળાની માંગ પણ પુરી કરતા હતાં.

## કોંગ્રેસે પુડુચેરીમાં સરકાર ગુમાવી હવે માત્ર ત્રણ રાજ્યોમાં જ શાસન

પોંડિચેરી : પોંડિચેરી વિધાનસભામાં કોંગ્રેસ બહુમત સાબિત કરવામાં નિષ્ફળ રહી છે. સોમવારે વિધાનસભાના સ્પીકરે જાહેરાત કરી કે સરકાર પાસે બહુમત નથી. જે બાદ મુખ્ય મંત્રી વી. નારાયણસામીએ ઉપરાજ્યપાલ તમિલિસાઈને પોતાનું રાજીનામુ સોપી દીધુ હતું.

વિધાનસભામાં કોંગ્રેસ પાસે તેના નવ ધારાસભ્યો ઉપરાંત બે ડીએમકેના અને એક અપક્ષ ધારાસભ્ય છે. જે મળી કુલ ૧૧ ધારાસભ્યો અને એક સ્પીકર મળી ૧૨નું સમર્થન છે. જ્યારે બહુમત માટે ૧૪ ધારાસભ્યો હોવા જરૂરી છે. તેથી કોંગ્રેસે સરકાર ગુમાવી દીધી છે.

રાજીનામુ આપ્યા બાદ નારાયણસામીએ કહ્યું હતું કે પૂર્વ ઉપરાજ્યપાલ કિરણ બેદી અને કેન્દ્ર સરકારે વિપક્ષિયો સાથે મળીને સરકાર ભંગ કરવાનો પ્રયાસ કર્યો હતો. અમારી એક્તાને કારણે છેલ્લા પાંચ વર્ષથી સરકાર ચલાવી રહ્યા હતા. આ લોકશાહીની હત્યા છે. પુડુચેરીમાં સત્તા ગુમાવ્યા બાદ હવે દેશમાં માત્ર કોંગ્રેસનું જ શાસન હોય તેવા પંજાબ, રાજસ્થાન અને છત્તીસગઢ રાજ્યો જ બચ્યા છે. જ્યારે અન્ય રાજ્યમાં ગઠબંધનથી સરકાર ચલાવવામાં આવી રહી છે. પુડુચેરીમાં સત્તા ગુમાવતાની સાથે જ હવે દક્ષિણ ભારતના એક પણ રાજ્યમાં કોંગ્રેસનું શાસન નથી રહ્યું.

## બંગાળમાં કોરાના વચ્ચે મોદીની સભામાં ૧૦ લાખ લોકોને ભેગા કરવાનુ લક્ષ્ય

કલકત્તા : બંગાળમાં ભાજપે વિધાનસભા ચૂંટણી જીતવા માટે પોતાની તમામ તાકાત કામે લગાડી દીધી છે. દેશમાં કોરોનાના સંક્રમણનો ખતરો ફરી ઉભો થયો હોવા છતા ભાજપે ૭ માર્ચે યોજાનારી પીએમ મોદીની સભામાં ૧૦ લાખ લોકોને ભેગા કરવાનુ લક્ષ્ય રાખ્યુ છે. બંગાળમાં ભાજપે પોતાના દિગ્ગજ નેતાઓની ફોજ ઉતારી છે.ભાજપ અધ્યક્ષ જે પી નડ્ડા, ગૃહ મંત્રી અમિત શાહ સહિતના ટોચના નેતાઓ સમયાંતરે બંગાળની મુલાકાત લઈ રહ્યા છે.ખુદ પીએમ મોદી પણ બંગાળના પ્રવાસ કરી રહ્યા છે.આ સંજોગોમાં ૭ માર્ચે યોજાનારી પીએમ મોદીની સભા થકી ભાજપ પોતાની તાકાત બતાવવા માંગે છે. બ્રિગેડમાં યોજાનારી સભામાં ભાજપે ૧૦ લાખ લોકોને ભેગા કરવાનુ લક્ષ્યાંક નક્કી કર્યુ છે.આ માટે ઘરે ઘરે પ્રચાર કરવામાં આવશે.

# મુકેશ અંબાણીનાં ઘર એન્ટિલિયા નજીક મળી શંકાસ્પદ કાર, ૨૦ જિલેટીન સ્ટીક્સ જપ્ત કરાઈ

## •કથિત આતંકી હરકત અંગે ક્રાઈમ બ્રાંચ અને એટીએસની તપાસ

મુંબઈ : દેશનાં સૌથી અમીર ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના મુંબઇ સ્થિત પેડર રોડ પર આવેલા આલિસાન નિવાસસ્થાન એન્ટિલિયાની બહાર શંકાસ્પદ સ્કોર્પિયોની એસયુવી કાર અને તેમાંથી ૨૦ જીલેટીન લાકડીઓ મળી આવી છે. આ શંકાસ્પદ કાર મળી આવ્યા સમાચાર બાદ એન્ટી બોમ્બ સ્કવોડ તથા મુંબઇ એટીએસની ટીમ પણ પહોંચી ગઇ છે, અને એટીએસની ટીમ આતંકી એન્ગલ પર તપાસ કરી રહી છે.



તપાસ કરનારી ટીમને કારમાંથી જિલેટીનની લાકડીઓ મળી આવ્યા બાદ તુરંત જ ડોગ સ્કવોડને પણ ઘટના સ્થળે મોકલવામાં આવી, રાજ્યનાં ગૃહ પ્રધાન અનિલ દેશમુખે કહ્યું કે મુંબઈમાં મુકેશ અંબાણીનાં નિવાસ સ્થાન નજીકથી એક કાર મળી છે, અને મુંબઇ ક્રાઈમ બ્રાન્ચ સમગ્ર ઘટનાની તપાસમાં લાગી ગઇ છે. મુંબઇ ક્રાઈમ બ્રાન્ચનાં અધિકારીઓએ આસપાસનાં સીસીટીવી કેમેરા ફુટેજ જોવા લાગ્યા છે, તે જ રીતે ગાડી અંગે પણ ઝીણવટપુર્વક તપાસ કરવામાં આવી રહી છે. કારમાંથી જિલેટીન લાકડીઓ મળી આવતાં મુંબઈ પોલીસ અને સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર ગઈ છે. મુકેશ અંબાણીના ઘરની આસપાસ સુરક્ષા સઘન કરવામાં આવી છે. મુકેશ અંબાણી પાસે પહેલાથી જ ઢ+ સિક્યુરિટી કવર છે અને તેમની સુરક્ષાની જવાબદારી સીઆરપીએફને સોંપવામાં આવી છે. આ સિવાય મુકેશ અંબાણીની પત્ની નીતા અંબાણીને રૂ કેટેગરીની સુરક્ષા મળી છે. જિલેટીન એક વિસ્ફોટક સામગ્રી છે. ટેકનીકલ ભાષામાં તેને નાઈટ્રોસેલ્યુલોઝ અથવા ગન કોટન પણ કહેવામાં આવે છે.

કલાસીફાઈડ / Classified

REQUIRED
Gujarati Cook, South Indian Cook, Sweet Maker, Kitchen Helper, Cashier, waitress, Indian Tandoori and Curry Cook.
location Scarborough and Markham
AMAR CHAUHAN
Contact No. 416-988-9518

MOTEL MANAGER REQUIRED
કિંગ્સ્ટન (ઓન્ટેરિયો)માં આવેલી મોટેલ માટે મેનેજર જોઈએ છે.ઈંગ્લિશ અને કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું જરૂરી છે. રહેવાની સગવડ આપીશું.
Email Resume :- rpatel0630@gmail.com
Contact : 647-525-6763

# ખાનગી ક્ષેત્રની બેન્કો હવે ટેક્સ અને પેન્શન પેમેન્ટની કામગીરી કરી શકશે

નવી દિલ્હી : કેન્દ્ર સરકારના નાણામંત્રાલયે ખાનગી ક્ષેત્રની બેન્કોને સરકાર સાથે સંકળાયેલાં બેન્ક ટ્રાન્ઝેક્શન કરવાની મંજૂરી આપી દીધી છે. સરકારની મંજૂરીને પગલે દેશની ખાનગી ક્ષેત્રની બેન્કો હવે ટેક્સ અને પેન્શન પેમેન્ટની કામગીરી કરી શકશે. નાણાપ્રધાન નિર્મલા સીતારામને એક ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, અર્થતંત્રના વિકાસમાં, ગવર્નમેન્ટ સોશિયલ સેક્ટર ઈનિશિયેટિવ્ઝને આગળ લઈ જવામાં અને ગ્રાહકોની સુવિધામાં વધારો કરવાના મોરચે હવે ખાનગી ક્ષેત્રની બેન્કો પણ સમાન ભાગીદાર છે. ખાનગી બેન્કોને સરકારને લગતી કામગીરી કરવા પરની બંધી હટાવી લેવામાં આવી છે. હવે આ કામગીરી માટે તમામ બેન્કો ભાગ લઈ શકશે.

# ઉત્તરાખંડના જળપ્રલયમાં ગુમ થયેલા ૧૩૬ કમનસીબોને મૃત જાહેર કરાશે

ચમોલી : ઉત્તરાખંડને હચમચાવનાર જળપ્રલયને ૧૭ દિવસ પૂરા થયા છે આમ છતાં ગુમ થયેલા ૧૩૬ લોકોનો હજી સુધી કોઈ પત્તો લાગ્યો નથી. રાહત અને બચાવ ટુકડીને અત્યાર સુધીમાં ૭૦ લોકોનાં મૃતદેહ મળ્યા છે જ્યારે ૨૯ માનવ અંગ મળી આવ્યા છે. હવે રાજ્ય સરકાર ચમોલીમાં ગુમ થયેલા ૧૩૬ લોકોને મૃ ત જાહેર કરે તેવી સંભાવના છે.

આ માટે ટૂંક સમયમાં આદેશ બહાર પાડવામાં આવશે. ગુમ થયેલાને મૃત જાહેર કરાયા પછી આ હોનારતમાં મૃત્યુ પામેલાનો આંક વધીને ૨૦૬નો થશે. સરકાર દ્વારા ચમોલી અને આસપાસનાં વિસ્તારોમાં ગુમ થયેલાની તપાસ કરાઈ રહી છે. કેટલાક લોકો મૃત મળ્યા છે તો કેટલાકને જીવતા બચાવાયા છે. ગ્લેશિયર તૂટયા પછી ચમોલીમાં રૈણી ગામ પાસે ઋષિગંગા નદી પર બની ગયેલા કૃત્રિમ સરોવરમાં કરોડો લિટર પાણી જમા થયું છે. જે આસપાસનાં વિસ્તારો માટે ગમે ત્યારે ખતરો સર્જી શકે છે. આ સરોવરનું મુખ નાનું હોવાથી તેમાંથી ધીમી ગતિએ પાણી વહી રહ્યું છે પણ આઈટીબીપીનાં જવાનોએ આ સરોવરનું મુખ ૧૫થી ૩૦ ફૂટ પહોળું કર્યું છે. એસડીઆરએફનાં કમાન્ડન્ટ નવનીત ભુલ્લરે કહ્યું હતું કે હાલ સરોવરનું મુખ પહોળું કરવાનું કામ ચાલી રહ્યું છે.

# ડાબેરીઓના ગઢમાં ગાબડુ સીપીએમના ૯૮ કાર્યકરો ભાજપમાં શામેલ થયા

તિરૂવનંતપુરમ : કેરલ પરંપરાગત રીતે ડાબેરીઓનો ગઢ મનાય છે અને તેમાં ગાબડુ પાડવા માટે પણ ભાજપે ભરપૂર પ્રયાસો શરુ કરી દીધા છે. ભારતમાં સંખ્યાબંધ મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ પૂરા કરવામાં મહત્વની ભૂમિકા ભજવનાર મેટ્રો મેન શ્રીધરન ભાજપમાં જોડાયા બાદ હવે સીપીએમના ૯૮ કાર્યકરો ભાજપમાં જોડાયા છે.મંગળવારે કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોષીની હાજરીમાં આ કાર્યકરોએ ભાજપનુ સભ્યપદ ગ્રહણ કર્યુ હતુ.કેરાલા ભાજપનો દાવો છે કે, હજી પણ ડાબેરીઓ અને કોંગ્રેસના નેતાઓ ભાજપમાં જોડાવાના છે. આ પહેલા કેરાલા ભાજપના અધ્યક્ષ કે સુરેન્દ્રને પણ ટ્વીટ કરીને કહ્યુ હતુ કે, કેરાલા બીજુ ત્રિપુરા બનશે અને કેરાલામાં ભગવા લહેરને કોઈ રોકી નહીં શકે. ઉલ્લેખનીય છે કે, કેરાલામાં એપ્રિલ-મે મહિનામાં ચૂંટણીઓ યોજાવાની છે. કોંગ્રેસ અને ડાબેરીઓએ ભ્રષ્ટાચાર ,પરિવારવાદ અને કૌભાંડોથી કેરાલાને બરબાદ કરી નાંખ્યુ છે.

# પિતા તરફથી પુત્રને સચોટ અને પ્રેરણાદાયક શિખામણ(નસીહત).

માતા પિતાનું સ્થાન પુત્ર તથા પુત્રીઓ માટે એક બહુજ આદરણિય, માનભર્યુ, મોભાભર્યુ તથા એક પવિત્ર બંધન સમાન હોય છે. બાળકનો જન્મ થયા પછી બાળક જયાં સુધી શાળાએ જવાની વયનો નથી થતો ત્યાં સુધી તેના ભણતર માટેની શાળા માતા પિતા જ ગણાય છે, કારણકે બાળપણમાં તેને તેના માતાપિતા જ પાળે પોષે છે અને તેમના પાસેથી જ બાળકને શાળા પહેલાંનું જ્ઞાન મળે છે.

એક પિતા પોતાના પુત્રો તથા પુત્રીઓની સચોટ દોરવણી માટે તેમને શી શિખામણ આપે છે તે વિષે ઈતિહાસનો અભ્યાસ કરતા આપણને જાણવા મળે છે કે મહા પુરૂષોએ પોતાના પુત્રો તથા પુત્રીઓને કેવા પ્રકારની શિખામણ આપેલ હતી.તે ઉપરાંત નવલિકાઓમાં, નવલકથાઓમાં, વાર્તાઓમાં,નાટકોમાં તથા ફીલ્મોમાં પણ આપણને આ વિષે જાણકારી મળે છે કે એક પિતા પોતાના પુત્રો તથા પુત્રીઓને કેવી શિખામણ આપે છે. તેના ઉપરાંત જગતના ઘણા ધર્મોનાં ધર્મશાસ્ત્રોમાં પણ એ વિષે જરૂર થોડી ઘણી જાણકારી હશે કે એક પિતા પોતાના પુત્રો તથા પુત્રીઓને કેવા પ્રકારની શિખામણ આપે છે.

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના કુલ ૧૪૪ પ્રકરણો(સુરાહો)માં ૩૧માં પ્રકરણ (સુરાહ)નું નામ ‘‘સુરાહ લુકમાન’’ છે. આ નામ ‘‘લુકમાન’’ એક સમયના વૈદ્ય(હકીમ) લુકમાનનું નામ છે. આ હકીમ લુકમાન હબશી ગુલામ હતા અને ઈસ્લામના અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.)ના સમયથી ઘણા પહેલા થઈ ગયેલા પયગંબર હઝરત દઉદ(અ.સ.)ના સમયમાં થઈ ગયા છે. પાલનહાર અલ્લાહે લુકમાન હકીમને ડહાપણ, ચતુરાઈ તથા સદ્‌ગુણો અર્પણ કરેલ હતા.



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

કુરાન મજીદના ૩૧માં પ્રકરણ(સુરાહ) લુકમાનના શ્લોક(આયાત) ૧૨ થી ૧૯ એમ આ આઠ શ્લોકો(આયાતો)માં લુકમાન હકીમ વિષે, માતાપિતાના અધિકારો વિષે તથા લુકમાન હકીમ પોતાના પુત્રને કેવી સચોટ અને પ્રેરણાદાયક શિખામણ(નસીહત)આપે છે તેનું વર્ણન કરવામાં ઓવલ છે. આ શિખામણ(નસીહત)માંથી આજે એકવીસમી સદીમાં પણ પ્રેરણા લઈ શકાય છે, અને આજના યુવાનો માટે આ શિખામણ એક પ્રેરણાદાયક બોધપાઠ સમાન કહી શકાય છે. ૩૧માં પ્રકરણ (સુરાહ) લુકમાનના આ આઠ શ્લોકો(આયતો) આ પ્રમાણે છે :-

‘‘અને અમે લુકમાનને ડહાપણ અર્પણ કર્યુ હતું જેથી તે અલ્લાહનો આભાર વ્યકત કરે. અને જે કોઈ આભારી બને છે તે તેના પોતાના માટેજ ફાયદાકારક છે, અને જે કોઈ ઈન્કાર કરે છે, તો સત્ય તો એ છે કે અલ્લાહ કોઈનો ગરજવાન(મોહતાજ) નથી, અને તે સ્વયં પ્રશંસિત છે.’’(પ્રકરણ ૩૧, શ્લોક ૧૨)

‘‘(હે પયગંબર), એ સમયનું સ્મરણ કરો જયારે લુકમાન પોતાના પુત્રને શિખામણ આપી રહયો હતો, ત્યારે તેણે પોતાના પુત્રને કહયુ કે ‘‘એ મારા પુત્ર,

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

અલ્લાહ સાથે કોઈને કદી પણ ભાગીદાર (શરીક) ન બનાવીશ. ખચિત શિર્ક (અલ્લાહની સાથે કોઈને ભાગીદાર બનાવવું) એ એક ઘોર પાપ (મોટો ઝુલ્મ) છે.’’ (પ્રકરણ ૩૧, શ્લોક ૧૩)

‘‘અને આ સત્ય છે કે અમે મનુષ્યને પોતાના માતાપિતાના અધિકારો જાણવાનો આદેશ આપ્યો છે. તેની માતાએ કમજોરી પર કમજોરી સહન કરીને તેને પોતાના પેટમાં રાખ્યો, અને બે વર્ષ તેના દુધને છોડાવવામાં લાગ્યા. (એટલા માટે અમે તેને શિખામણ આપી કે) મારો (અલ્લાહનો) આભાર માન અને પોતાના માતાપિતા પ્રત્યે પણ આભાર વ્યકત કર. મારી(અલ્લાહની) તરફજ તારે પાછા ફરવાનું છે’’ (પ્રકરણ ૩૧, શ્લોક ૧૪)

‘‘અને જો તેઓ(માતાપિતા) તારા ઉપર દબાણ કરે કે મારી(અલ્લાહની) સાથે તું કોઈ એવાને બંદગીમાં ભાગીદાર બનાવ, જેને તું જાણતો નથી, તો તું તેમની વાત કદાપિ ન માન. જગતમાં તેમની(માતાપિતાની) સાથે ભલી રીતે વર્તતો રહે, પરંતુ અનુસરણ એ વ્યકતિના સત્ય માર્ગનું કર, જે મારી (અલ્લાહની) તરફ વળેલો છે. પછી તમને સૌને મારી તરફજ પાછા વળવાનું છે. તે સયયે હું તમને બતાવી દઈશ કે તમે કેવા કાર્યો કરતા રહયા છો.’’(પ્રકરણ ૩૧, શ્લોક ૧૫)

‘‘(અને લુકમાને પોતાના પુત્રને કહયું કે), એ મારા પુત્ર, કોઈ વસ્તુ રાઈના દાણા બરાબર હોય, અને કોઈ ખડકમાં કે આકાશોમાં કે ધરતીમાં કયાં પણ છુપાયેલી હોય, અલ્લાહ તેને કાઢી લાવશે. તે અતિ સુક્ષમ દૃષ્ટિવાળો અને સુમાહિતગાર છે.’’ (પ્રકરણ ૩૧, શ્લોક ૧૬)

‘‘એ મારા પુત્ર, બંદગી(નમાઝ) સ્થાપિત (કાયમ) કર,લોકોને ભલાઈ (સુકર્મો)ની આજ્ઞા આપ, લોકોને બુરાઈ (કુકર્મો)થી રોક અને તને જે કષ્ટ પડે તેને સહન કર. આ એ વાતો છે જેનો ખાસ આદેશ આપવામાં આવ્યો છે.’’ (પ્રકરણ ૩૧, શ્લોક ૧૭)

‘‘અને લોકો સાથે ઘમંડમાં ગાલ ફુલાવીને વાત ન કર, ન તો ધરતી પર અકડાઈને ચાલ. ખચિત અલ્લાહ કોઈ ઘમંડી અને શેખીખોર વ્યકિત ને નથી પસંદ કરતો.’’ (પ્રકરણ ૩૧, શ્લોક ૧૮)

‘‘અને પોતાની ચાલ મધ્યમ રાખ અને પોતાનો અવાજ જરા ધીમો રાખ. બધા અવાજોમાં સૌથી ખરાબ અવાજ ગધેડાઓનો અવાજ હોય છે.’’ (પ્રકરણ ૩૧, શ્લોક ૧૯)

ઉપર આપેલા ૩૧માં પ્રકરણ (સુરાહ) લુકમાનના શ્લોકો(આયતો)માં લુકમાન હકીમ પોતાના પુત્રને સચોટ અને પ્રેરણાદાયક શિખામણ આપે છે, તે ખરેખર જીવનના દરેક ક્ષેત્રને લાગુ પડે છે. આ સચોટ શિખામણનું જે પણ અનુસરણ કરશે, તેનું જીવન ધન્ય થઈને રહેશે અને તે બંને જગતમાં સફળ રહેશે.

# નવી દિલ્હીના બગીચાઓમાં ખેતી કરશે ખેડૂતો : ટિકૈત

નવી દિલ્હી : કૃષિ કાયદાઓ ની વિરુદ્ધ આંદોલન કરી રહેલા ખેડૂત નેતા રાકેશ ટિકૈતે રાજસ્થાનના કરીરીમાં ખેડૂતોને સંબોધિત કરતા ખેડૂતોને દિલ્હી કૂચ કરવાનું આહ્વાન કર્યુ. તેમણે ૪૦ લાખ ટ્રેક્ટરની સાથે સંસદ માર્ચ કરવાની જાહેરાત કરતા દિલ્હી કૂચની શરૂઆત કરવાની વાત કહી હતી. કરૌલીના કરીરીમાં હજારોની સંખ્યામાં ખેડૂતો ટિકૈતને સાંભળવા પહોંચ્યા હતા. કૃષિ કાયદાઓની વિરુદ્ધ ખેડૂત નેતા રાકેશ ટિકૈત ઉગ્ર બની રહ્યા છે અને અનેક શહેરોમાં ખેડૂત સભાઓ સંબોધિત કરી રહ્યા છે.

ટોડાભીમના ભૈરવ બાબા કુશ્તી દંગલ સ્ટેડિયમમાં આયોજિત ખેડૂત મહાપંચાયતમાં મોટી સંખ્યામાં ખેડૂતો પોતાના ટ્રેક્ટરની સાથે સભામાં પહોંચ્યા. રાકેશ ટિકૈતે અહીંથી ખેડૂતોને ટ્રેક્ટરની સાથે દિલ્હી કૂચ કરવાની અપીલ કરી હતી. રાકેશ ટિકૈત ખુલ્લી કારમાં સવાર થઈને સ્ટેજ પર પહોંચ્યા, જ્યાં લોકોએ ૧૦૧ ફૂટનો સાફો પહેરાવીને અને હળ ભેટ કરીને તેમનું સ્વાગત કર્યુ. ખેડૂતોને સંબોધિત કરતા તેમણે સરકાર પર ખેડૂતોની અવગણના કરવાનો આરોપ લગાવ્યો હતો.

## ત્રણેય કૃષિ કાયદા પાછા ના લેવાય ત્યાં સુધી આંદોલન

રાકેશ ટિકૈતે ત્રણેય કૃષિ કાયદા પાછા લેવા તેમજ એમએસપી નક્કી ના થવા સુધી આંદોલન ચાલું રહેવાની ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે, ૨૪ માર્ચ સુધી અલગ-અલગ સ્થાનો પર સભાઓને સંબોધિત કરવાનો કાર્યક્રમ છે. ત્યારબાદ આસામ, કર્ણાટક તેમજ અન્ય રાજ્યોમાં પણ જઇશું અને આંદોલન ચલાવીશું. તેમણે કહ્યું કે, આનાથી કોઈ પણ રાજકીય દળને સંબંધ નથી. તેમણે લાંબા સમય સુધી ચાલનારા આંદોલન માટે તૈયાર રહેવા અને દિલ્હી કૂચની જાહેરાત પર ટ્રેક્ટર લઇને આવવા પણ અપીલ કરી. ટોડાભીમના કરીરીમાં ખેડૂત મહાપંચાયતમાં ખેડૂત નેતા રાકેશ ટિકૈતને ૧૦૧ ફૂટનો સાફો પહેરાવવામાં આવ્યો. મહાપંચાયતમાં યોગેન્દ્ર યાદવ, જાટ નેતા રાજારામ મીલ પણ પહોંચ્યા. કરીરીમાં ખેડૂત મહાપંચાયતને યોગેન્દ્ર યાદવે સંબોધિત કરી. તેમણે પોતાના ભાષણમાં લોકોને પ્રત્યેક ઘરેથી એક સભ્ય શાહજહાંપુર બૉર્ડર મોકલવાની અપીલ કરી. સાથે જ સરકારથી પાકના વેચાણ પર સ્જૌંની ગેરંટીની માંગ પણ કરી. ખેડૂત નેતા રાકેશ ટિકૈતે કહ્યું કે, કલમ અને કેમેરા પર બંદૂકનો પહેરો છે અને આજે કૃષિ કાયદાઓની વિરુદ્ધ આખો દેશ એકત્ર થઈ ગયો છે અને આ એક ક્રાંતિ છે જેને ડંડા અને બંદૂકના દમ પર ના તો રોકી શકાય છે અને ના ખત્મ કરી શકાય છે. ખેડૂતો હવે દિલ્હીના ઇન્ડિયા ગેટની પાસે આવેલા તમામ ગાર્ડનમાં ખેતી કરશે.

## લાલ કિલ્લાના ગુંબજ પર ચડનાર આરોપી પકડાયો

રાજધાની દિલ્હીની અંદર ગત ૨૬ જાન્યુઆરીના દિવસે થયેલી ટ્રેક્ટર પરેડ દરમિયાન લાલ કિલ્લા પર થેયલી હિંસાના કેસમાં દિલ્હી પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરી છે. દિલ્હી પોલીસની ક્રાઇમ બ્રાંચે જસપ્રીત સિંહ ઉર્ફે સન્ની નામના યુવકની ધરપકડ કરી છે. ૨૬મી જાન્યુઆરીની ઘટનામાં વોન્ટેડ આરોપી લખ્વા સિધાનાને પોલીસ શોધી રહી છે અને તેના પર એક લાખ રુપિયાનુ ઈનામ જાહેર કરાયુ છે ત્યારે પંજાબમાં યોજાયેલી ખેડૂત મહાપંચાયત દરમિયાન લખવા મંચ પર પહોંચી ગયો હતો.

# યોગી સરકારનું ચૂંટણીલક્ષી બજેટ: અયોધ્યા માટે ૧૪૦ કરોડ ફાળવાયા

- મહિલા શ્રમિકોને સમાન વેતન મળે તે માટે સલાહકાર કમિટીનું ગઠન કરવામાં આવ્યું

લખનઉ : નાણા મંત્રી સુરેશ કુમારે સોમવારે યોગી સરકારનું પાંચમુ બજેટ રજૂ કર્યુ હતું જેમાં ખેડૂતોને આકર્ષવા માટેની અનેક જાહેરાતો સામેલ છે. સુરેશ કુમારે સદનમાં ૫,૫૦,૨૭૦ કરોડનું ભારે ભરખમ બજેટ રજૂ કર્યુ હતું. યુપી સરકારનું આ બજેટ યુવાનો, ખેડૂતો અને મહિલાઓ પર કેન્દ્રિત છે. તેના પહેલા સોમવારે સવારે મુખ્યમંત્રી આવાસ ખાતે યોગી આદિત્યનાથની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં યુપી બજેટ ૨૦૨૧-૨૨ને મંજૂરી આપવામાં આવી હતી.

### અયોધ્યા માટે ૧૪૦ કરોડની જાહેરાત

નાણા મંત્રીએ અયોધ્યા સ્થિત સૂર્યકુંડના વિકાસ સહિત અયોધ્યા નગરીના સર્વાંગી વિકાસ માટે બજેટમાં ૧૪૦ કરોડ રૂપિયાની વ્યવસ્થાનો પ્રસ્તાવ જણાવ્યો હતો. તે સિવાય લખનૌમાં રાષ્ટ્રીય પ્રેરણા સ્થળના નિર્માણ માટે ૫૦ કરોડ રૂપિયાની ઘોષણા કરવામાં આવી છે.



### અયોધ્યામાં એરપોર્ટ માટે ૧૦૧ કરોડની જાહેરાત

અયોધ્યામાં એરપોર્ટ માટે ૧૦૧ કરોડ રૂપિયાની ઘોષણા કરવામાં આવી. જેવર એરપોર્ટ માટે ૨,૦૦૦ કરોડ. આ સાથે જ ચિત્રકૂટ અને સોનભદ્ર એરપોર્ટ ખાતે ૨૦૨૧ના વર્ષમાં હવાઈ સેવાઓનું સંચાલન શરૂ કરવાનો દાવો કરાયો. નાણા મંત્રીએ આયુર્વેદને પ્રોત્સાહન અપાઈ રહ્યું હોવાનો દાવો કર્યો હતો. લખનૌ-પીલીભીતમાં આયુર્વેદ વિદ્યાલયોનું કામ ચાલુ છે.

### ખેડૂતોને મનાવવા માટે મોટી જાહેરાત

પ્રદેશમાં વધુ ઉત્પાદન ધરાવતા પાકની ઓળખ કરાશે. બ્લોક સ્તરે કૃષક ઉત્પાદન સંગઠનોની સ્થાપના થશે અને તે માટે ૧૦૦ કરોડ રૂપિયા આપવામાં આવશે. ખેડૂતોને મફત પાણીની સુવિધા માટે ૭૦૦ કરોડ રૂપિયા આપવામાં આવશે અને નજીવા દરે લોન પણ ઉપલબ્ધ કરાવાશે.

### શ્રીરામ એરપોર્ટ માટે ૧૦૧ કરોડ ફાળવાયા

જનપદ અયોધ્યામાં નિર્માણાધીન એરપોર્ટનું નામ મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામ વિમાનમથક અયોધ્યા રાખવામાં આવશે અને તેના માટે ૧૦૧ કરોડ રૂપિયાનું બજેટ પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે.

### કાનપુર મેટ્રો રેલ માટે ૫૯૭ કરોડ

કાનપુર મેટ્રો રેલ પરિયોજના માટેનો અંદાજિત ખર્ચ ૧૧,૦૭૬ કરોડ રૂપિયા છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં પરિયોજના માટે ૫૯૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

# ભારત-પાકિસ્તાન શાંતિવાર્તા : બન્ને દેશ વચ્ચે યુદ્ધ વિરામ અંગે સમજૂતી

નવી દિલ્હી : લદ્દાખમાં ચીન સાથે સમાધાન થયા પછી સરહદો પર શાંતિ સ્થાપવામાં ભારતને ગુરુવારે વધુ એક મોટી સફળતા મળી છે. ભારત અને પાકિસ્તાન લગભગ ૧૮ વર્ષ પછી અંકુશ રેખા સહિત તમામ સરહદો પર યુદ્ધ વિરામના કરાર માટે સંમત થયા છે. બંને દેશોએ ગુરુવારે એક સંયુક્ત નિવેદનમાં યુદ્ધવિરામની જાહેરાત કરી હતી. ભારત અને પાકિસ્તાનના મિલિટરી ઓપરેશન્સના ડિરેક્ટર જનરલ્સ વચ્ચેની બેઠક પછી બુધવારની મોડી રાતથી જ યુદ્ધવિરામનો અમલ થઈ ગયો છે. ભારત અને પાકિસ્તાને વર્ષ ૨૦૦૩માં યુદ્ધવિરામનો કરાર કર્યો હતો, પરંતુ પછીના વર્ષોમાં પાકિસ્તાને ભાગ્યે જ આ કરારોનું પાલન કર્યુ હતું.

ભારત અને પાકિસ્તાનના મિલિટરી ઓપરેશન્સના ડિરેક્ટર જનરલ વચ્ચે હોટલાઈન સંપર્કની વ્યવસ્થા હેઠળ ચર્ચા થઈ હતી અને તેમણે અંકુશ રેખા તથા બધી જ સરહદો પરની સ્થિતિની સમિક્ષા કરી હતી. સરહદો પર પારસ્પરિક લાભ અને શાંતિની સ્થાપના માટે બંને ડીજીએમઓએ એકબીજાના મહત્વપૂર્ણ મુદ્દાઓ, સમસ્યાઓ તેમજ ચિંતાઓ બાબતે ચર્ચા કરી હતી અને સમસ્યાનો ઉકેલ લાવવા સંમત થયા હતા.

# એમપીમાં યુવતી પર રેપ: ભાજપના નેતા સહિતના ચારની સંડોવણી

- રેપ કેસમાં નામ ખુલતા મધ્યપ્રદેશ ભાજપે આરોપી નેતાને પક્ષમાંથી હાંકી કાઢ્યો

શહડોલ : મધ્યપ્રદેશમાં ૨૦ વર્ષની યુવતી પર ભાજપના નેતા સહિતના ચાર આરોપીઓએ ગેંગરેપ કર્યાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. પોલીસે આરોપીઓને પકડી લેવાની કવાયત આદરી છે.

શહડોલ જિલ્લામાં રહેતી ૨૦ વર્ષની યુવતીએ ફરિયાદ દાખલ કરી હતી એ પ્રમાણે તાલુકા ભાજપ પ્રમુખ વિજય ત્રિપાઠી અને તેના ત્રણ સાગરિતોએ કારમાં લઈ જઈને, માદક પીણું પીવડાવીને તેના પર બે દિવસ સુધી ફાર્મ હાઉસમાં રેપ કર્યો હતો. સતત બે દિવસ સુધી ગેંગરેપ કર્યા પછી યુવતીને તેના ઘરની બહાર ફેંકીને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પોલીસે યુવતીની ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે અને આરોપીઓને પકડી લેવા માટેની કવાયત શરૂ કરી છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ચાર આરોપીઓએ યુવતીનું અપહરણ કર્યું હતું અને તેને ફાર્મ હાઉસમાં ગોંધી રાખી હતી. આ તમામ સામે અપહરણ-રેપ સહિતના ગુના નોંધીને તપાસ આગળ વધારવામાં આવી છે.

# શબનમ સામે ડેથ વોરંટ ઈશ્યુ ન થયું, રાજ્યપાલ સમક્ષ દયા અરજી પેન્ડિંગ

અમરોહા : રામપુર જેલમાં કેદ શબનમને ફાંસી ક્યારે થશે તે અંગે હાલ નિર્ણય થઈ શક્યો નથી. સાત લોકોની હત્યા બદલ શબનમને ફાંસી આપવા માટે મથુરાની જેલમાં બધી જ તૈયારી થઈ ગઈ છે, પરંતુ હજી સુધી તેનું ડેથ વોરંટ ઈશ્યુ ન થયું હોવાના કારણે તેને ફાંસી આપી શકાઈ નથી. શબનમને ફાંસી આપવા માટે સરકારી વકીલ તરફથી મથુરાના જિલ્લા જજ સમક્ષ ડેથ વોરંટ ઈશ્યુ કરવાની માગણી કરાઈ હતી. જોકે, રાજભવનમાં શબનમની દયા અરજી પેન્ડિંગ હોવાના કારણે જજે વોરંટ ઈશ્યુ કરવાનો ઈનકાર કરી દીધો હતો. આ કેસમાં હવે નવો વળાંક આવ્યો છે. શબનમ રવિવારે તેના પુત્ર તાજને મળી હતી. તેમની વચ્ચે લગભગ એક કલાક મુલાકાત ચાલી હતી. તાજે શબનમને તેના ગૂના અંગે પૂછતાં તેણે કહ્યું કે તેને ફસાવાઈ છે. કોર્ટમાં તેની તપાસની માગ કરી હતી, પરંતુ તેની માગ પૂરી કરાઈ નહોતી.

# ૭૭ અબજ ડોલરના વેપાર સાથે ચીન ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર

- ચાઈનિઝ સામગ્રીના બહિષ્કાર અને 'આત્મનિર્ભર' બનવાની વાતો : સરકારની ચીન માટે લાલ જાજમ

નવી દિલ્હી : ચીની માલ બહિષ્કાર કરવાની ભારતમાં ઝૂંબેશ ચાલે છે. ગલવાનમાં ચીનની અવળચંડાઈ પછી તો ભારતમાં આ ઝૂંબેશે જોર પકડયું હતું. સરકારે પણ ચીની કંપનીઓ પર વિવિધ પ્રતિબંધો મુક્યા હતા. એ વચ્ચે વાસ્તવિકતા એ છે કે ૨૦૨૦માં ચીન ભારતનું સૌથી મોટું ટ્રેડિંગ પાર્ટનર બન્યું છે. ભારત-ચીન વચ્ચે ૨૦૨૦માં ૭૭.૭ અબજ ડૉલરનો વેપાર થયો. જોકે ફાર્માસ્યુટિકલ કંપનીઓએ ચીનથી આવતી મેડિકલ સામગ્રી, દવા માટેના કાચા માલ માટેની નિર્ભરતા ઘટાડવાનું નક્કી કર્યુ છે. ભારતીય પ્રજા રાષ્ટ્રહિત કોરણે મુકીને પણ મોટે પાયે ચાઈનિઝ સામગ્રી ખરીદે છે. એટલે ચીને વર્ષ દરમિયાન ભારતને ૫૮.૭ અબજ ડૉલરની સામગ્રી વેચી હતી. તેની સામે ભારત ચીનમા માંડ ૧૯ અબજ ડૉલરની નિકાસ કરી શક્યું હતું. ચીનમાં થતી નિકાસની સરખામણીએ આયાત અઢી ગણી વધારે છે. અલબત્ત ૨૦૧૯માં ચીન સાથેનો વેપાર ૮૫.૫ અબજ ડૉલર હતો, તેમાં ઘટાડો જરૂર થયો છે. ભારત વિશ્વમાં સૌથી મોટા દવા ઉત્પાદક દેશ પૈકીનો એક છે.

# પામેલા ડ્રગ્સ કેસમાં ભાજપ નેતા રાકેશ સિંહની ધરપકડ, બે દીકરાની પણ અટકાયત

કોલકાતા : કોકીન કાંડમાં ભાજપ નેતા રાકેશ સિંહની ધરપકડ કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળના પૂર્વ વર્ધમાન જિલ્લામાંથી કોલકાતા પોલીસે રાકેશ સિંહના ધરપકડ કરી છે. રાકેશ સિંહની ધરપકડ પહેલા કોલકાતા પોલીસે તેમના બે દીકરાઓની પણ ધરપકડ કરી છે. પોલીસે રાકેશ સિંહના ઘરે દરોડા કર્યા અને ત્રણ કલાકની તપાસ બાદ રાકેશ સિંહના બંને દીકરાની ધરપકડ કરી. પોલીસ જ્યારે રાકેશ સિંહના ઘરે પહોંચી ત્યારે પોલીસની કાર્યવાહીમાં દખલ બદલ તેમના બંને દીકરાની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે કોકીન કાંડમાં ધરપકડ કરાયેલા પામેલા ગોસ્વામીએ રાકેશ સિંહ ઉપર તેને ફસાવવાનો આરોપ લગાવ્યો હતો. ગત ૧૯ ફેબ્રુઆરીના રોજ ભાજપની યુવા નેતા પામેલા ગોસ્વામીને કોકીન સાથે પકવામાં આવી હતી.

## દેશ-વિદેશનું જાણવા જેવું

### પસીસ પર્સનાલિટી ધરાવતી યુવતી?!



એક નહીં, બે નહીં, પસીચ પર્સનાલિટી હોય ત્યારે કેવી મુશ્કેલી નડે એ બ્રિટનની ૨૩ વર્ષની બો હુપર નામની યુવતીને પૂછવું પડે. આ કન્યાને મલ્ટિપલ પર્સનાલિટી ડિસઓર્ડર અથવા ડિસોસિએટિવ પર્સનાલિટી ડિસઓર્ડર નામની માનસિક વ્યાધિ હોવાથી તેની પર્સનાલિટી સતત બદલાતી રહે છે. બો હુપર ક્યારેક ટ્રેસી નામની ટીનેજર બની જાય છે. તો ક્યારેક પાંચ વર્ષની બાળકી લૈલા બની જાય છે અને ક્યારેક ટેક્સાસ નામની પૌઢ મહિલા બની એ યુવતી પચીસેક અલગ અલગ વ્યક્તિત્વ ધરાવે છે એવું નિષ્ણાંતોનું કહેવું છે. અને આમ થવાનુ કારણ આગાતને કારણે આવીમાનસિક વ્યાધિ થતી હોવાની મનાય છે. આવી માનસિક વ્યાધિને કારણે બો હુપરને ઘણી સમસ્યાઓ થાય છે કેમ કે તેની પર્સનાલિટી અચાનક જ ચેન્જ થઈ જાય છે અને એ કેટલો સમય એવી જ રહેશે એ કહેવાનું મુશ્કેલ છે. એને કારણે તેને નોકરી પણ મળતી નથી. મલ્ટિપલ પર્સનાલિટી ડિસઓર્ડરના લક્ષણોમાં યાદદાસ્ત ગુમાવવા અને કેટલીક બાબતોમાં અજાગૃત સ્થિતિ જેવી અનેક બાબતો હોય છે. વાસ્તવમાં એ સ્થિતિનો મુકાબલો કરતી વ્યક્તિઓની વિટંબણા જુદી હોય છે. બો હુપર ટીનેજર હતી ત્યારથી તેને એ બીમારી લાગુ પડી છે.

### ૧૨ વર્ષની બાળકીએ પાડોશના બાળકોને ભણાવવાનું બીડું ઝડપ્યું



કોરોના રોગચાળાના લોકડાઉનના દિવસોમાં સ્કૂલો બંધ હતી ત્યારે વિશ્વના કરોડો વિદ્યાર્થીઓનું ભણતર ખોરવાઈ ગયું હતું કારણ કે ઓનલાઈન અભ્યાસ માટે પણ કમ્પ્યુટર, સ્માર્ટફોન અને મોબાઈલ નેટવર્કની જરૂર પડે. પહેલા બે સાધનો હોય અને નેટવર્ક ન હોત તો પણ અભ્યાસ મુશ્કેલ છે. ઈજિપ્તની રાજધાની કેરોથી ૮૦ કિલોમીટર દૂર ઉત્તર દાખલિયા પ્રાંતના એક ગામની સાંકડી ગલીમાં રીમ અલ ખુલી નામની બાળકીએ તેના ગામના નાના બાળકોનું ભણતર ન અટકે એ માટે તેમને નિયમિત ભણાવવાનું શરૂ કર્યું હતું. દરરોજ આશરે ૩૦ બાળકોને તે ભણાવે છે. શરૂઆતમાં ફક્ત નોટબુક અને પેન-પેન્સિલનો ઉપયોગ કરતી હતી પરંતુ પછીથી તેને બ્લેકબોર્ડ અને ચોક તેમજ વ્હાઈટ બોર્ડ અને માર્કર પેનની પણ વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. ઓપન એર ક્લાસિસમાં રીમ અલ ખુલી તેનાથી નાની ઉંમરના બાળકોને અરબી અને અંગ્રેજી ભાષા ઉપરાંત ગણિત અને ધર્મના વિષયો પણ ભણાવે છે.

### ધોતિયું અને સાડીમાં સ્કીઈંગ?!



અમેરિકાના એક એનઆરઆઈ યુગલે ધોતિયા અને સાડીમાં સ્કીઈંગ કરતો વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કરીને રાતોરાત સનસનાટી મચાવી છે. દિવ્યા અને મધુએ મિનેસોટામાં સ્કીઈંગ માટે પ્રખ્યાત વેલ્ચ ગામે સ્કીઈંગ કરવા જવાનો નિર્ણય લીધો. જો કે તેમણે સ્કીઈંગ-સૂટને બદલે કાંઈક જુદું અને અનોખું કરવાની કોશિશ કરતા પરંપરાગત ધોતી અને સાડીમાં સ્કીઈંગ કરવાનો નિર્ણય લીધો. દિવ્યાનું કહેવું છે કે માસૂમ મીનવાલા મહેતા, હરીણી સેકર અને ડોલી જૈનને પરંપરાગત વસ્ત્રોમાં સ્કીઈંગ કરતાં જોઈને અમને આમ કરવાની પ્રેરણા મળી હતી.

## સુંદરતા નિખારે લીલી દ્રાક્ષ



લીલી દ્રાક્ષના પેક સુંદરતા નિખારવા અને ત્વચાને ઉપયોગી સાબિત થયા છે. લીલી દ્રાક્ષમાં વિટામિન સી અને વિટામિન કે ભરપુર માત્રામાં હોય છે જે સ્કિનના સેલ્સને રિપેર કરીને ગ્લોઈંગ બનાવે છે. દ્રાક્ષ ખાવામાં જેટલી સ્વાદિષ્ટ છે, તો તેનો ફેસમાસ્ક પણ એટલો જ ફાયદાકારક છે. દરેક પ્રકારની ત્વચા પર તે લાભ આપે છે.

### દ્રાક્ષનો ફેસમાસ્ક

દ્રાક્ષને વાટી તેમાં ગુલાબજળના થોડા ટીપા નાખી બરાબર મિક્સ કરવું. આ પેકને ૨૦ મિનીટ સુધી ચહેરા પરલગાડી રાખી હુંફાળા પાણીથી ધોઈ નાખવું. તે પછી રેગ્યુલર ક્રીમ ચહેરા પર લગાડી શકાય છે. અઠવાડિયામાં ઓછામાં ઓછા ત્રણ વખત કરવું.

### રૂક્ષ ત્વચા

રૂક્ષ ત્વચા ધરાવનારે ઠંડી ઋતુમાં ત્વચાની રૂક્ષતા વધી જતી હોય છે. તેવામાં થોડી દ્રાક્ષને વાટી તેમાં બે ટીપા ગુલાબજળ અને એક નાનો ચમચો મધ ભેળવી પેસ્ટ બનાવવી. ૨૦ મિનીટ સુધી ચહેરા પર લગાડી રાખી ધોઈ નાખવું.

### મિશ્રિત ત્વચા

ન તો વધુ પ્રમાણમાં તૈલીય હોય કે ન તો વધુ પડતી રૂક્ષ હોય તેવી ત્વચા મિશ્રિત ત્વચા કહેવાય છે. દ્રાક્ષ સાથે ગાજરના નાના-નાના ટુકડા વાટી લેવા તેમાં અડધો ચમચો મ ભેલવી ચહેરા તેમજ ગરદન પર લગાડી ૨૫ મિનીટ પછી ધોઈ નાખવું. તરત જ ફાયદો દેખાશે.

### ત્વચાને ચમકીલી કરે

ઋતુમાં બદલાવ, વધુ પડતુ તડકામાં ફરવાથી ત્વચા પર સૂર્યના આકરા કિરણોની વિપરીત અસરથી ત્વચા રૂક્ષ અને નિસ્તેજ થઈ જાય છે. જેમાં દ્રાક્ષનો ફેસમાસ્ક ઉપયોગી નીવડે છે.

## લીલા વટાણાના ઢોકળા



સામગ્રી : ૧ ટી સ્પૂન લાલ મરચું પાઉડર, ૧ ટે.સ્પૂન લીલા મરચાની પેસ્ટ, ૧૦ નંગ લીમડાના પાન, સ્વાદાનુંસાર મીઠું, ૧ ટી સ્પૂન આદુની પેસ્ટ, ૨ ટે. સ્પૂન ખાંડ, ૧ કપ બેસન, ૧ ટી સ્પૂન સમારેલા લીલા મરચા, ૧/૨ ટી સ્પૂન હીંગ, ૧/૨ ટી સ્પૂન બેકિંગ પાઉડર, ૧/૨ ટી સ્પૂન તેલ, ૧ ટી સ્પૂન રાઈ

બનાવવાની રીત : એક મિક્સર જારમાં વટાણા લઈને તેને ક્રશ કરીને પેસ્ટ બનાવી લો. વટાણાની પેસ્ટને બાઉલમાં લઈ લો. તેમાં બેસન, લાલ મરચું પાઉડર, મીઠું, બેકિંગ સોડા, લીલા મરચાની પેસ્ટ અને આદુની પેસ્ટ ઉમેરીને હાથથી મિક્સ કરી લો. જરૂર મુજબ થોડું પાણી એડ કરો અને ફરીથી મિક્સ કરીને તેને ૧૦-૧૫ મિનિટનો રેસ્ટ આપો. ઢોકળા બનાવવાની પ્લેટ લો. તેને તેલથી ગ્રીસ કરી લો અને તૈયાર કરેલું ખીરું તેમાં પાથરો. ઢોકળા બનાવવા માટેના કૂકર કે સ્ટીમરમાં પાણી ગરમ કરવા મૂકો. પાણી ગરમ થાય એટલે ખીરાવાળી પ્લેટને તેમાં મૂકીને ઢોકળા ચડવા દો. ગેસની ફ્લેમ મીડિયમ રાખવી. ઢોકળા ચડી જાય એટલે પ્લેટને બહાર કાઢીને તેના ટુકડા કરી લો. એક પેનમાં ૪-૫ ચમચી પાણી લઈને તેને ગરમ થવા દો. બાદમાં ખાંડ ઉમેરીને મિક્સ કરી લો. ખાંડ ઓગળી જાય એટલે મિશ્રણને સાઈડમાં મૂકી દો. એક પેનમાં તેલ ગરમ કરવા મૂકો. તેમાં લીમડાના પાન, સમારેલા લીલા મરચા, હીંગ અને રાઈ ઉમેરીને તતડવા દો. હવે ઢોકળા પર પહેલા તૈયાર કરેલું ખાંડવાળુ પાણી રેડો. બાદમાં તૈયાર કરેલું વઘાર પણ ઉમેરો. તો તૈયાર છે બેસન અને લીલા વટાણાના ઢોકળા.

## ક્રોસવર્ડ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ૬ | |
| | ■ | | ■ | ૭ | | ■ | ૮ | | ■ |
| ૯ | ૧૦ | | ■ | | ■ | ૧૧ | | ■ | ૧૨ |
| ■ | | ■ | ૧૩ | | ૧૪ | | ■ | ૧૫ | |
| ૧૬ | | ૧૭ | | ■ | | ■ | ૧૮ | | |
| | ■ | ૧૯ | | ■ | ૨૦ | ૨૧ | ■ | | ■ |
| ૨૨ | ૨૩ | | ■ | ૨૪ | ■ | | ■ | ૨૫ | ૨૬ |
| ■ | | ■ | ■ | ૨૭ | | | ■ | ■ | |
| ૨૮ | | ■ | ૨૯ | | ■ | ૩૦ | ૩૧ | ૩૨ | |
| ૩૩ | | | | ■ | ૩૪ | ■ | ૩૫ | | ■ |

**આડી ચાવી :** (૧) વસુધેશ, રાજા (૬)
(૫) સુંદર અંગવાળી સ્ત્રી (૩)
(૭) લાલ, લોહી (૨)
(૮) કજિયો, ફરિયાદ (૨)
(૯) સુંદર સ્ત્રી (૩)
(૧૧) નાકું, શાર (૨)
(૧૩) આડાપણું, દ્વેષ (૪)
(૧૫) જળ, પાણી (૨)
(૧૬) અધિક માસ (૪)
(૧૮) મગ્ન, લીન (૩)
(૧૯) સોનું, સુવર્ણ (૨)
(૨૦) થોડા વાળની સેર (૨)
(૨૨) દરિયો (૩)
(૨૫) માછલું, એક રાશિ (૨)
(૨૭) ઈન્દ્રનો સારથિ (૩)
(૨૮) કાળું, શ્રીકૃષ્ણ (૨)
(૨૯)..... વ્યાધિ અને ઉપાધિ (૨)
(૩૦) પ્રદાન, ફાળો (૪)
(૩૩) તાલેવંત, સમૃદ્ધ (૪)
(૩૪) પરોઢિયું (૧)
(૩૫) માલમિલક્ત (૨)

**ઊભી ચાવી :**
(૧) પરિવાર, બાળબચ્ચાં (૩)
(૨) કલ્પના, મનસૂબો (૩)
(૩) પત્ની, સ્ત્રી (૪)
(૪) કડવું, તીખું (૨)
(૫) વિષ્ણુનો ત્રીજો અવતાર (૩)
(૬) રાંડેલી, વિધવા (૨)
(૧૦) નાનો તાલુકો (૩)
(૧૧) પોશાક, રૂપ (૨)
(૧૨) કહેવત, વક્તા (૩)
(૧૩) સોગન, સોગંદ (૩)
(૧૪) સૂર્યની પત્ની (૩)
(૧૫) પાર જનાર, પારંગત (૪)
(૧૬) મનીષા, મંછા (૩)
(૧૭) માહિતગાર (૩)
(૨૧) ટહેલ નાખનારો (૪)
(૨૩) ઈશ્વરકૃપા, સદ્‌ભાગ્ય (૪)
(૨૪) સાધું સંન્યાસીનું મરણ (૩)
(૨૬) નમસ્કાર (૩)
(૨૮) સોળ વર્ષની જુવાની સ્ત્રી (૨)
(૨૯) આહાર, કાંજી (૨)
(૩૧) દુઃખ, સમજ (૨)
(૩૨) ઉદાર, દાન કરનારું (૨)

**ક્રોસવર્ડનો ઉકેલ** આડી ચાવી : (૧) વસુધાધિપતિ (૫) વરાંગી (૭) રક્ત (૮) રાડ (૯) રમણા (૧૧) વેહ (૧૩) કતરાંશ (૧૫) પાથ (૧૬) મલમાસ (૧૮) ગરક (૧૯) હેમ (૨૦) લટ (૨૨) સાગર (૨૫) મીન (૨૭) માતલિ (૨૮) શ્યામ (૨૯) આધિ (૩૦) યોગદાન (૩૩) માતબર (૩૪) પો (૩૫) મતા ઊભી ચાવી : (૧) વસ્તાર (૨) ધારણા (૩) પરેણત (૪) તિક્ત (૫) વરાહ (૬) રાંડ (૧૦) મહાલ (૧૧) વેશ (૧૨) કથક (૧૩) કસમ (૧૪) રાંદેલ (૧૫) પારગામી, (૧૬) મનસા (૧૭) માહેર (૨૧) ટહેલિયો (૨૩) ગનીમત (૨૪) સમાધિ (૨૬) નમન (૨૮) શ્યામા (૨૯) આર (૩૧) ગમ (૩૨) દાતા

# પ્લેન સાથે ટક્કર લઈ કિન્નરી એ મોતને ભેટી લીધું

ગતાંક શરૂ...

અચાનક ઓરડાની એક બારી ફટાક દઈને ખૂલી ગઈ. પવનને પણ જાણે ઈર્ષ્યા આવી હોય અને જોયું ન જતું હોય તેમ બહારથી આવેલી એક જોરદાર ઠંડી લહેરમાં મીણબત્તી તરફડિયાં મારી બુઝાઈ ગઈ...!!!

મોડી રાતે બારીમાં થઈ ચાંદની અંદર પ્રવેશી. કિન્નરીની થાકેલી, અસ્તવ્યસ્ત વેરાયેલી કાયા જોઈ તે થોડી લજ્જા પામી. ઘસઘસાટ ઊંઘતા આ યુગલ પર થોડીવાર વરસી રહી અને એટલામાં તો કિન્નરીએ પડખું ફેરવ્યું. તે જોઈને ચાંદની ભાગી ગઈ. જાગી જવાની બીકથી કે...?

●●●

વહેલી સવારે જાગ્યાં ત્યારે બંનેને એમનાં હૃદય જાણે હળવાંફૂલ થઈ ગયેલાં લાગ્યાં. શ્વાસોશ્વાસ પણ શાંત હતો, પણ આંખો જાણે જરા ભારે જણાતી હતી. એની કુમાશ પણ શ્રમિત હોવાને લીધે રતુંબડી લાગતી હતી અને એમની પાંપણો જાણે કશાકના વજનથી વારેવારે ઢળી પડતી હતી.

બીજો આખોય દિવસ મૂંઝવણભર્યા વાતાવરણમાં ત્યાં પસાર કરી નમતા પહોરે આ યુગલ અમદાવાદ આવવા નીકળ્યું. બીજા દિવસે નીતિન આફ્રિકા જવાનો હતો ને ?

નળ સરોવરના ગેસ્ટ હાઉસમાં એકબીજાના સાંનિધ્યમાં રાત ગુજારીને કિન્નરી અને નીતિન હળવા ફૂલ થયાં. પછીનો આખો દિવસ મૂંઝવણભર્યો વિતાવ્યો. પછીના નમતા પહોરે આ યુગલ અમદાવાદ પાછું આવવા નીકળ્યું હતું, કારણ કે બીજા દિવસે નીતિન આફ્રિકા જવા નીકળવાનો હતો. નીતિનને વિદાય આપી કિન્નરી ઍરપોર્ટથી હૉસ્ટેલ આવવા નીકળી. એના પગ જાણે ભારે થઈ ગયા હતા... એ ચાલી શકતી ન હતી. આજે તે એકલી હતી... એકલી જ પાછી ફરી હતી.

હૉસ્ટેલ આવી. બીજી છોકરીઓ જમવા ચાલી ગઈ પણ તે એકલી જ

રૂમમાં પલંગને વીંટળાઈ રહી. પ્રિયજનોનો વિરહ સાલવા માંડ્યો. તરત જ ઊભી થઈને કબાટ ખોલ્યું. પર્સમાંથી નીતિનની તસવીર કાઢી ફરી પાછી પલંગમાં પરોવાઈ ગઈ. તસવીરને પાશમાં લઈ ભૂતકાળનાં અંકોડા ઉકેલવા માંડી...

જેમજેમ કંઈક યાદ આવતું ગયું તેમ વધુ વિવશ બની અને એટલામાં તો આંખમાં ઊભરાયેલાં અશ્રુપટના આવરણથી તસવીર પણ ઝાંખી દેખાવા લાગી. ડૂસકું આવી જતાં મોં ઓશીકામાં છુપાવી દીધું. 'નીતિન... નીતિન...'

એ શબ્દો માત્ર ઓશીકાએ જ સાંભળ્યા હશે. થોડીવારમાં તો એય ભીંજાઈ ગયું. રાત પડી. કિન્નરી વિરહની વેદના આજે પ્રથમવાર અનુભવી રહી હતી.

ભૂખ-તરસ પણ મરી ગયાં હતાં. શહેર આખુંયે શાંત થઈ ચૂક્યું હતું અને અહીં કિન્નરીની નજર સમક્ષ તે કૉલેજમાં દાખલ થઈ ત્યાંથી આજ સુધીનાં તમામ યાદગાર દૃશ્યો તરવરવા લાગ્યાં.

કૉલેજનો પ્રથમ દિવસ... પરીક્ષા... નીતિનની પેન... પિકનિકો... લૉ

ગાર્ડન... નળ સરોવરની સહેલ... રાત્રિ ઠંડી અને સ્નેહાળ સાંનિધ્ય... એ બધું યાદ આવ્યું.

દુઃખનું ઓસડ દહાડા માનીને દિવસો પસાર થવા લાગ્યા. અઠવાડિયામાં તો નીતિનનો પત્ર આવ્યો. કોણ જાણે કેટલીયે વાર તેણે ફેરવી ફેરવીને વાંચ્યો હશે ! બીજો પત્ર આવ્યો, ત્રીજો આવ્યો અને સુખદ સમાચાર આવ્યા. પંદર દિવસ બાદ પહેલી તારીખે સવારના નવ વાગ્યાના પ્લેનથી નીતિન મુંબઈ આવી રહ્યો હતો.

કિન્નરી દિવસો ગણવા લાગી. પ્રત્યેક પળ એને માટે એક એક યુગ સમાન બની રહેતી. 'આટલા દિવસોમાં તો નીતિન કેવોક થઈ ગયો હશે ? કે આવશે ત્યારે એને શું શું વાતો કરીશ. એ શું શું વાતો કરશે અને...' બસ આવી જ સુખદ કલ્પનાઓ એના માનસપટ પર છવાયેલી રહેતી. વળી એને નવો વિચાર આવ્યો, અધીરાઈ વધી હતી. પ્લેન દારેસલામથી સીધું જ મુંબઈ આવશે, તો કેમ મુંબઈ




**નળ સરોવરના ગેસ્ટ હાઉસમાં એકબીજાના સાંનિધ્યમાં રાત ગુજારીને કિન્નરી અને નીતિન હળવા ફૂલ થયાં. પછીનો આખો દિવસ મૂંઝવણભર્યો વિતાવ્યો. પછીના નમતા પહોરે આ યુગલ અમદાવાદ પાછું આવવા નીકળ્યું હતું, કારણ કે બીજા દિવસે નીતિન આફ્રિકા જવા નીકળવાનો હતો. નીતિનને વિદાય આપી કિન્નરી ઍરપોર્ટથી હૉસ્ટેલ આવવા નીકળી. એના પગ જાણે ભારે થઈ ગયા હતા.**

જ નીતિનને રિસીવ કરવા ન જાઉં ?

એકાદ દિવસ અગાઉ પૂના જઈ માને મળી આવીશ. બીજા દિવસે સવારે સાન્તાક્રુઝ પર નીતિનને સત્કારવા... 'ફાઈન આઈડિયા' એમ મનોમન નક્કી કરી લીધું.

કિન્નરી સમયસર પૂના પહોંચી ગઈ. રાત્રે મા સાથે પૂના રોકાઈ અને વહેલી સવારે તો મુંબઈ પહોંચવું છે અને નવ વાગે તો... ઓહ... નીતિન... નીતિન... એવા અદ્‌ભુત મનોવાતાવરણમાં ખોવાયેલી કિન્નરી રાત્રે ઊંઘી પણ ન શકી.

સવારે મુંબઈ પહોંચી. સેન્ટ્રલથી સીધા જ સાન્તાક્રુઝના માર્ગે અને આઠ વાગે તો ઍરપોર્ટ પર પહોંચી. પ્લેન આવવાને હજુ એક કલાકની વાર હતી, પણ કિન્નરી તો સામે દેખાતી ટેકરીઓની પેલે પાર દૂર દૂર જોઈ રહી.

એટલામાં તો ઘૂઘવાટા કરતું પ્લેન પેલી ટેકરીઓ પર ઊડતું દેખાયું ને કિન્નરીનું હૈયું હર્ષિત બની નાચી ઊઠ્યું. રન વે પર દોડતા પ્લેનને જોઈ એની અધીરાઈ વધી ગઈ. પણ ઍનાઉન્સમૅન્ટ્સ સાંભળી કિન્નરી થોડીક નિરાશ થઈ.

કેમકે આ પ્લેન દુબઈથી આવ્યું હતું, દારેસલામથી નહીં.

જોકે હવે નવ વાગી ગયા હતા. ઝાઝી પ્રતીક્ષા હવે કરવાની નહોતી.

ત્યારબાદ થોડી જ વારમાં ભવ્ય ઍરપૉર્ટનાં સ્પીકરો ગાજી ઊઠ્યાં : 'ઍટેન્શન પ્લીઝ, દારેસલામથી આવતા પ્લેનને થોડેક દૂર કોઈ અકસ્માત નડ્યો છે... યોર ઍટેંશન પ્લીઝ...' એમ વારેવારે અગત્યની ઍનાઉન્સમૅન્ટ ગાજતી રહી અને ઍરપૉર્ટ પર એક સ્તબ્ધતાનું જીવહીન વાતાવરણ છવાઈ ગયું. સગાંવહાલાંઓ ને કે મહેમાનોને લેવા અવારનવાર સૌમાં ગભરાટ અને દોડધામ વધી પડ્યાં અને કિન્નરી, કિન્નરી તો જડવત્‌ થઈ સૉફામાં બેસી રહી. આંખોના રંગ પલટાઈ ગયા હતા. વિચારશક્તિ સ્થગિત બની હતી. હાલવા-ચાલવાનું કશુંય ભાન ન રહ્યું.

સ્થિતઃપ્રજ્ઞ થયેલી કિન્નરી ફસડાઈ પડી પણ જ્યારે એણે માનસિક સમતુલા પ્રાપ્ત કરી ત્યારે... બીજા દિવસે સવારે અખબારોમાં પ્લેનના અકસ્માતના કારમા સમાચાર ચમકી ઊઠ્યા. કોઈ જ બચવા પામ્યું નહોતું.

હાડમાંસ, ચૂંથાયેલા દેહનાં બળી ગયેલાં રખડતાં અંગો જેવી પ્લેનની તસવીર જોઈ સૌ કોઈનાં મોંમાંથી ચિત્કાર સરી પડતો.

એ જ ઍરપોર્ટ પર એક યુવતી સવારે દોડવા લાગી. દૂરની ટેકરીઓ સામે જોતી હાંફતી હાંફતી કોઈની પ્રતીક્ષા કરવા લાગી. ઘૂરકાટા કરતું પ્લેન દોડતું રનવે પર આવી રહ્યું હતું. સિક્યોરિટીની નજર ચુકાવીને એ યુવતી રેલિંગ કૂદીને રનવે પર પ્લેનની સામે દોડવા લાગી. ચારેબાજુ સૌ સ્તબ્ધ થઈ ગયા અને બૂમરાણ મચી ગઈ. એક અણધાર્યા તોફાનના સૌ પરાણે સાક્ષી બની રહ્યાં.

સ્થાનિક કર્મચારીઓએ રનવે પર દોડાદોડ કરી મૂકી, પણ ત્યાં સુધીમાં તો એક જબરદસ્ત વંટોળ ફંગોળાઈને જતો રહ્યો. આંધી શમી ગઈ. યુવતીનો દેહ પ્લેનની ટક્કરમાં હોમાઈ ચૂક્યો હતો. એ કિન્નરી હતી. ખૂબ જ ઓછાબોલી એ કિન્નરી નીતિનને મળવા નીકળી ચૂકી હતી, પણ એની ખબર કોને હોય ?

જાણે કે એ હત્યારું પ્લેન... એમાંથી ઊતરનારા ઉતારુઓ પણ આ દૃશ્ય જોઈ કમકમી ઊઠ્યા. કિન્નરીના મૃતદેહની આસપાસ લોકોનું મોટું ટોળું ભેગું થઈ જતાં સ્થાનિક પોલીસ પણ ત્યાં આવી. એ લાશની આસપાસ કોર્ડન કરી ઊભી રહી.

એટલામાં તો એ કોર્ડન તોડી ઝડપથી એક યુવાન આગળ ધસી આવ્યો અને બૂમ પાડી ઊઠ્યો, 'કિન્નરી... કિન્નરી... આ શું થયું કિન્ન... રી' કહેતાં કહેતાં લોહીથી તરબોળ બનેલી લાશને બાઝી પડ્યો. એ નીતિન હતો.

ફાટી ગયેલા અવાજે એનું આક્રંદ સાંભળી સૌને સહાનુભૂતિ અને વિસ્મય બંને પેદાં થયાં !!

પણ બિચારી કિન્નરીને શી ખબર કે નીતિને દારેસલામથી ભારત આવવાનો કાર્યક્રમ બદલી એક દિવસ મોડા આવવાનું નક્કી કર્યું હતું.

પછી તો પોલીસે લાશને પોસ્ટમૉર્ટમ માટે મોકલી આપી. ડૉક્ટરોના હેવાલમાં એક જ વાત નોંધપાત્ર હતી, 'મરનાર યુવતી ગર્ભવતી હતી અને એનો બેએક માસનો ગર્ભ પણ એની સાથે જ મૃત્યુ પામ્યો હતો.'

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### આફ્રિકન સફારીનું આકર્ષણ : ઝિબ્રા

કેન્યા, ઇથોપિયા, સોમાલિયા સહિત આફ્રિકન દેશોના ઘાસીયા મેદાનોમાં જોવા મળતા ઝિબ્રા તેના શરીર પર એક સરખી કાળી પટ્ટીની પેટર્ન ધરાવનારા પ્રાણી છે. કહેવાય છે કે ઝિબ્રાના સફેદ શરીર પર કાળા પટ્ટા છે કે કાળા શરીર પર સફેદ પટ્ટા તે રહસ્ય ઉકલ્યું નથી. દેખાવમાં ખચ્ચર જેવા લાગતા ઝિબ્રાના શરીર પર કાળજીપૂર્વક પેટર્ન કરી હોય તેવા ઊભા કાળા અને સફેદ પટ્ટા તેને ઘાસીયા મેદાનોમાં સંતાઈ જવાની સરળતા ઊભી કરે છે. દરેક ઝિબ્રાની પટ્ટાની પેટર્ન અલગ અલગ હોય છે. આપણને બધા ઝિબ્રા એક સરખા દેખાય. તેના બચ્ચાં પણ માતાને તરત જ ઓળખી શક્તાં નથી. ઝિબ્રાનું બચ્ચું જન્મ પછી માત્ર પાંચથી દસ મિનિટમાં જ



ઊભું થઈ જાય છે અને એક કલાકમાં તે દોડવા લાગે છે. ઝિબ્રા ઘાસ ખાનારૂં પ્રાણી છે. જંગલી હિંસક પ્રાણીઓ તેનો શિકાર કરે છે એટલે દોડવું તેના માટે જરૂરી છે. ઘાસના મેદાનોમાં ઝિબ્રા ટોળામાં રહે છે. દરેક ટોળું પોતાના નક્કી કરેલા વિસ્તારમાં જ રહે છે. ઝિબ્રા પાણી વિના લાંબો સમય ચલાવી લે છે. આફ્રિકાના જંગલોમાં ઝિબ્રાની વસતિ ઓછી થતી જાય છે.

### ઉર્જાના વિવિધ સ્વરૂપ

મશીનો, વાહનો વગેરે ચલાવવા માટે શક્તિ જોઈએ. માણસો અને પ્રાણીઓને હાલવાચાલવા માટે પણ શક્તિ જોઈએ. આ શક્તિ શું છે? તેને ઉર્જા કે એનર્જી પણ કહે છે. સાદી ભાષામાં કહીએ તો ઉર્જા એટલે કામ કરવાનું બળ. આપણી ચારે તરફ કોઈને કોઈ રૂપે ઉર્જાનો ઉપયોગ થાય છે.

પક્ષીઓ ઊડે, ટી.વી. કે રેડિયો ચાલે, રસોઈ થાય કે ઝાડપાન પવનથી હલે ત્યારે શક્તિનો ઉપયોગ થતો હોય છે. આ શક્તિના વિવિધ સ્વરૂપોને પણ ઓળખવા જેવા છે.

– પ્રકાશ : પ્રકાશ એ સૂર્યમાંથી આવતી વિકિરણરૂપી શક્તિ છે. વનસ્પતિ તેમાંથી ખોરાક બનાવે છે અને સજીવ સૃષ્ટિ તેમાંથી શક્તિ મેળવે છે.

– ગરમી : સૂર્યપ્રકાશમાં ગરમી પણ હોય છે. અગ્નિથી પણ ગરમી પેદા થાય. ગરમીનું હવામાં તેમજ વિવિધ માધ્યમોમાં વહન થાય છે.

– વીજળી : પદાર્થમાં ઈલેક્ટ્રોનની ગતિવિધિમાંથી વીજળી મળે છે. વીજળી પેદા કરવા ગરમી, અણુ કે પ્રકાશનો ઉપયોગ થાય છે.

– ગતિ : દરેક વસ્તુમાં ગતિ ઉર્જા હોય છે. તેને ચાલક બળ કહે છે. અણુ, વીજળી, ગરમી કે અન્ય શક્તિથી ગતિ શક્તિ મેળવી શકાય છે.

પવન : પૃથ્વીના ચકાકાર ફરવાથી તેની સપાટી પર પવન પેદા થાય છે. પવનની શક્તિથી પવનચક્કી વડે વીજળી અને રેંટ વડે પાણી ખેંચી શકાય છે. વહાણો પણ પવનની શક્તિથી ચાલે છે.

# અમદાવાદનું મોટેરા હવે નરેન્દ્ર મોદી નામે ઓળખાશે



**૬ મહિનામાં ઓલમ્પિક, એશિયાડ અને કોમનવેલ્થ જેવી ઈવેન્ટસનું આયોજન થઈ શકે છે : ગૃહ મંત્રી અમિત શાહ**

**દેશવાસીઓ માટે ગૌરવની વાત છે કે, મોટેરાનું આ સ્ટેડિયમ વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ બની ગયું છેઃ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ**

અમદાવાદઃ દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ એવા મોટેરાનું રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ઉદ્‌ઘાટન કરી દીધું છે. આ સ્ટેડિયમને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામ આપવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિએ સ્ટેડિયમનું ઉદ્‌ઘાટન કર્યું તે સાથે જ સ્ટેડિયમના ગેટ પર નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામના બોર્ડ લગાડી દેવામાં આવ્યા હતા. સ્ટેડિયમના ઉદ્‌ઘાટનના કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ ઉપરાંત, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ, રમતગમત મંત્રી કિરણ રિજીજૂ, ડે. સીએમ નીતિન પટેલ પણ મંચ પર હાજર રહ્યા હતા. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે સ્ટેડિયમના ઉદ્‌ઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે, અમદાવાદમાં ૨૩૩ એકર જમીન ઉભા થનારા સરદાર પટેલ સ્પોર્ટ્‌સ એક્લેવનો આ સ્ટેડિયમ એક ભાગ છે. નારણપુરામાં પણ ૧૮ એકર જમીન પર એક સ્પોર્ટ્‌સ એક્લેવ બનશે. આમ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, સરદાર પટેલ સ્પોર્ટ્‌સ એક્લેવ અને નારણપુરાના સ્પોર્ટ્‌સ એક્લેવ થકી આંતરરાષ્ટ્રીય કક્ષાના રમતોત્સવનું આયોજન થઈ શકે તેવું વૈશ્વિક કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું થઈ શકશે. તેમાં કોમનવેલ્થ, એશિયાડ તેમજ ઓલિમ્પિક કક્ષાના રમતોત્સવ પણ આયોજિત કરી શકાશે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું થયા બાદ અમદાવાદ દેશભરમાં સ્પોર્ટ્‌સ સિટી તરીકે ઓળખાશે.

## મોટેરા સ્ટેડિયમનું નામકરણ થતા જ વિવાદ છેડાયો : હાર્દિક પટેલે સરદાર પટેલનું અપમાન ગણાવ્યું હતું

અમદાવાદ : દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે બુધવારે દેશને વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમની ભેટ આપી છે. વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમ જેને આપણે મોટેરા સ્ટેડિયમથી ઓળખીએ છીએ તેનું નામ બદલીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામ પર રાખવામાં આવ્યું છે. મોટેરા સ્ટેડિયમનું નામ બદલીને 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામ રાખવામાં આવ્યું છે. આ પહેલું એવું સ્ટેડિયમ કે ઈમારત છે જેને પીએમ મોદીનું નામ આપવામાં આવ્યું છે. મોટેરા સ્ટેડિયમનું નામકરણ થતા જ વિવાદ છેડાઈ ગયો છે. કોંગ્રેસ નેતા હાર્દિક પટેલે તેને સરદાર પટેલનું અપમાન ગણાવ્યું છે. આ પહેલીવાર નથી જ્યારે સ્પોર્ટ્‌સ સ્ટેડિયમ ખાસ કરીને ક્રિકેટ સ્ટેડિયમનું નામ રાજકારણીના નામ પરથી રાખવામાં આવ્યું છે. ક્રિકેટરોના નામે દેશમાં કોઈ આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમ નથી, પરંતુ બ્રિટિશ રાજના નેતાઓ, રમત સંચાલકો અને અધિકારીઓનાં નામે ચોક્કસપણે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે ભારતમાં કોઈ ક્રિકેટરના નામ પર કોઈ ક્રિકેટ સ્ટેડિયમ નથી. જોકે, ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમ, બેંગ્લોરમાં ચિન્નાસ્વામી, મુંબઈના વાનખેડે અને મોહાલીના આઈએસ બિન્દ્રા સ્ટેડિયમ જેવા ક્રિકેટ સંચાલકોના નામ પર સ્ટેડિયમોનું નામ આપવામાં આવ્યું છે. દેશમાં ૯ સ્ટેડિયમ એવા છે જેનું નામ પૂર્વ વડા પ્રધાન જવાહરલાલ નહેરુના નામ પર છે.

## અક્ષર પટેલ - આર. અશ્વિનની કમાલ

# ભારતનો 10 વિકેટે વિજય

### ભારતે પ્રવાસી ટીમને ૮૧ રનમાં સમેટી દઈને વિજયના લક્ષ્યાંકને વિના વિકેટ પાર કર્યો



**અશ્વિને ઈતિહાસ રચ્યો, સૌથી ઝડપી ૪૦૦ વિકેટ ઝડપી**

ભારતના દિગ્ગજ બોલર આર.અશ્વિને પણ ઈતિહાસ રચી દીધો છે. જોફ્રા આર્ચરને આઉટ કરતા જ અશ્વિને ટેસ્ટ ક્રિકેટમાં ૪૦૦ વિકેટ ઝડપી લીધી હતી. અશ્વિન સૌથી ઝડપી ૪૦૦ ટેસ્ટ વિકેટ લેવાની દ્રષ્ટિએ બીજા ક્રમે છે. ભારત તરફથી ઝડપી ૪૦૦ વિકેટ લેવાનો રેકોર્ડ પણ તેના નામે નોંધાઈ ગયો છે.

અમદાવાદઃ અક્ષર પટેલ અને રવીચંદ્રન અશ્વિની વેધક બોલિંગ સામે પ્રવાસી ઈંગ્લેન્ડની ટીમે ઘૂંટણ ટેકવી દેતાં ભારતે ત્રીજી ટેસ્ટ મેચમાં ૧૦ વિકેટથી ભવ્ય વિજય મેળવ્યો છે. ભારતે ૪૯ રનના વિજય માટેના પડકારને એક પણ વિકેટ ગુમાવ્યા વિના પાર કર્યો હતો. રોહિત શર્મા ૨૫ અને શુભમન ગિલ ૧૫ રને અણનમ રહ્યા હતા. મેચ રમતના બીજા દિવસે જ પુરી થઈ ગઈ હતી. આ સાથે ભારતે ટેસ્ટ શ્રેણીમાં ૨-૧થી સરસાઈ મેળવી લીધી છે. છેલ્લી ટેસ્ટ પણ અમદાવાદમાં જ રમાવાની છે.



અક્ષર પટેલ અને રવિચંદ્રન અશ્વિનના તરખાટ સામે ઈંગ્લેન્ડના બેટ્‌સમેનોએ બીજા દાવમાં પણ હથિયાર હેઠા મૂકી દેતા ભારત સામે ત્રીજી ટેસ્ટ ક્રિકેટ મેચ જીતવા માટે ૪૯ રનનો લક્ષ્યાંક આવ્યો છે. અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ રહેલી ડે-નાઈટ ટેસ્ટના બીજા દિવસે ગુરૂવારે ઈંગ્લેન્ડ બીજા દાવમાં ફક્ત ૮૧ રનમાં આઉટ થઈ ગયું હતું. જેમાં અક્ષર પટેલે પાંચ તથા અશ્વિને ચાર વિકેટ ઝડપી હતી એક વિકેટ વોશિંગ્ટન સુંદરના ફાળે ગઈ હતી. અશ્વિને આ મેચમાં ૪૦૦ વિકેટ ઝડપવાની સિદ્ધિ નોંધાવી હતી.

બીજા દિવસે ભારતને ૧૪૫ રનમા આઉટ કર્યા બાદ ઈંગ્લેન્ડને રાહત થઈ હતી કેમ કે યજમાન ટીમ ૩૩ રનની સરસાઈ મેળવી શકી હતી. જોકે, બીજા દાવમાં પણ ઈંગ્લેન્ડના બેટ્‌સમેનો અક્ષર પટેલ અને રવિચંદ્રન અશ્વિનની સ્પિન જાળમાં ફસાઈ ગયા હતા. અક્ષર પટેલે ઈંગ્લેન્ડના બીજા દાવની પ્રથમ ઓવરના પ્રથમ બોલ પર જ ઝેક ક્રાઉલીને બોલ્ડ કર્યો હતો. ત્યારબાદ આ જ ઓવરમાં જોની બેરસ્ટોને પણ ખાતુ ખોલાવ્યા વગર પેવેલિયન ભેગો કર્યો હતો. પ્રથમ ઓવરથી જ ઈંગ્લેન્ડના ધબડકાની શરૂઆત થઈ ગઈ હતી.



**અક્ષર પટેલનો ટેસ્ટમાં ૧૧ વિકેટ ઝડપવાનો રેકોર્ડ**

અક્ષર ભારત માટે ડે-નાઈટ ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં ૬ વિકેટ ઝડપી હતી. બીજી ઈનિંગમાં ૫ વિકેટ ઝડપી હતી. આ સાથે જ પિંક બોલથી ડે-નાઈટ ટેસ્ટમાં સૌથી વધુ ૧૧ વિકેટ લેનારો ખેલાડી અક્ષર પટેલ બન્યો છે. મોટેરામા રમાઈ રહેલી ડે-નાઈટ ટેસ્ટમાં અક્ષર પટેલે ૩૮ રન આપીને છ વિકેટ ઝડપી હતી.

## જોકોવિચ ૩૧૧ સપ્તાહ સુધી નંબર-૧ ખેલાડી બની રહેશેઃ ઓસાકા બીજા ક્રમે

નવીદિલ્હીઃ જાપાનની નાઓમી ઓસાકા ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બનતા ડબ્લ્યૂટીએ રેન્કિંગમાં એક ક્રમાંક આગળ આવીને બીજા ક્રમે પહોંચી ગઈ છે. મેન્સ સિંગલ્સના ફાઈનાલિસ્ટ ડેનિલ મેડવેડેવે એટીપી રેન્કિંગમાં ત્રીજું સ્થાન હાંસલ કર્યું છે. ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન સિબયાના નોવાક જોકોવિચે તેનું નંબર-૧ સ્થાનને વધારે મજબૂત કર્યું છે. વિમેન્સ સિંગલ્સની રનર્સ-અપ જેનિફર બ્રાડીએ ૧૧ ક્રમાંકની હરણફાળ ભરીને ૧૩મું સ્થાન મેળવ્યું છે. જોકોવિચ આગામી બે સપ્તાહ સુધી પ્રથમ સ્થાને જળવાઈ રહેશે. આમ તે કુલ ૩૧૧ સપ્તાહ સાથે રોજર ફેડરરના ૩૧૦ સપ્તાહ



સુધી નંબર-૧ રહેવાના રેકોર્ડને તોડી નાખશે. સ્પેનનો રફેલ નદાલ બીજા ક્રમે જળવાઈ રહ્યો હતો. ફેડરર ઘૂંટણમાં સર્જરીના કારણે ઓસ્ટ્રેલિયન ઓપનમાં ભાગ લઈ શક્યો નહોતો પરંતુ તે પાંચમા ક્રમે યથાવત રહ્યો હતો. ઓસાકાએ છેલ્લા બે ગ્રાન્ડસ્લેમમાં ભાગ લીધો હોવા છતાં તે ઓસ્ટ્રેલિયન ઓપનની ક્વાર્ટર ફાઈનલમાં પરાસ્ત થયેલી એશ્લે બાર્ટી કરતાં પાછળ છે.

## કતારમાં બિકિની ઉપર પ્રતિબંધ, જર્મનીની વોલીબોલ ખેલાડીઓએ બહિષ્કાર કર્યો

કતાર : જર્મનીની બીચ વોલીબોલ સ્ટાર કાર્લા બોર્ગર તથા જૂલિયા સ્યૂડે કતાર ખાતે આગામી મહિને યોજાનારી બીચ વોલીબોલ ટૂર્નામેન્ટનો બહિષ્કાર કરવાનો નિર્ણય કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે કતાર જ એકલો એવો દેશ છે જ્યાં ખેલાડીઓને કોર્ટ ઉપર બિકિની પહેરવા ઉપર પ્રતિબંધ જર્મનીની બીચ વોલીબોલ સ્ટાર કાર્લા બોર્ગર તથા જૂલિયા સ્યૂડે કતાર ખાતે આગામી મહિને યોજાનારી બીચ વોલીબોલ ટૂર્નામેન્ટનો બહિષ્કાર કરવાનો નિર્ણય કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે કતાર જ એકલો એવો દેશ છે જ્યાં ખેલાડીઓને કોર્ટ ઉપર બિકિની પહેરવા ઉપર પ્રતિબંધ છે.

## ગોલ્ફર ટાઈગર વુડ્‌સ કાર અકસ્માતમાં ઘાયલ થયોઃ પગમાં અનેક જગ્યાએ ફ્રેક્ચર

નવી દિલ્હી : દુનિયાના જાણીતા ગોલ્ફર ટાઈગર વુડ્‌સ મંગળવારે એક કાર અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયા છે. તેમના એજન્ટથી મળેલી જાણકારી મુજબ, ટાઈગર વુડ્‌સના પગમાં અનેક ફ્રેક્ચર થયા છે. આ કાર દુર્ઘટના લોસ એન્જેલસમાં થઈ, જ્યાં વુડ્‌સ પોતાની કાર રોલરોવરને ડ્રાઈવ કરી રહ્યા હતા. લોસ એન્જેલસ કાઉન્ટી શેરિફ ડિપાર્ટમેન્ટે જણાવ્યું કે અકસ્માત બાદ વુડ્‌સને આ કારમાંથી બહાર કાઢવામાં ઘણી મહેનત કરવી પડી. આ દુર્ઘટના ખૂબ ભયાનક હતી. ટાઈગર વુડ્‌સને ઘણી ઈજાઓ થતાં તેમને તાત્કાલિક હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા. હૉસ્પિટલમાં તેમની સર્જરી થઈ. આ દુર્ઘટનામાં



તેમની કાર પણ ખૂબ જ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ છે. વુડ્‌સની કાર અકસ્માત સ્થળે જોઈ શકાય છે કે તેમની કારનો આગળનો હિસ્સો ક્ષતિગ્રસ્ત થઈ ગયો છે. એરબેગ ખુલેલી જોવા મળી રહી છે. બીજી તરફ કારનો કાટમાળ એક ૫ હાડી પર રસ્તા કિનારાથી દૂર જોવા મળી રહ્યો છે. તેઓ એકલા આ કારમાં ડ્રાઈવ કરી રહ્યા હતા.

# કોરોના: બ્રિટનમાં ફ્લાઈટ્સ ઉપર ૧૭ મે સુધી પ્રતિબંધ

લંડન : વિશ્વમાં કોરોનાના કેસમાં ફરી એક વખત ઉછાળો જોવા મળી રહ્યો છે. બ્રિટન, અમેરિકા, ફ્રાન્સ અને અન્ય દેશોમાં ધીમે ધીમે કોરોનાના નવા કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. આ પગલે વિવિધ દેશો દ્વારા નવા પ્રતિબંધો મૂકવામાં આવી રહ્યા છે. કોરોનાના કારણે આકરા લોકડાઉન હેઠળ રહેલા બ્રિટને તાજેતરમાં જણાવ્યું હતું કે, બ્રિટનમાં બિનજરૂરી વિદેશી ફ્લાઈટ્સને ૧૭ મે સુધી પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. કારણ વગર કોઈપણ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સને બ્રિટનમાં આવવા કે ત્યાંથી જવા દેવામાં આવશે નહીં. જોનસને એવું પણ જણાવ્યું હતું કે, બ્રિટનમાં જૂન સુધી સ્થિતિ સામાન્ય થાય તેવા કોઈ વરતારા નથી. જ્યારે ન્યુઝીલેન્ડમાં લાંબા સમયથી અમલી લોકડાઉનને સમાપ્ત કરવામાં આવી રહ્યું છે, ઓકલેન્ડમાં કોરોના સંક્રમણનાં નવા કેસ આવ્યા બાદ અહીં ત્રણ દિવસનું લોકડાઉન લગાવી દેવામાં આવ્યું હતું, ન્યુઝીલેન્ડમાં વેક્સિન લગાવવાનું કામ શરૂ થઈ ગયું છે.

ઉલ્લેખનીય છે કે, વિશ્વમાં કોરોનાના કેસ વધીને ૧૧.૨૬ કરોડ થઈ ગયા છે. અત્યાર સુધીમાં કોરોનાના કારણે સમગ્ર વિશ્વમાં કુલ ૨૪.૯૫ લાખ લોકોનાં મોત થયા છે. તે ઉપરાંત ૮.૮૨ કરોડ લોકો કોરોનાથી સાજા થયા છે.

## કોરોનાથી એકલતા અને આપઘાત રોકવા જાપાને નવું મંત્રાલય બનાવ્યું

કોરોનાએ દરેક લોકોના જીવનને પ્રભાવિત કર્યું છે. કરોડો લોકોએ જીવ ગુમાવ્યો છે, તો કરોડો લોકો બેરોજગાર પણ થયા છે. મોટી સંખ્યામાં લોકો ડિપ્રેશનનો શિકાર પણ બન્યા છે. લોકોને ઘણી બધી મુશ્કેલોનો સામનો કરવાનો વારો આવ્યો છે. કોરોના કાળમાં જાપનની અંદર આપઘાતની ઘટનાઓમાં ઘણો વધારો થયો. જેને કારણ જાપાન સરકારે એક મહત્વનો નિર્ણય કર્યો છે.

## અમેરિકી સરકાર માસ્કનું વિતરણ કરશે

અમેરિકામાં કોરોનાની સ્થિતિ વણસેલી છે ત્યારે બાઈડેન તંત્ર દ્વારા સતત લોકોને જાગ્રત કરવાનું અને સજાગ રહેવાનું સુચવવામાં આવી રહ્યું છે. તાજેતરમાં જ બહાર આવ્યું હતું કે, સરકાર દ્વારા લાખો લોકોને મોટી સંખ્યામાં કપડાંના માસ્કનું વિતરણ કરવામાં આવશે જેથી તેઓ પોતાની જાતને કોરોના વાઈરસથી બચાવી શકે. સૂત્રોના મતે મંગળવારે જ બાઈડેન દ્વારા અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી અને તમામ સમુદાયના લોકોને માસ્ક પહોંચાડવા માટે યોજના બનાવવાના આદેશ આપવામાં આવ્યા હતા. કોરોના વકરતા યુરોપિયન યુનિયનના મહત્ત્વના દેશો દ્વારા સરહદો સીલ કરી દેવાઈ હતી. તાજેતરમાં એવા અહેવાલ છે કે, ઈયુના છ દેશો દ્વારા સરહદો ખોલવા અને અવરજવર શરૂ કરવા માટે સહમતી સાધવામાં આવી છે. અત્યાર સુધીમાં બે વખત આવા પ્રતિબંધ લાગુ થયા હતા અને બે વખત દૂર કરાયા હતા. બેલ્જિયમ, ડેનમાર્ક, ફિનલેન્ડ, જર્મની, હંગેરી અને સ્વીડન દ્વારા પારસ્પરિક સહમતી સાધવામાં આવી છે. બીજી તરફ ફ્રાન્સની સ્થિતિ વણસતી જાય છે. ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના ૩,૪૩૫ નવા કેસ સામે આવ્યા હતા.

# સીરિયામાં રશિયાની ૧૩૦ એરસ્ટ્રાઈક આઈએસના ૨૧ આતંકી ઠાર મરાયા

દમાસ્કસ : રશિયન એરફોર્સે સીરિયામાં અલેપ્પો, હમા અને રક્કામાં આવેલા આઈએસના ઠેકાણાને નિશાન બનાવીને ઉપરા-છાપરી ૧૩૦ એરસ્ટ્રાઈક કરીને તરખાટ મચાવી દીધો હતો.

આ એરસ્ટ્રાઈકમાં આઈએસના ૨૧ આતંકવાદીઓ ઠાર થયા અને અસંખ્ય આતંકવાદીઓ ઈજાગ્રસ્ત બન્યા હતા. ઈઝરાયેલ બાદ રશિયન એરફોર્સ આક્રમક બનતા સીરિયા સ્થિત આતંકવાદી કેમ્પોમાં નાસભાગ મચી ગઈ હતી. સીરિયામાં આઈએસના આતંકવાદીઓએ સરકારના અધિકારીઓને નિશાન બનાવીને થોડા દિવસ પહેલાં આતંકી હુમલો કર્યો હતો, જેમાં આઠ સરકારી અધિકારીઓના મોત થયા હતા.

એ પછી સીરિયન સરકારે રશિયાની મદદ માગી હતી. રશિયન એરફોર્સે છેલ્લાં ૨૪ કલાકમાં એક પછી એક ૧૩૦ એરસ્ટ્રાઈક કરીને તરખાટ મચાવી દીધો હતો. બ્રિટન સ્થિત સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સે દાવો કર્યો હતો કે રશિયન વાયુસેનાએ છેલ્લાં ૨૪ કલાકમાં ૧૩૦ હવાઈ હુમલા કરીને આતંકવાદીઓના કેમ્પોનો ખાતમો બોલાવ્યો છે. ૧૩૦ જેટલી એરસ્ટ્રાઈકમાં ૨૧ આતંકવાદીઓ માર્યા ગયા હતા અને સેંકડો આતંકવાદીઓ ઈજાગ્રસ્ત બન્યા હતા.

# ઈકવાડોરની ૩ જેલમાં કેદીઓ વચ્ચે ગેંગવોર ફાટી નીકળતા ૬૭ના મોત



કવેટો : દક્ષિણ અમેરિકા ખંડના ઈકવાડોર દેશની જેલમાં કેદીઓ વચ્ચે ભયાનક ગેંગવોર થતા ૬૭ કેદીઓના મોત થયા હતા. આ ઘટનામાં ઘાયલ થયેલા સેંકડો કેદીઓને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા છે. નવાઈની વાત તો એ છે કે ગુઆયસ,અજૂઆય અને કોટોપાકસી એમ ત્રણ જેલોમાં એક સાથે બે જૂથના કેદીઓ વચ્ચે ગેંગવોર શરુ થયું હતું. આ ઉપરાંત પોર્ટ સિટી ગણાતા ગુઆયાકિલના કસ્ટડી સેન્ટરમાં ઓછામાં ઓછા ૮ લોકોના મોત થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર કેદીઓ વચ્ચે જેલ સુધારણા કેન્દ્રમાં ફાટી નિકળેલી લડાઈ પછી પરીસ્થિતિ નિયંત્રણમાં છે. એક વોર્ડમાં પુરાયેલા કેદીઓ બીજા વોર્ડમાં જઈને હિંસા પર ઉતરી આવ્યા હતા. આ હિંસાને બહારથી પણ મદદ અને સમર્થન મળેલું હોવાની શકયતા છે. કાનુંન અને ન્યાયતંત્ર ખૂબ સર્તક હોવાથી લેટિન અમેરિકી દેશ ઈકવાડોરની જેલો કેદીઓથી ઉભરાય છે. આથી અગાઉ પણ જેલમાં ગેંગવોર ફાટી નિકળવાની ઘટનાઓ બની હતી. આ હિંસાનો વીડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરસ થયેલો જોવા મળે છે. ઈકવાડોરના રાષ્ટ્રપતિ લેનીન મોરેનોએ આ ઘટનાને ખૂબજ ગંભીરતાથી લીધી છે. ટ્વિટર પર તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ હિંસાને ગુનાખોરી સાથે સંકળાયેલા બે જુથોએ અંજામ આપ્યો છે.

# યુએસના કોલ સેન્ટરમાં લાખો ડોલરનું કૌભાંડ : બે ગુજરાતીઓએ ગુનો કબુલ્યો

- હજારો અમેરિકનોને લાખો ડોલરમાં નવડાવ્યા
- સુમેર પટેલ અને પ્રદીપસિંહ પરમારે અમેરિકનોને ધમકી આપી પૈસા પડાવ્યા હતા

વોશિંગ્ટન : અમેરિકાના હજારો નાગરિકો અને ખાસ તો વરિષ્ઠ નાગરિકોને જ છેતરવા કોલ સેન્ટર કૌભાંડ રોબોકોલ કરી લાખો ડોલરનું કૌભાંડ કરવાની ગુજરાતી મૂળના બે જણાએ કોર્ટમાં કબુલાત કરી હતી, એમ જસ્ટિસ ડીપાર્ટમેન્ટે કહ્યું હતું.

૩૭ વર્ષના સુમેર પટેલ અને ૪૧ વર્ષના પ્રદીપસિંહ પરમારને આ ષડયંત્ર ઘડવા બદલ વધુમાં વધુ ૨૦ વર્ષની સજા થઈ શકે છે. પરમારને ખોટી ઓળખ ઊભી કરવાના ગુના બદલ બે વર્ષની વધારે જેલની સજા ભોગવવી પડશે, એમ એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આ ષડયંત્રનો મુખ્ય સુત્રધાર શેહઝાદ ખાન પઠાણ અમદાવાદથી કોલ સેન્ટર ચલાવતો હતો. ઓટોમેટેડ રોબોકોલ્સ અમેરિકાના નાગરિકોને કરવામાં આવતા અને તેમને ધમકી આપી પૈસા પડાવતા હતા. પઠાણે ૧૫ જાન્યુઆરીએ પોતાના ગુનાની કબુલાત કરી લીધી હતી.

ઓટોમેટેડ કોલ થકી પીડિતનો સંપર્ક કરી આ લોકો અમેરિકન નાગરિકોને ધમકાવતા અને પૈસાને ઈલેકટ્રોનિક મની ટ્રાન્સફર કરાવતા હતા. કોર્ટના દસ્તાવેજો અનુસાર,પરમાર રોબોકોલ ષડયંત્ર વતી પૈસા ઉઘરાવતો હતો. પીડિતો પાર્સલ ડીલીવરી અથવા તો વાયર ટ્રાન્સફર કરાવતા. હતા

# ઓસ્ટ્રેલિયામાં ફેસબુક અને ગૂગલે સમાચારો માટે નાણાં ચૂકવવાં પડશે

મેલબોર્ન : ઓસ્ટ્રેલિયાની સરકારે ગુરુવારે ગૂગલ અને ફેસબુક જેવી વૈશ્વિક ડિજિટલ મીડિયા કંપનીઓને સ્થાનિક સમાચાર કન્ટેન્ટ બદલ ચુકવણી કરવી પડે તે મુજબની જોગવાઈ ધરાવતો કાયદો સંસદમાં પસાર કરી દીધો છે. સમગ્ર વિશ્વ આ ઘટનાક્રમ પર નજર રાખી રહ્યો છે. ઓસ્ટ્રેલિયાની સરકારે પસાર કરેલા નવા મીડિયા કાયદાની જોગવાઈ મુજબ સ્થાનિક સમાચાર કન્ટેન્ટ માટે મીડિયા કંપનીઓ માટે ફરજિયાતપણે નાણાકીય ચુકવણી કરવાની રહેશે. કન્ટેન્ટ પર નાણાકીય ચુકવણીને મુદ્દે સરકાર સાથે વિવાદ સર્જાતાં ફેસબુકે ઓસ્ટ્રેલિયામાં ન્યૂઝ કન્ટેન્ટ બ્લોક કરી દીધું હતું. જોકે અઠવાડિયા પછી ફેસબુકે આ પ્રતિબંધ ઉઠાવી લીધો હતો.

ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન સ્કોટ મોરિસને ન્યૂઝ કન્ટેન્ટ બ્લોક કરવાના પગલાંને નિરાશાજનક અને અહંકારી પગલું ગણાવ્યું હતું. મળતા અહેવાલ મુજબ નવા કાયદાને ન્યૂઝ મીડિયા એન્ડ ડિજિટલ પરફોર્મન્સ મેન્ડેટરી બાર્ગેનિંગ કોડ નામ આપવામાં આવ્યું છે. આ કાયદા હેઠળ ફેસબુક અને ગૂગલ હવે ન્યૂઝ પબ્લિકેશનને નાણાની ચુકવણી કરશે. કાયદો અમલી બન્યાના એક વર્ષની અંદર સરકાર તેની સમીક્ષા કરશે.

# ડ્રગ માફિયા 'અલ ચાપો'ની પત્ની એમ્માની અમેરિકામાં ધરપકડ

વોશિંગ્ટન : મેક્સિકોના ડ્રગ માફિયા અલ ચાપો ગઝમેનના પત્નીની અમેરિકામાં ધરપકડ કરાઈ હતી. તેની પર પતિના કરોડો ડોલરના કાળા કારોબારને ચાલુ રાખવાનો તેમજ ૨૦૧૫માં અલ ચાપોને મેક્સિકોની જેલમાંથી ભાગવામાં મદદ કરવાનો આરોપ હતો. પૂર્વ બ્યુટી ક્વિન એવી ૩૧ વર્ષની એમ્મા કોરોનેલ ઐસપુરોની વર્જીનિયામાં ડુલ્લેસ એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી. તેને આજે વોશિંગ્ટનની ફેડરલ કોર્ટમાં રજૂ કરાઈ હતી.તેની પાસે અમેરિકા અને મેક્સિકો એમ બંને દેશોની રાષ્ટ્રીયતા છે. સિનોલા ડ્રગ કારેટલના લાંબા સમય સુધી વડા રહેલા ગઝમેનને સંડોવતી કરોડો ડોલરના લોહીયાળ કારોબારમાં ઈમ્માની ધરપકડ એક મોટો વણાંક છે. બે વાર મેક્સિકોની જેલમાંથી ભાગી છુટેલા અલ ચાપો દંતકથા સમાન બની ગયો છે. લોકો એવું માનવા લાગ્યા હતા કે ચાપો અને તેના પરિવારને કોઈ સ્પર્શ પણ કરી શકતું નથી. જો કે ૨૦૧૭માં તેને મેક્સિકોમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો અને હાલ તે અમેરિકાની જેલમાં આજીવન કેદની સજા કાપે છે. બે પુત્રીઓની માતા ઈમ્મા પર ડ્રગનો કાળો કારોબાર અને ગેરકાયદે ચાલતા સામ્રાજયને ચલાવવાનો આરોપ મૂકાયો હતો.

# નકલી દવા વેચનારા પૂર્વ એક્ઝિક્યુટિવ અને મૂળ ગુજરાતીને ૪૧ મહિનાની જેલ

- સિતેષ પટેલે વર્કઆઉટ અને વેટલોસ દવા વેચવા સાચા તત્વોને છુપાવ્યા હતા
- જેલની સજા ઉપરાંત ૬૦ લાખ ડોલર જમા કરાવવા પણ આદેશ

વોશિંગ્ટન : લોકપ્રિય વર્કઆઉટ સપ્લીમેન્ટ (દવા)ના સાચા તત્વોને છુપાવી લોકો સાથે છેતરપીંડી કરનાર ગુજરાતી મૂળના ૩૭ વર્ષના પૂર્વ એક્ઝિક્યુટિવ ઓફિસરને એક અમેરિકન અદાલતે ૪૧ મહિનાની જેલની સજા ફટકારી હતી.એસ.કે.લબોરેટરિઝના પૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ સિતેશ પટેલને ટેક્સાસની ફેડરલ કોર્ટે શુક્રવારે સજા ફટકારી હતી, એવી જાહેરાત યુએસ એટર્ની પ્રેરક શાહે કરી હતી. કેસમાં દાખલ કરેલા દસ્તાવેજો અનુસાર, ઈરવિન, કેલિફોર્નિયાના રહેવાસી સિતેશ પટેલે જેકથર્ડ અને ઓક્સીએલિટ પ્રો તરીકે ઓળખાતી વર્ક આઉટ વેટલોસ સપ્લીમેન્ટના ઉત્પાદનમાં મહત્તવની ભૂમિકા ભજવી હતી. આ દવાને ડલ્લાસ સ્થિત યુએસપ્લાબ્સે બજારમાં વેચી હતી. આંતરરાજ્ય વેપારમા ખોટા નામે દવાને બજારમાં મૂકીને ૨૦૧૯માં ગુનાની કબુલાત કરતા પટેલ અને તેમના અન્ય સાથીઓએ કબુલ્યું હતું કે તેમણે કાયદાના સકંજાથી છટકવા અને રેગ્યુલેટરી સત્તા મંડળનંમ ધ્યાન બીજે દોરવા ખોટા અને ગેરમાર્ગે દોરતા લેબલ સાથે દવાઓની આયાત કરી હતી. કાર્યકારી યુએસ એટર્ની પ્રેરક શાહે કહ્યું હતું કે ડાયેટ સપ્લીમેન્ટરીના ઉત્પાદકોને પોતાના ઉત્પાદનમાં બિન ચકાસેલા તત્વોની ભેળસેળ કરવાની અને લોકોને ગેરમાર્ગે દોરવાની છુટ ના આપવી જોઈએ.

## બિટકોઈનમાં ૧૦.૦૦૦ ડોલરનો મસમોટો કડાકો

# મસ્કની સંપત્તિ ૧૫ બિલિયન ડોલર ઘટી

વોશિંગ્ટન : ક્રિપ્ટોકરન્સી બિટકોઈનની કિંમતોમાં ભારે ફુગાવો જોવા મળી રહ્યો છે તેવા ટેસ્લાના સીઈઓ એલન મસ્કના ટ્વિટ બાદ બિટકોઈનની તેજીનો ફુગ્ગો ફૂટી ગયો હતો. ૨૨મી ફેબ્રુઆરીએ ૫૮,૩૩૨.૩૬ અમેરિકન ડોલરની ઓલટાઈમ હાઈ સપાટી પર પહોંચેલી ક્રિપ્ટોકરન્સી બિટકોઈન ૨૩ ફેબ્રુઆરીના રોજ બપોરે ભારતીય સમય પ્રમાણે ૩.૩૦ કલાકે ૧૦,૦૦૦ અમેરિકન ડોલર ગગડીને ૪૮,૦૦૯.૮૦ એટલે કે રૂપિયા ૩૪,૭૫,૮૮૫.૫૨ની સપાટી પર ટ્રેડ કરી રહી હતી. છેલ્લા ૨૪ કલાકમાં બિટકોઈનની કિંમત ૪૭,૭૮૦.૭૫ ડોલરની સૌથી નીચી સપાટી પર ગગડી ગઈ હતી આમ ૨૪ કલાકમાં બિટકોઈનની કિંમતમાં ૮.૪૭ ટકા જેવો તોતિંગ ઘટાડો જોવા મળ્યો હતો.

ક્રિપ્ટોકરન્સીના માર્કેટમાં ફક્ત બિટકોઈન જ નહીં પરંતુ અન્ય કરન્સીના ભાવ પણ ૧૧ ટકા સુધી ગગડી ગયાં હતાં. મંગળવારે સવારે ૮.૫૯ કલાકની કિંમતો પ્રમાણે ઈથેરિયમના ભાવમાં ૧૧.૨ ટકા, સ્ટેલરમાં ૯.૨૨ ટકા, કાર્ડાનોમાં ૨.૩૫ ટકા અને ચેઈનલિન્કમાં ૧૦.૯૪ ટકાનો કડાકો બોલી ગયો હતો. ફક્ત એક્સઆરપી કરન્સીમાં ૧.૭૫ ટકાનો ઉછાળો જોવાયો હતો. મિમ બેઝડ ક્રિપ્ટોકરન્સી ડોજીકોઈન સવારે ૯ કલાકે છેલ્લા ૨૪ કલાકમાં ૯.૩૩ ટકા ગગડી ગઈ હતી. એલન મસ્કે તેના પુત્ર માટે ડોજીકોઈનની પણ ખરીદી કરી હતી.

## એલન મસ્કે અમીરનો ખિતાબ ગુમાવી દીધો, જેફ બેજોસ ફરી નંબર ૧ પર



ટેસ્લાના શેરોમાં બોલેલા કડાકાને પગલે બ્લુમબર્ગ બિલયોનર્સ ઇન્ડેક્સમાં એલન મસ્કે ફરી એકવાર વિશ્વના સૌથી અમીરનો ખિતાબ ગુમાવી દીધો હતો. મસ્કની કુલ સંપત્તિ ઘટીને ૧૮૩.૪ બિલિયન ડોલર પર આવી ગઈ હતી. એમેઝોનના સ્થાપક જેફ બેજોસ સંપત્તિમાં ૩.૭ બિલિયન ડોલરના ઘટાડા છતાં ૧૮૬.૩ બિલિયન ડોલર સાથે ફરી વિશ્વમાં નંબર વનની પોઝિશન પર આવી ગયા હતા.

## એલન મસ્કની એક ટ્વિટથી ટેસ્લાના શેરોમાં ૮.૬ ટકાનો કડાકો

બિટકોઇન પરની ટિપ્પણી બાદ એલન મસ્કની કંપની ટેસ્લાના શેરોમાં સોમવારે કારોબાર દરમિયાન ૮.૬ ટકાનો કડાકો બોલી જતાં મસ્કની સંપત્તિમાં ૧૫.૨ બિલિયન ડોલરનો ઘટાડો થયો હતો. મસ્કે સોમવારે સવારે એવું પણ ટ્વિટ કર્યું હતું કે, ટેસ્લાની મોડેલ વાય સ્ટાન્ડર્ડ રેન્જની એસયુવી હાલ બજારમાં મુકાશે નહીં. ટ્વિટની અસર પણ ટેસ્લાના શેરો પર ઔથઈ હતી.

# મ્યાંમારઃ બળવા વિરોધી દેખાવકારો પર પોલીસનું ફાયરિંગ, બેનાં મોત

- સુરક્ષા દળોએ ટીયર ગેસ અને વોટર કેનનો ઉપયોગ કર્યો, અનેક ઘાયલ

મંડાલે : મ્યાંમારની બીજા ક્રમના સૌથી મોટા શહેર મંડાલેમાં બળવા વિરોધી પ્રદર્શનકારીઓએ આજે ફરી રસ્તા પર દેખાવ યોજતા રમખાણ નિયંત્રણ પોલીસે ગોળીબાર કર્યો હતો જેમાં બે જણા માર્યા ગયા હતા.

માર્યા ગયેલાઓ પૈકીના એકને માથામાં ગોળી વાગતા તે ઘટના સ્થળે જ ગુજરી ગયો હતો જ્યારે બીજાને છાતીમાં ગોળી વાગતા હોસ્પિટલમાં લઈ જતી વખતે ગુજરી ગયો હતો, એમ સ્થાનિક માધ્યમોમાં જણાવવામાં આવ્યું હતું. આગઉ પોલીસ ગોળાબારમાં એક મહિલા ગુજરી જતાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. બે જણાના મોત ઉપરાંત અન્ય કેટલા લોકોના ઘાયલ થવાના પણ સમાચાર મળ્યા હતા. સુરક્ષા દળો અને પોલીસ દેખાવકારોને દબાવવા વધુ કુમક તૈનાત કરી રહ્યા હતા. દેખાવકારોને વિખેરવા તેમણે પાણી મારો કર્યો હતો અને ટીયર ગેસ છોડયા હતા. લોકો ઉપરાંત આજે બંદરના કામદારો પણ પ્રદર્શનમાં જોડાયા હતા. પરિણામે પોલીસે તેમને સામે પણ બળ પ્રયોગ કર્યો હતો અને રબર બુલેટનો ઉપયોગ કર્યો હતો.

## અમેરિકામાં ૨૪૧ પ્રવાસી સાથેના વિમાનના એન્જિનમાં આગ







ડેનવર : અમેરિકામાં ૨૩૧ પ્રવાસીઓ અને ૧૦ ક્રૂ મેમ્બર્સને લઈને ડેનવરથી ઉડાન ભરનારી ફ્લાઈટના એન્જિનમાં આગ લાગતાં મુસાફરોના જીવ તાળવે ચોંટયા હતા. આકાશમાં ઊંચાઈએ પહોંચેલા વિમાનના એક તરફનું એન્જિન સળગવા માંડયું હતુ અને તેનો કાટમાળ નીચે આવેલા રહેણાંક વિસ્તારમાં પડવા લાગ્યો હતો. જોકે રાહતની વાત એ રહી કે, આ ઘટનામાં કોઈને જાનહાનિ થઈ નહતી. આવી ભયાનક સ્થિતિમાં પાઈલટે કુશળતા દર્શાવતા વિમાનને ડેનવરમાં જ સલામત લેન્ડ કરાવ્યું હતુ.


MOTEL FOR SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2020 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...

Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING:Specializing in Selling Motels: LIST & SELL with confidence

18 Room Motel Near Pembroke/1.5 Hrs from Ottawa
18 Room Motel With 3 Br house for Owner Located In Eganville Near Pembroke. Seller Had Spent Over 150K In Last 5 Years On Room Renovations. No Competition, the Only Motel In Town. Since last 2 years Operating With 70% To 100% Occupancy. Currently All 18 Rooms Are Occupied by Monthly Customers. Regular Income, Easy Operation & Low Operating Costs.Small VTB available. **Asking Price: $925,000**

15 Room Motel Hwy 402, near London/Sarnia
**SOLD IN JANUARY 2021**

12 Room Motel Hwy 17, near North Bay / Sudbury
**SOLD IN JANUARY 2021**

42 Room Motel North of Timmins
In-door Corridor, all city services, potential to covert to franchise, Year round business
**Asking Price: $1,300,000**

10 Room Motel Near Welland / St.Cathrines
30 min to Niagara/Buffalo. With 3 BR house.
100% occupancy, all rooms given on monthly basis.
Easy one man operation.
**Asking Price: $849,000 SOLD CONDITIONAL**

Quality Inn & Suites - $4,500,000

30+ Room Motel Nr Sault Ste. Marie
Seller willing to hold mortgage at 35% down
**Asking Price: $2,000,000**

27 Room Motel Near Thunder Bay Airport
Well maintained rooms & huge house. Within the city on prime intersection, year round business + additional income from 2 Commercial tenants Price reduced. VTB available. **Asking Price: $1,999,000**

Franchise Hotels & Motels for Sale
Asking Price: $3M to $11M, Call for more info

Other Motels For Sale Principal Buyers to Sign Buyer Representation Agreement on Particular Motels
(1) 60+ Room in Northern Ontario (2) Motel & Cottages near Tobermory / Wasaga beach (3) Motels in Niagara Falls
(4) Other 30 Room to 50 Room Motels -$3.5M to $5M (5) Other 10 Room to 30 Room - $1M to $3M
(6) Other small and medium size motels coming up for sale in **Spring 2021 EXCLUSIVE Listings with me**

Looking for Experienced Motel Operator
Willing to relocate in northern ON. Must have a knowledge of Computer & English (opportunity to be a **Working Partner** with small investment)

NOTE: Buyers to sign Representation Agreement on particular motels to get additional & financial information. About 40% down payment required to get a bank loan
Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100,


Dr. Salim Kapadia DDS
Dental Centre
SK
Dr. Salim Kapadia Dental Centre
SCARBOROUGH MIRROR
2020
readers' choice
Awards
PLATINUM
Your Perfect Smile...
Is Our Greatest Satisfaction!
SERVICES
Smile Makeover
Laser Teeth Whitening
Dental Implants - Start to Finish
Single Visit Root Canal
Re-treatment of Failing Root Canal
Surgical Wisdom Teeth Extraction
Scaling & Root Planing
White Tooth Colored Filling
Implant Retained Dentures
Complete & Partial Dentures
Lumineers & Veneers
Crown & Bridges(Zirconia & E.max)
1825 Markham Rd, Suite 102
Scarborough, ON M1B 4Z9
drsalimkapadiadental.com
416-321-3268


VICTORIA SUPERMARKET
FEBRUARY 26 - 05 MARCH COUPON FLYER
OPEN EVERYDAY FROM 9AM-10PM, 1400 VICTORIA PARK AVE, TORONTO WWW.VICTORIASUPERMARKET.CA
ORANGES REGULAR $1.49 BUY ONLINE .99 LB
GALA APPLES REGULAR $1.29 BUY ONLINE .99 LB
YELLOW ONIONS 10 LB REGULAR $4.99 BUY ONLINE 3.99 EACH
CABBAGE REGULAR $0.99 BUY ONLINE .49 LB
POTATO BAG 10 LB REGULAR $3.99 BUY ONLINE 2.79 EACH
CAPRI 3L CANOLA OIL REGULAR $6.99 BUY ONLINE 4.89 EACH
CEDAR BAKERY PITA BREAD 5 PACK REGULAR $1.49 BUY ONLINE .69 EACH
ASSORTED SURATI SNACKS REGULAR $2.99 BUY ONLINE 1.79 EACH
JABSON CHIKKI REGULAR $4.99 BUY ONLINE 1.99 EACH
ASSORTED EBM BISCUITS BUY 3 GET 1 FREE BUY ONLINE .99 EACH
REGAL PUFF PASTRY TWISTS/DELIGHT REGULAR $4.49 BUY ONLINE 2.99 EACH
GOLDEN 10 LB TEMPLE ATTA REGULAR $11.99 BUY ONLINE 9.99 EACH
PRAN 400G PUFFED RICE REGULAR $3.99 BUY ONLINE 2.99 EACH
SHAN ASSORTED 50 G SPICES REGULAR $1.79 BUY ONLINE 1.29 EACH
RANI BESAN 2 LB REGULAR $4.99 BUY ONLINE 1.99 EACH
RANI BLACK EYE PEAS 4 LB REGULAR $5.99 BUY ONLINE 3.99 EACH
RANI BLACK CHICKPEAS 8 LB REGULAR $11.99 BUY ONLINE 8.99 EACH
RANI PISTACHIO NO SHELL REGULAR $6.99 BUY ONLINE 3.99 EACH
RANI 10 LB PREMIUM BASMATI RICE REGULAR $9.99 BUY ONLINE 7.99 EACH
ALL ASSORTED PRAN PITHA REGULAR $3.99 BUY ONLINE 2.49 EACH
LAZEEZ PLAIN / GARLIC NAAN BUY 1 GET 1 FREE BUY ONLINE 2.49 EACH
AG FOOD PARATHA 30 PACK REGULAR $6.99 BUY ONLINE 4.99 EACH
LAZEEZ PLAIN, ONION WHOLE WHEAT, 5 PACK PARATHA BUY 2 GET 1 FREE BUY ONLINE 1.99 EACH
LAZEEZ SAMOSAS OR SPRINGROLLS BUY 1 GET 1 FREE BUY ONLINE 2.99 EACH
TOPPER NON-STICK FRYING PAN ASSORTED SIZES BUY ONLINE 14.99 EACH
BETTY CROCKER POPCORN MAKER REGULAR $14.99 BUY ONLINE 9.99 EACH
SILVER POMFRET 300G REGULAR $7.99 BUY ONLINE 5.49 EACH
GOLDEN POMPANO REGULAR $4.99 BUY ONLINE 2.99 LB
ROHU 3 KG & UP REGULAR $3.49 BUY ONLINE 2.49 LB
CHICKEN LEG (AS IS) REGULAR $1.49 BUY ONLINE .99 LB
HARD CHICKEN LARGE REGULAR $13.00 BUY ONLINE 10.00 EACH
BEEF WITH BONE REGULAR $3.99 BUY ONLINE 3.49 LB
BEEF BONELESS REGULAR $5.99 BUY ONLINE 4.99 LB
GOAT SHOULDER REGULAR $8.99 BUY ONLINE 6.99 LB
LAMB SHANK REGULAR $6.99 BUY ONLINE 4.99 LB
SOME CONDITIONS MAY APPLY
ORDER ONLINE. FREE DELIVERY.
BUY ONLINE OR VISIT US IN STORE
HALAL MEAT
WE CLEAN YOUR IN HOUSE FISH FOR .50/LB AT THE FISH CORNER